# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

22 DECEMBER-2025 MONDAY | Vol. : 17 | Issue : 171 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
ધીસ ઇઝ ન્યૂઝીલેન્ડ, નોટ ઈન્ડિયા...!:ઓકલેન્ડમાં શીખ સમુદાયના નગર કીર્તનનો વિરોધ, સ્થાનિક...

4 
એકબીજાને ગળે વળગીને ઇયળ-અળશિયાંના મોતે મરવું છે કે પછી

6 
ટી20 વર્લ્ડકપ 2026માંથી શુભમન ગિલને કેમ પડતો મુકાયો, જાણો ટીમ ઈન્ડિયાના સિલેક્શનની ઈન્સાઈડ સ્ટોરી

7 
AI ક્ષેત્રે તેજી વચ્ચે ડેટા સેન્ટર ડીલમાં વધારો, રોકાણ 61 અબજ ડોલરને પાર


# આસામમાં કોંગ્રેસે બાંગ્લાદેશી ઘુસણખોરોને વસાવ્યા : મોદી

## તેમને બચાવી પણ રહી છે, માટે SIRનો વિરોધ; ડિબ્રુગઢમાં યુરિયા પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું









**ડિબ્રુગઢ, તા.21**

PM નરેન્દ્ર મોદીની આસામની મુલાકાતનો આજે બીજો દિવસ છે. તેમની મુલાકાત દરમિયાન, મોદીએ ડિબ્રુગઢમાં એક નવા એમોનિયા-યુરિયા પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું, જેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 12.7 લાખ ટન છે. આ યુનિટ 2030 સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે.

PM મોદીએ કહ્યું કે પહેલા ખેડૂતોને ખાતર માટે લાઠીચાર્જ સહન કરવો પડતો હતો. કોંગ્રેસ તે સમયે જે કામ કરવાનું હતું તે કરવામાં નિષ્ફળ ગઈ. તેથી જ મારે એક્સ્ટ્રા મહેનત કરવી પડી રહી છે.

તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ બાંગ્લાદેશી ઘુસણખોરોને વસાવ્યા હતા અને તેમને રક્ષણ આપી રહી હતી. કોંગ્રેસ પાર્ટી જ SIRનો વિરોધ કરી રહી હતી. આપણે આસામને તુષ્ટિકરણ અને વોટ બેંક રાજકારણના આ પ્રકોપથી બચાવવું જોઈએ. હું તમને ખાતરી આપું છું કે ભાજપ આસામની ઓળખ અને સન્માનનું રક્ષણ કરવા માટે મક્કમ રહેશે.

આ પહેલા, પીએમએ ગુવાહાટીમાં બ્રહ્મપુત્ર નદી પર ક્રૂઝમાં 25 બાળકો સાથે લગભગ 45 મિનિટ સુધી પરીક્ષા પે ચર્ચા પણ કરી હતી. મોદીએ નામરૂપમાં બ્રહ્મપુત્ર વેલી ફર્ટિલાઇઝર કોર્પ લિમિટેડ (BVFCL)ના હાલના પરિસરમાં એક નવા ખાતર પ્લાનટનો શિલાન્યાસ કર્યો.

પીએમ મોદીએ પરીક્ષા પે ચર્ચા પછી શહીદ સ્મારકની મુલાકાત લીધી, જ્યાં તેમણે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે 1985ના આસામ આંદોલનના શહીદોને શ્રદ્ધાંજલિ આપી. વડાપ્રધાને આંદોલનના પ્રથમ શહીદ ખડગેશ્વર તાલુકદારની પ્રતિમાને હાર પહેરાવ્યો. 6 વર્ષ લાંબા આંદોલનના 860 શહીદોની યાદમાં અહીં હંમેશા દીવો પ્રગટી રહ્યો છે.

170 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા આ સ્મારકમાં પાણીની ટાંકી, ઓડિટોરિયમ, પ્રાર્થના ખંડ, સાયકલ ટ્રેક અને સાઉન્ડ એન્ડ લાઈટ શો જેવી સુવિધાઓ છે, જે આસામ આંદોલન અને રાજ્યના ઈતિહાસના વિવિધ પાસાઓને પ્રકાશીત કરશે.

આપણો ધ્યેય આસામને સદીઓ પહેલા અહોમ રાજવંશ દરમિયાન જેટલું શક્તિશાળી હતું તેટલું શક્તિશાળી બનાવવાનો છે.

આપણા ખેડૂતોને ખાતરનો પુરવઠો મળતો રહેવો જોઈએ. ડિબ્રુગઢમાં આ ખાતર પ્લાન્ટ ખેડૂતોની જરૂરિયાતો પૂરી કરશે. આમાં 11 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.

જ્યારે દેશના ઘણા ભાગોમાં ખાતરનો પુરવઠો એક પડકાર બની ગયો અને જૂની ટેકનોલોજી ખતમ થઈ રહી હતી, ત્યારે તત્કાલીન કોંગ્રેસ સરકારે તેના પર કોઈ ધ્યાન આપ્યું નહીં.

કોંગ્રેસ કૃષિ ક્ષેત્રે વધતી જતી સમસ્યાઓનો ઉકેલ લાવવામાં નિષ્ફળ ગઈ. તે પોતાની મસ્તીમાં જ રહી. આજે, અમારી સરકાર તે સમસ્યાઓ દૂર કરવા માટે કામ કરી રહી છે. અમે યુરિયા 3 હજાર રૂપિયામાં ખરીદીએ છીએ, પણ તેને અમારા ખેડૂત ભાઈઓને 300 રૂપિયામાં આપીએ છીએ. અમે આ બધો બોજ ખેડૂતો પર પડવા દેતા નથી. સરકાર આ બધો બોજ ઉઠાવે છે જેથી તે ખેડૂતો પર ન પડે.

તો તમારે મને મદદ કરવી પડશે. જો આપણે ધરતીને બચાવીશું નહીં તો તેમાં ગમે તેટલો યુરિયા નાંખીએ, ધરતી માતા આપણને બચાવશે નહીં. આપણે તેને વધારાના યુરિયાથી બચાવવી પડશે.

મોદીની મુલાકાતને ધ્યાનમાં રાખીને શનિવારથી બ્રહ્મપુત્ર નદી પર ફેરી સેવાઓ બે દિવસ માટે સ્થગિત કરવામાં આવી છે. પરીક્ષા પે ચર્ચા પહેલા સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. સવારથી જ નદી પોલીસ, NDRF અને SDRFના જવાનો પેટ્રોલિંગ કરતા જોવા મળ્યા હતા.

ઈવેન્ટમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને કામરૂપ મેટ્રોપોલિટન, મોરીગાંવ, ડિબ્રુગઢ, કચર, શ્રીભૂમિ, બક્સા, દિમા હસાઓ, કોકરાઝાર, ગોલાઘાટ, કાર્બી આંગલોંગ અને નલબારી જિલ્લાની શાળાઓમાંથી પસંદ કરવામાં આવ્યા હતા.

આ પ્રોજેક્ટથી ખેડૂતોને ફાયદો થશે, યુરિયાની આયાત ઘટશે, રોજગાર વધશે અને પ્રદેશની અર્થવ્યવસ્થા મજબૂત થશે.

માર્ચમાં કેબિનેટે નામરૂપમાં આસામ વેલી ફર્ટિલાઇઝર એન્ડ કેમિકલ કંપની લિમિટેડ (AVFCCL) યુનિટને મંજૂરી આપી, જેનો ઉદ્દેશ્ય પૂર્વોત્તરમાં યુરિયા ઉત્પાદન વધારવાનો છે.

બજેટમાં 12.7 લાખ ટન ક્ષમતાવાળા નવા યુરિયા પ્લાન્ટની જાહેરાત થઈ; BVFCL પૂર્વ ભારતમાં એકમાત્ર સરકારી યુરિયા પ્લાન્ટ છે.

વડાપ્રધાને ગુવાહાટીમાં આસામ પ્રવાસના પહેલા દિવસે રાજ્યના પ્રથમ સીએમ રહેલા લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈની પ્રતિમાનું અનાવરણ કર્યું. આ પછી તેમણે એક જનસભાને સંબોધતા કહ્યું હતું કે થોડા સમય પહેલા ગોપીનાથની પ્રતિમાનું ઉદ્ઘાટન કરવાનો મોકો મળ્યો. તેઓ આસામનું ગૌરવ, ઓળખ, ભવિષ્ય હતા. તેમણે ક્યારેય સમાધાન કર્યું નહીં.

આસામ પહેલા શનિવારે પીએમ મોદી કોલકાતા પણ પહોંચ્યા હતા. અહીં તેમણે એરપોર્ટથી નદિયા જિલ્લાના રાણાઘાટમાં આયોજિત કાર્યક્રમને ફોનથી વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું. મોદીએ કહ્યું- એવું નથી કે બંગાળના વિકાસ માટે પૈસાની કમી છે, પરંતુ અહીંની સરકાર માત્ર કટ અને કમિશનમાં જ વ્યસ્ત રહે છે.

# રક્ષા મંત્રાલયમાં પોસ્ટેડ લેફ્ટનન્ટ કર્નલ લાંચ લેતા પકડાયા : CBIએ 2.36 કરોડ રોકડ, વાંધાજનક સામગ્રી જપ્ત કરી....

**નવી દિલ્હી, તા.21**

કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI) એ શનિવારે રક્ષા મંત્રાલયમાં પોસ્ટ કરાયેલા આર્મી ઓફિસરને લાંચ લેવાના આરોપમાં ધરપકડ કરી છે. ઉત્પાદન વિભાગમાં તૈનાત લેફ્ટનન્ટ કર્નલ દીપક કુમાર શર્મા પર બેંગલુરુની એક કંપની પાસેથી 3 લાખની લાંચ લેવાનો આરોપ છે.




CBI એ શર્માના ઘરેથી 2.36 કરોડ રૂપિયા પણ જપ્ત કર્યા છે. CBI એ શર્માની પત્ની કર્નલ કાજલ બાલી વિરુદ્ધ પણ કેસ નોંધ્યો હતો. તપાસ દરમિયાન કાજલના ઘરેથી 10 લાખ રૂપિયા પણ મળી આવ્યા છે.

કાજલ, ડિવિઝન ઓર્ડનન્સ યુનિટ (DOU) શ્રીગંગાનગર (રાજસ્થાન) માં કમાન્ડિંગ ઓફિસર છે. આ મામલે વચેટિયા વિનોદ કુમારની પણ ધરપકડ કરવામાં આવી છે. બંને 23 ડિસેમ્બર સુધી CBIની કસ્ટડીમાં રહેશે.

આ કેસ 19 ડિસેમ્બરે મળેલી માહિતીના આધારે નોંધવામાં આવ્યો હતો. CBI અનુસાર, લેફ્ટનન્ટ કર્નલ સંરક્ષણ ઉત્પાદનોના નિર્માણ અને નિકાસ સાથે સંકળાયેલી ખાનગી કંપનીઓ સાથે મળીને તેમને ફાયદો પહોંચાડવાનું કાવતરું રચતા હતા.

CBI ને બેંગલુરુની એક કંપની પાસેથી સંભવિત લાંચની ચુકવણી વિશે માહિતી મળી હતી. રાજીવ યાદવ અને રવજીત સિંહ નામના વ્યક્તિઓ તે કંપનીના મામલાઓ સંભાળી રહ્યા હતા.

બંને શર્મા સાથે સતત સંપર્કમાં હતા. બંને કંપની માટે ઘણા સરકારી વિભાગો અને મંત્રાલયો પાસેથી ગેરકાયદેસર લાભ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

પકડાયેલા બીજા આરોપી વિનોદ કુમારે બેંગલુરુની આ કંપનીના કહેવા પર 18 ડિસેમ્બરે દીપક કુમાર શર્માને 3 લાખ રૂપિયાની લાંચ આપી.

તપાસ એજન્સીનો દાવો છે કે આ કંપની દુબઈની છે અને રાજીવ યાદવ અને રવજીત સિંહ ભારતમાં તેનું સંચાલન કરતા હતા.

માહિતી મળતા તપાસ એજન્સીએ શ્રીગંગાનગર, બેંગલુરુ, જમ્મુ સહિત અનેક સ્થળોએ તલાશી લીધી. દિલ્હીમાં લેફ્ટનન્ટ કર્નલ શર્માના ઘરે તલાશી દરમિયાન 3 લાખ રૂપિયા, 2.23 કરોડ રૂપિયા રોકડા અને અન્ય વાંધાજનક સામગ્રી જપ્ત કરવામાં આવી. અધિકારીઓએ શ્રીગંગાનગરમાં તેમની પત્નીના ઘરેથી પણ 10 લાખ રૂપિયા રોકડા જપ્ત કર્યા છે.

# રામદેવને પત્રકારે ઊંચકીને નીચે પટક્યા : બાબાના કોઈ દાવપેચ કામ ન આવ્યા, સ્ટેજ કુસ્તીનો અખાડો બન્યો...

**નવી દિલ્હી, તા.21**

બાબા રામદેવનું નામ સાંભળતા જ દરેક વ્યક્તિના મનમાં એક હટ્ટા-કટ્ટા શરીરવાળા માણસની છબી આપોઆપ આવી જાય છે. યોગના જોરે બાબા રામદેવે લોકોને સ્વસ્થ રહેતા શીખવ્યું છે. અવારનવાર બાબા રામદેવ જ્યારે પણ મંચ પર હોય છે, ત્યારે કંઈક એવું કરી બેસે છે કે ન ઈચ્છવા છતાં પણ લોકોનું ધ્યાન તેમના તરફ ખેંચાઈ જાય છે.



ભલભલા આશ્ચર્યમાં પડી ગયા આ વખતે બાબા રામદેવ એક કાર્યક્રમમાં હાજરી આપતી વખતે જોર અજમાવી રહ્યા હતા, પરંતુ આ વખતે બાબા રામદેવ સાથે મામલો થોડો ઉલટો પડી ગયો. જી હા, થયું એવું કે મંચ પર તાકાત બતાવતા બાબા રામદેવ સ્ટેજ પર ચિત્ત થઈ ગયા. બસ પછી શું હતું, જેણે પણ આ નજારો જોયો તે આશ્ચર્યમાં પડી ગયા.

બાબા રામદેવના દાવપેચ કામ ન આવ્યા યોગગુરુ બાબા રામદેવની ફિટનેસ લોકો માટે કોઈ મિસાલથી ઓછી નથી, પરંતુ જ્યારે આટલો તંદુરસ્ત માણસ કોઈ વ્યક્તિ સામે જોર બતાવતા પોતે જ ચિત્ત થઈ જાય, તો કોણ વિચારવા પર મજબૂર ન થાય. હવે યોગગુરુ બાબા રામદેવનો આ વીડિયો ઈન્ટરનેટની દુનિયામાં માત્ર શેર જ નથી થઈ રહ્યો, પરંતુ ખૂબ જ ઝડપથી વાઈરલ પણ થઈ રહ્યો છે. લોકો બાબા રામદેવના આ વીડિયોને શેર કરવાની સાથે રમુજી કોમેન્ટ્સ પણ લખી રહ્યા છે. જોકે, સ્ટેજ પર જોર અજમાવવાનું આ પ્રદર્શન કોઈ પડકારરૂપ નહોતું, પરંતુ ફ્રેન્ડલી જ હતું. તેમ છતાં બાબા રામદેવના ચિત્ત થવા પર કોણ હેરાન નહીં થાય. સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ એક કાર્યક્રમમાં બાબા રામદેવ મંચ પર હાજર સંપાદક સાથે ફ્રેન્ડલી ટક્કર કરવા પહોંચી ગયા. ત્યાં તેમને શું ખબર હતી કે જેને તેઓ સામાન્ય પત્રકાર સમજી રહ્યા છે, તે ઈન્દોરના જૂના પહેલવાન છે. આ દરમિયાન બંનેએ અનેક દાવ લગાવ્યા, પરંતુ બાબા રામદેવના દાવપેચ બહુ કામ ન આવ્યા. જોકે, આ ફ્રેન્ડલી મુકાબલાના અંતે બંને નીચે પડી ગયા અને પછી હસતા-હસતા ઉભા પણ થઈ ગયા. લોકોમાં કુતૂહલ સર્જાયું હવે આ ફ્રેન્ડલી કુસ્તીનો મુકાબલો લોકોમાં કુતૂહલનું કારણ બન્યો છે. બાબા સામે મુકાબલો કરનાર પત્રકાર મધ્ય પ્રદેશના ઈન્દોર શહેરના જયદીપ કર્ણિક છે.




# સુરત પોલીસે આરોપીને દબોચવા મુંબઈના રસ્તાઓ પર રાતો વિતાવી

## 200 માટે પ્લમ્બર ભાઈઓનો યુવક પર જીવલેણ હુમલો, ધરપકડથી બચવા સુરત છોડ્યું, 28 વર્ષે ઝડપાયા

**સુરત, તા.21**

સુરત પોલીસે 28 વર્ષ જૂના એટલે કે વર્ષ 1998માં માત્ર 200 રૂપિયાના ઝઘડામાં યુવક જીવલેણ હુમલાના ગુનામાં ફરાર બે આરોપીઓને મુંબઈથી ઝડપી પાડ્યા છે. આરોપીઓને ઝડપી પાડવા સુરત પોલીસે વેશપલટો કરી મુંબઈના બસ્ટ સ્ટેન્ડ અને ફૂટપાથ પર રાતો વિતાવીને રેકી કરી હતી અને આખરે બંને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.



સુરત પોલીસને બાતમી મળી હતી કે, વર્ષ 1998ના હત્યાના પ્રયાસ અને રાયોટિંગના ગુનામાં સંડોવાયેલા બે આરોપી ભાઈઓ મુંબઈના ગીચ વિસ્તારમાં છૂપાયા છે, પરંતુ કરોડોની વસ્તી ધરાવતા મુંબઈમાં વર્ષોથી વસેલા ગુનેગારોને શોધવા પોલીસ માટે 'ઘાસની ગંજીમાં સોય શોધવા' જેવું કામ હતું. ઉધના સર્વેલન્સ ટીમ જ્યારે મુંબઈ પહોંચી ત્યારે આરોપીઓનું ચોક્કસ લોકેશન મેળવવું અત્યંત પડકારજનક હતું.

પોલીસ ટીમે હાર માનવાને બદલે સતત ફિલ્ડ પર રહેવાનો નિર્ણય કર્યો હતો. આરોપીઓને દબોચવા માટે સુરત પોલીસના જવાનોએ કડકડતી ઠંડી અને ભીડભાડ વચ્ચે મુંબઈના બસ સ્ટેન્ડ અને જાહેર રસ્તાઓ પર રાતો વિતાવી હતી. વેશપલટો કરીને સામાન્ય નાગરિકોની જેમ રસ્તાઓ પર રાતભર વોચ ગોઠવીને પોલીસે આખરે બંને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

વર્ષ 1998માં સુરતના ઉધના વિસ્તારમાં પેટલનગરમાં સંજય કુમાર નિત્યાનંદ નાયક રહેતા હતા. માત્ર 200 રૂપિયા ઉછીના આપ્યા હતા તે પરત મેળવવા બાબતે મામલો બિચક્યો હતો. મહાદેવનગર પાસે આ સામાન્ય રકમ માટે આરોપીઓએ સંજય કુમાર પર જીવલેણ હુમલો કર્યો હતો. સંજય કુમારને એટલી હદે માર માર્યો હતો કે તેને તાત્કાલિક ઈમર્જન્સી વોર્ડમાં દાખલ કરવો પડ્યો હતો. આ ઘટના બાદ આરોપીઓ ધરપકડથી બચવા માટે રાતોરાત સુરત છોડીને ફરાર થઈ ગયા હતા.

ફરાર થયા બાદ બંને આરોપી ભાઈઓ સમીર અને રામુ ભોલાએ પોતાની ઓળખ છૂપાવીને મુંબઈના અલગ અલગ વિસ્તારમાં સ્થાયી થયા અને નોકરી પણ કરવા લાગ્યા હતા. આરોપી સમીર નરહરી ભોલા (ઉ.વ. 47) છેલ્લા 16 વર્ષથી મુંબઈની જાણીતી MICL કંપનીમાં પ્લમ્બર તરીકે નોકરી કરતો હતો. તે મુંબઈ સેન્ટ્રલના તાડદેવ વિસ્તારમાં રહેતો હતો. જ્યારે આરોપી રામુ નરહરી ભોલા (ઉ.વ.45) ગુના સમયે તે માત્ર 17 વર્ષનો કિશોર હતો. તે ચેમ્બુરની RNA કંપનીમાં છેલ્લા 18 વર્ષથી પ્લમ્બર અને હાલમાં ઓફિસ કામમાં જોડાયેલો હતો.

આરોપી રામુ 17 વર્ષની ઉંમરે કાયદાના સંઘર્ષમાં આવીને હુમલો કર્યો હતો. તે આજે 45 વર્ષની વયે પોલીસના સકંજામાં આવ્યો છે. આરોપીઓને એમ હતું કે, ત્રણ દાયકા વીતી ગયા હોવાથી પોલીસ તેમને ક્યારેય શોધી શકશે નહીં. જોકે, સુરત પોલીસના રેકોર્ડમાં તેઓ હજુ પણ ફરાર ગુનેગાર હતા.

# સુરતમાં જીલાની બ્રિજ પાસે લાકડાના 3 ગોડાઉનમાં ભીષણ આગ : દૂર દૂર સુધી ધૂમાડાના ગોટેગોટા દેખાયા

**સુરત, તા.21**

સુરતના જીલાની બ્રિજ નજીક આવેલા લાકડાના ગોડાઉનમાં 20 ડિસેમ્બરની રાત્રે ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. લાકડાનો જથ્થો હોવાને કારણે જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ધૂમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા. ફાયર વિભાગની 15થી વધુ ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મળેવ્યો હતો. જોકે, આ આગની ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.



મળતી માહિતી અનુસાર સુરતના વેડરોડ દરવાજા પાસે એક સાથે લાકડાના ત્રણ ગોડાઉન ભીષણ આગની ચપેટમાં આવી ગયા હતા. આગ એટલી વિકરાળ હતી કે ધૂમાડાના ગોટેગોટ દૂર સુધી દેખાતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની ગંભીરતાને જોતા ફાયર વિભાગની 15 જેટલી ગાડીઓ અને પોલસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક અનુમાન મુજબ, આ આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ફાયર વિભાગે સતત પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે આ મોટી આગમાં કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ લાકડાના ત્રણેય ગોડાઉનમાં રાખેલો માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જેથી મોટા પાયે નુકસાન થયાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હાલ નુકસાનનો ચોક્કસ આંકડો જાણવા માટે તંત્ર દ્વારા તપાસ હાથ ધરી છે.

# બાળકી ગુમ થયાના 11 દિવસે સુરત પોલીસે પોસ્ટર ચોંટાડ્યા! : દિવસો બાદ કાર્યવાહી થતા કામગીરી પર સવાલો ઊઠ્યા

**સુરત, તા.21**

સુરતના સચિન GIDC વિસ્તારમાંથી ગુમ થયેલી 10 વર્ષની બાળકીના કેસમાં પોલીસની ભૂમિકા હવે ગંભીર સવાલોના ઘેરામાં આવી છે. જે કામગીરી બાળકી ગુમ થયાના ગણતરીના કલાકોમાં થવી જોઈતી હતી, તે કરવા માટે સુરત પોલીસને 11 દિવસ જેટલો લાંબો સમય લાગ્યો છે. જ્યારે પોલીસને ખબર છે કે બાળકી જબલપુરમાં છે ત્યારે તેઓ સુરતની ગલીઓમાં પોસ્ટર લગાવીને શું સાબિત કરવા માંગે છે?



સચિન GIDC વિસ્તારના એક શ્રમિક પરિવારની દીકરી છેલ્લા 11 દિવસથી લાપતા છે. કોઈ પણ અપહરણ કે ગુમ થવાના કેસમાં શરૂઆતના 48 કલાક 'ગોલ્ડન અવર્સ' ગણાય છે. આ સમયમાં જો પોસ્ટર, નાકાબંધી અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવામાં આવે તો બાળકીને રાજ્યની સરહદ છોડતા પહેલા પકડી શકાય છે પરંતુ, સચિન GIDC પોલીસે આ 11 દિવસ શું કર્યું?

જોકે, પોલીસ તરફથી જાણવામાં આવ્યું છે કે, બાળકીને શોધવા 1000થી પણ વધુ CCTV ફૂટેજ ચકાસવામાં આવ્યા છે. જબલપુર પોલીસ અને રેલવે પોલીસના સંપર્કમાં છે. પોલીસ જનતાને જાગૃત કરવા પોસ્ટર લગાવી રહી છે. કાયદાકીય પ્રોટોકોલ મુજબ બાળક ગુમ થાય એટલે તુરંત તેના ફોટા જાહેર સ્થળોએ લગાડવા જોઈએ. અહીં પોલીસે 264 કલાકનો વિલંબ કર્યો છે. ટેક્નિકલ તપાસમાં બાળકીનું છેલ્લું લોકેશન જબલપુરમાં ટ્રેસ થયું છે. સુરતથી જબલપુરનું અંતર અંદાજે 1100 કિલોમીટર છે. બાળકી અત્યારે ગુજરાતની સરહદ વટાવીને બીજા રાજ્યમાં પહોંચી ગઈ છે, તે સ્પષ્ટ હોવા છતાં સુરત પોલીસ આજે સચિન GIDC માં પોસ્ટર ચોંટાડી રહી છે ત્યારે સવાલ એ થાય છે કે, જો બાળકી જબલપુરમાં છે, તો સુરતમાં પોસ્ટર લગાવવાથી તે કઈ રીતે મળશે? અને ફોટો સેશન કરવાથી કાર્યવાહી કઈ રીતે થશે?

# વડોદરામાં લાગી દુનિયાની સૌથી મોટી સોલર ડિશ:બે હજાર લોકોની રસોઈ બનશે, 100 ટનનો એસી પ્લાન્ટ પણ ચાલશે, લાઈટ-ગેસ બિલ ઝીરો....

**વડોદરા, તા.21**

વડોદરામાં દુનિયાની સૌથી મોટી સોલર ડીશ સ્થાપિત કરવામાં આવી છે. આ અત્યાધુનિક 500 ચો.મી.ની સોલર ડીશની મદદથી દરરોજ 2 હજાર લોકોની રસોઈ તૈયાર કરી શકાશે અને સાથે જ 100 ટનનો એસી (AC) પ્લાન્ટ પણ ચલાવી શકાશે. આ પ્રોજેક્ટની સૌથી મોટી ખાસિયત એ છે કે તેના ઉપયોગથી ગેસ અને વીજળીના બિલમાં ધરખમ ઘટાડો થશે અને બિલ શૂન્ય થઈ જશે. પર્યાવરણને અનુકૂળ આ ટેક્નોલોજી કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં અને ઉર્જાના ખર્ચને બચાવવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થશે.



સૌર કોન્સન્ટ્રેટર એ એક ઉપકરણ છે જે સૂર્યપ્રકાશના મોટા વિસ્તારને નાના બિંદુ અથવા રેખા પર કેન્દ્રિત કરવા માટે અરીસાઓ અથવા લેન્સનો ઉપયોગ કરે છે, જે તીવ્ર ગરમી ઉત્પન્ન કરે છે જેનો ઉપયોગ વીજળી ઉત્પન્ન કરવા (CSP - કેન્દ્રિત સૌર ઉર્જા) અથવા ઔદ્યોગિક પ્રક્રિયાઓ માટે, અથવા સૌર કૂકરમાં ખોરાક રાંધવા માટે પણ થાય છે, જેમ કે પેરાબોલિક ડીશ અથવા લ્યુમિનેસન્ટ સૌર કોન્સન્ટ્રેટર.

અગાઉ મુની સેવા આશ્રમમાં રોજે રોજ અંદાજે 1000 કિલો લાકડાનો ઉપયોગ થતો હતો, જેના કારણે ખર્ચમાં વધારો થતો હતો અને પર્યાવરણને પણ નુકસાન પહોંચતું હતું. હવે સૌર ડીશ કાર્યરત થતા લાકડાનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ થશે, જેના પરિણામે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે અને પર્યાવરણ વધુ સુરક્ષિત બનશે.

મુની સેવા આશ્રમના ડૉ. વિક્રમભાઈએ જણાવ્યું હતું કે, આ સૌર ડીશ ઓછી જમીનમાં સ્થાપિત કરી શકાય છે, જે હોસ્પિટલ જેવી સંસ્થાઓ માટે અત્યંત અનુકૂળ છે. આ ટેકનોલોજી દ્વારા હોસ્પિટલના અંદાજે 100 ટન ક્ષમતાના એરકન્ડીશન પ્લાન્ટ ચલાવવામાં આવશે. અગાઉ એરકન્ડીશન વીજળી અને ગેસ આધારિત હતા, જ્યારે હવે તે સ્ટીમ આધારિત રહેશે, જેના કારણે કોઈ પણ પ્રકારના ગેસનો ઉપયોગ નહીં થાય અને હવા પ્રદૂષિત નહીં થાય.

આ સ્ટીમ ટેકનોલોજી દ્વારા આશ્રમમાં દરરોજ આશરે 2000 લોકો માટે રસોઈ શક્ય બનશે. ઉપરાંત, હોસ્પિટલમાં જ્યાં જ્યાં સ્ટીમની જરૂરિયાત છે, જેમ કે રસોઈ, લોન્ડ્રી, સ્ટેરિલાઈઝેશન, ગરમ પાણી વગેરે ત્યાં આ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.હાલમાં આશ્રમમાં આવી બે સૌર ડીશ સ્થાપિત કરવામાં આવી છે, જેના કારણે સંસ્થાને લાંબા ગાળે મોટો આર્થિક લાભ મળશે અને ભવિષ્યમાં વધુ સુવિધાઓ વિકસાવી શકાશે.

આ અદ્યતન ટેકનોલોજી લાવનાર દીપક ગઢિયાએ જણાવ્યું હતું કે, આ ટેકનોલોજી મૂળ ઓસ્ટ્રેલિયાથી લેવામાં આવી હતી, પરંતુ હવે તેની સંપૂર્ણ ઉત્પાદન પ્રક્રિયા ભારતમાં જ વિકસાવવામાં આવી છે.

આ સૌર ડીશ સૂર્યના કિરણોને કેન્દ્રિત કરીને ઊંચું તાપમાન ઉત્પન્ન કરે છે, જેના દ્વારા સોલાર બોઈલરમાંથી સ્ટીમ તૈયાર કરવામાં આવે છે. એક ડીશ દ્વારા 100 ટન એરકન્ડીશન ચલાવી શકાય છે. હાલ ગોરજમાં બે ડીશ કાર્યરત હોવાથી કુલ 200 ટન એરકન્ડીશન ક્ષમતા પ્રાપ્ત થઈ છે.

આ ડીશની વિશેષતા એ છે કે, જેમ સૂર્યમુખી ફૂલ સૂર્ય તરફ ફરે છે, તેમ આ ડીશ પણ સૂર્યની દિશામાં બંને તરફ ફરી શકે છે. તેમાં અંદાજે 300 નાના અરીસા લગાવવામાં આવ્યા છે, જે સૂર્યના કિરણોને એક બિંદુ પર કેન્દ્રિત કરીને આશરે 1700 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ઉત્પન્ન કરે છે. આ ડીશની ઊંચાઈ લગભગ સાત માળ જેટલી છે.

સમગ્ર સિસ્ટમ સંપૂર્ણપણે ઓટોમેટિક છે. એક કંટ્રોલ રૂમમાંથી માત્ર સ્થળનું લેટિટ્યુડ અને ખાલી જગ્યા દાખલ કરતાં જ સોફ્ટવેર આપમેળે સૂર્યની ગતિ અનુસાર ડીશને ફેરવે છે અને સ્ટીમનું તાપમાન તથા દબાણ નિયંત્રિત કરે છે. તેજ પવનના સમયે સિસ્ટમ આપમેળે ડીશને રોકી દે છે, જેથી કોઈ નુકસાન ન થાય. આ સિસ્ટમ IBR અપ્રૂવ્ડ છે અને ઓપરેટરને માત્ર દેખરેખ રાખવાની જરૂર પડે છે.

આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે રોટરી ક્લબ ઓફ બોમ્બે પિયર દ્વારા રૂ. 1.6 કરોડની ગ્રાન્ટ આપવામાં આવી છે. મુની સેવા આશ્રમ, રોટરી ક્લબ અને આપાર કેબલ કંપનીના CSR ફંડિંગના સહયોગથી આ ટેકનોલોજી વિકસાવવામાં આવી છે, જે માત્ર આશ્રમ નહીં પરંતુ સમગ્ર દેશ માટે લાભદાયક સાબિત થશે.

### ચૌટા બજારમાં દબાણ કર્યું તો હવે ગુનો દાખલ થશે

# મેયર-પોલીસ કમિશનરની સમજાવટ બાદ પણ ફર્ક નહીં, વેપારીઓને પોલીસ સ્ટેશન બોલાવી છેલ્લી વોર્નિંગ

**સુરત, તા.21**

સુરત શહેરના સૌથી વ્યસ્ત અને ઐતિહાસિક ગણાતા ચૌટા બજારમાં ટ્રાફિક અને દબાણની સમસ્યા હલ કરવા માટે હવે તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. વારંવારની સમજાવટ છતાં પરિસ્થિતિમાં સુધારો ન આવતા, પોલીસ અને મહાનગરપાલિકાએ સંયુક્ત રીતે વેપારીઓને 'છેલ્લી ચેતવણી' આપી દીધી છે.



સુરતના મેયર અને પોલીસ કમિશનર દ્વારા રૂબરૂ મુલાકાત લઈને વેપારીઓને પોતાની દુકાનની બહાર સામાન ન રાખવા અને પાથરણાવાળાઓને વ્યવસ્થિત કરવા સૂચના આપવામાં આવી હતી. જોકે, તંત્રની આ નમ્ર અપીલની વેપારીઓ પર કોઈ ખાસ અસર જોવા મળી નહોતી. રસ્તાઓ સાંકડા થવાને કારણે ગ્રાહકો અને રાહદારીઓને પડતી મુશ્કેલીઓ યથાવત્ રહી હતી. આ પરિસ્થિતિનો કાયમી ઉકેલ લાવવા માટે આજે પોલીસ વિભાગ અને પાલિકાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ચૌટા બજારના વેપારી મંડળ સાથે એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી. આ મીટિંગમાં અધિકારીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, હવેથી રસ્તા પર કોઈપણ પ્રકારનું દબાણ ચલાવી લેવામાં આવશે નહીં. જો કોઈ દુકાનદાર પોતાની હદ બહાર સામાન રાખશે અથવા પાથરણાવાળાઓને પ્રોત્સાહન આપશે, તો તેમની સામે સીધો પોલીસ ગુનો દાખલ કરવામાં આવશે. દબાણના કિસ્સામાં માત્ર દંડ જ નહીં, પરંતુ માલસામાન જપ્ત કરવાની કાર્યવાહી પણ તેજ કરવામાં આવશે.

ચૌટા બજારમાં ખરીદી માટે આવતા હજારો લોકો ટ્રાફિક જામમાં ફસાય છે. પોલીસનું માનવું છે કે જો વેપારીઓ શિસ્ત પાળે, તો આ સમસ્યા 70% સુધી ઓછી થઈ શકે તેમ છે. આ ચેતવણી બાદ હવે આગામી દિવસોમાં પોલીસ અને પાલિકાની ટીમો દ્વારા આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવશે.

વી. આર. મહલોત્રા (ACP) એ જણાવ્યું હતું કે, અઠવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ચૌટા બજાર વિસ્તારના વેપારી લોકોની અઠવા પોલીસ સ્ટેશનમાં મીટિંગ લેવામાં આવી, જેમાં કોર્પોરેશનના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. મુખ્યત્વે ચૌટાની સમસ્યા એ છે કે ત્યાં ટ્રાફિકને અડચણરૂપ થાય એ રીતે વેપારીઓ બહાર ફેરિયા બેસાડે છે અને એમના ડિસ્પ્લે માટેના 6થી 7 ફૂટના દબાણ હોય છે. આ દબાણ દૂર થાય એના માટે પોલીસ કમિશનર અને મેયરે બે દિવસ પહેલા ચૌટા વિસ્તારની મુલાકાત લીધેલી અને તમામ વેપારીઓને અનુરોધ કરેલો કે, બે દિવસની અંદર તમે તમારી રીતે સેલ્ફ-ડિસિપ્લિનથી વ્યવસ્થા ગોઠવો, જેથી પબ્લિકને હેરાનગતિ ન થાય. તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જોને સૂચના આપવામાં આવી કે, આ બાબતે વેપારીઓ સાથે એક મીટિંગ લઈ અને યોગ્ય નિરાકરણ થાય, જેથી વેપારીઓને પણ અગવડ ન પડે અને આમ પબ્લિકને પણ હેરાનગતિ ન થાય. જેના માટે એક મીટિંગનું આયોજન કરવા માટે પોલીસ કમિશનર દ્વારા સૂચન કરવામાં આવેલું, જેના ભાગરૂપે આજે મીટિંગ રાખવામાં આવી હતી. વેપારીઓ સ્વેચ્છાએ સહમત થયા છે કે અમે અમારી રીતે આમ પબ્લિકને હેરાનગતિ ન થાય એ રીતે અમારો વેપાર-ધંધો કરીશું.

એમની બીજી રજૂઆતો એવી હતી કે, એક વેપારી 7-8 ફૂટનું દબાણ રાખે છે, જેથી અમારી દુકાન દેખાતી નથી. એટલે અમારે પણ 7-8 ફૂટનું દબાણ રાખવું પડે છે. એટલે આજે અમે સ્થળ વિઝીટ કરીશું અને આમાં જે વચલો રસ્તો થાય કે આમ પબ્લિકને પણ હેરાનગતિ ના થાય અને વેપારીઓને પણ એમનો ધંધો રોજગાર મળી રહે, એવા વ્યવહારુ અભિગમ દાખવી અને અમે વચલો રસ્તો કાઢવા માટેનો પ્રયત્ન કરીશું. અને આજે એ કર્યા પછી, કાલથી જે કોઈ વેપારીઓ આ નિયમોનો ભંગ કરશે એમના વિરુદ્ધમાં અમે ગુના દાખલ કરીશું.

# વાહનની ટક્કરથી યુવક ઉછળ્યો, શર્ટ ફસાઈ જતા થાંભલામાં ટીંગાયો : પાંચ લોકોએ હાથ પકડી ઉગાર્યો

**વડોદરા, તા.21**

રામ રાખે તેને કોણ ચાખે. આ પંક્તિ વડોદરામાં સાચી ઠરી છે. વડોદરાના નંદેસરી બ્રિજ પર સર્જાયેલા એક વિચિત્ર અકસ્માતમાં 20 વર્ષીય યુવકનો ચમત્કારીક બચાવ થયો છે. બ્રિજ પરથી પસાર થઈ રહેલા મોપેડસવાર યુવકને અજાણ્યા વાહનના ચાલકે ટક્કર મારતા યુવક ઉછળીને બ્રિજની દિવાલ પર પડ્યો હતો. સદનસીબે યુવકનો શર્ટ બ્રિજ પરના વીજપોલમાં ફસાઈ જતા 20 ફૂટ ઊંચા બ્રિજ પર ટીંગાઈ ગયો હતો. આ જ સમયે અન્ય લોકોએ તેનો હાથ પકડીને ઉગારી લીધો હતો. દિલધડક રેસ્ક્યૂનો વીડિયો સામે આવ્યો છે. યુવકને સામાન્ય ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.



આણંદના અડાસ ગામનો 20 વર્ષીય સિદ્ધરાજસિંહ મહિડા ઘરે કહ્યા વગર શનિવારે મોપેડ લઈ વડોદરા તરફ નીકળ્યો હતો. તે છૂટક કામ કરતો હોવાનું સંબંધી સરોજબેને કહ્યું હતું. નંદેસરી બ્રિજ પર સવારે 10:30 વાગ્યે વાહને પાછળથી ટક્કર મારી હતી. જેથી સિદ્ધરાજ ઉછળી બ્રિજ પરથી નીચે પટકાય તેવી સ્થિતિ થઈ હતી. સદનસીબ તેનો શર્ટ બ્રિજના થાંભલામાં ભરાતાં તે લટકી ગયો હતો. જોકે ઈજા પહોંચતાં તે બેહોશ થઈ ગયો હતો.

ઘટનાને પગલે બ્રિજ ઉપર લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા અને ભારે જહેમત બાદ રાહદારીઓએ યુવકને ઉપર ખેંચ્યો હતો અને વડોદરા શહેરની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી તે નીકળી ગયો હતો અને આણંદની હોસ્પિટલમાં દાખલ થયો હતો. ત્યારબાદ તેને વધુ સારવાર માટે વડોદરા નજીક આવેલી પારુલ સેવાશ્રમ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. નંદેસરી પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે. સાંકરદા ગામના રહેવાસી અશ્વીન સોલંકીએ જણાવ્યું હતું કે, હું પિતા સાથે જતો હતો ત્યારે યુવકને બ્રિજ પર લટકતો જોયો હતો.તે બેહોશ હતો. હું તાત્કાલિક ત્યાં ગયો હતો અને યુવકને રાહદારીઓની મદદથી ઉપર ખેંચી લીધો હતો. તે પછી તેને 108 એમ્બ્યુલન્સમાં સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. નંદેસરી પોલીસ સ્ટેશનના પી.આઈ એ એ વાઘેલાએ જણાવ્યું હતું કે, અકસ્માત અંગેની જાણ થતા અમારી ટીમ હોસ્પિટલમાં ગઈ હતી.

# રાજકોટ મ્યુનિ.ના નિવૃત્ત એન્જિ.નો પત્ની સાથે આપઘાત : બે કલાકના અંતરે પ્રાણ ત્યાગ્યા, સુસાઈડ નોટમાં લખ્યું

**રાજકોટ, તા.21**

રાજકોટ શહેરમાં પતિ-પત્નીએ સજોડે આપઘાત કર્યાની ઘટના સામે આવી છે. યુનિવર્સિટી રોડ પર રહેતા અને મનપામાં ડેપ્યુટી એન્જિનિયર પદેથી નિવૃત થયેલા વૃદ્ધ રાજેન્દ્રભાઈ લખતરીયા (ઉં.વ.70) અને તેમના પત્ની પન્નાબેન રાજેન્દ્રભાઈ લખતરીયા (ઉં.વ.70)એ સાથે મળી 20 ડિસેમ્બરની મોડીરાત્રે ઝેરી દવા પી લીધી હતી. બનાવ અંગે દીકરીને જાણ થતાં દંપતીને ગંભીર હાલતમાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખસેડ્યા હતા. જો કે, સારવાર કારગત નીવડે તે પહેલા રાજેન્દ્રભાઈએ દમ તોડી દીધો હતો.




બે કલાક બાદ પન્નાબેનનું પણ મોત નીપજતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. ઉલ્લેખનીય છે કે, પોલીસ તપાસમાં વૃદ્ધ દંપતીએ આપઘાત પહેલા સુસાઈડ નોટ લખી હતી, જેમાં બીમારીથી કંટાળી પગલુ ભર્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલમાં પોલીસે સુસાઈડનોટ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલ ભીડભંજન સોસાયટીમાં રહેતા રાજેન્દ્રભાઈ લખતરીયા (ઉં.વ.70) અને તેમના પત્ની પન્નાબેન રાજેન્દ્રભાઈ લખતરીયા (ઉં.વ.70)એ ગઈકાલે મોડીરાત્રે 2 વાગ્યા આસપાસ ઝેરી દવા પી લીધી હતી. બાદમાં બનાવ અંગે પોતાની સાથે રહેતી તેમની દીકરીને જાણ કરતા પરિવારના અન્ય સભ્યો એકઠા થઈ બન્ને પતિ પત્નીને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ICU વોર્ડમાં બન્નેની સારવાર ચાલુ હતી.

આજે વહેલી સવારે 6 વાગ્યે રાજેન્દ્રભાઈ લખતરીયાનું સારવારમાં મોત નીપજ્યું હતું અને તેના બે જ કલાક બાદ 8 વાગ્યે પન્નાબેને પણ દમ તોડી દીધો હતો. બનાવ અંગે જાણ યુનિવર્સિટી પોલીસને કરવામાં આવતા પોલીસે મૃદતહેને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે પરિવારજનોની પૂછપરછ કરતા વૃદ્ધ પાસેથી એક સુસાઈડ નોટ મળી આવી હતી. આ સુસાઈડ નોટમાં લખ્યું હતું કે, અમે બન્ને પતિ પત્નીએ બધું સુખ જોઈ લીધું છે. દીકરો અને દીકરી પણ અમને સારી રીતે રાખ્યા છે. અમારી ઉપર કોઈ દેણું પણ થયેલું નથી. પરિવારના સભ્યોથી પણ અમે ખુબ સંતુષ્ટ છીએ, માત્ર બીમારીથી અમે હવે કંટાળી ગયા છીએ અને બીમારીના કારણે કંટાળી આપઘાત કરી રહ્યા છીએ. હાલ યુનિવર્સિટી પોલીસે સુસાઈડ નોટ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજેન્દ્રભાઈ લખતરીયા પોતે રાજકોટ મહાનગરપાલિકામાં ડેપ્યુટી એન્જિનિયર તરીકે ફરજ બજાવતા હતા. વય નિવૃત્તિના 8થી 10 મહિના પહેલા તેઓએ સ્વૈચ્છીક રાજીનામુ આપી દીધું હતું અને બાદમાં પરિવાર સાથે નિવૃત જીવન ગાળતા હતા. કોરોના બાદથી તેઓ બીમાર થતા ડિપ્રેશનમાં આવી ગયા હતા અને તેમને ડિપ્રેશનની સારવાર પણ ચાલુ હતી.

જો કે, થોડા સમયથી તેમના પત્ની પણ બીમાર થયા હતા તેમને ડાયાબિટીસની બીમારી હતી અને થોડા સમય પહેલા લગભગ એક-બે વાર સારવાર અર્થે દાખલ પણ કરવામાં આવ્યા હતા. જેથી તેઓ ફરી ડિપ્રેશનમાં આવી ગયા હતાં. બીમારીથી કંટાળી આપઘાત કરી લીધો હોવાનું સુસાઈડ નોટના આધારે પરિવારજનો પણ પોલીસને જણાવી રહ્યા છે, જેથી પોલીસે સુસાઈડ નોટ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજેન્દ્રભાઈ લખતરીયા અને પત્ની પન્નાબેન લખતરીયાને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. જેમાંથી દીકરો ખાનગી કંપનીમાં નોકરી કરી રહ્યો છે, જ્યારે દીકરીના છૂટાછેડા થઈ ગયા બાદ તે પોતાના સંતાન સાથે રાજકોટ જ માતા-પિતા સાથે રહેતી હતી.

રાત્રે ઝેરી દવા પી લીધા બાદ તબિયત વધુ બગડતા બનાવ અંગે દીકરીને જ પિતાએ જાણ કરી હતી, જેથી દીકરીએ તેમના પરિવારના અન્ય સભ્યોને જાણ કરતા તત્કાલ તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જો કે સારવાર કારગત નીવડે તે પહેલા જ બે કલાકના અંતરે બન્નેએ દમ તોડી દેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# હાદી હત્યા કેસ-બાંગ્લાદેશ સરકારને 24 કલાકનું અલ્ટીમેટમ

## વિદ્યાર્થી નેતાએ કહ્યું- હત્યારાઓની ધરપકડ કરો, અનિશ્ચિતકાળ ધરણાની ધમકી, હોમ એડવાઈઝરનું રાજીનામું માંગ્યું







**ઢાકા, તા.21**

ભારત અને શેખ હસીનાના વિરોધી બાંગ્લાદેશી નેતા ઉસ્માન હાદીની હત્યાના કેસમાં ન્યાયની માંગ તેજ બની છે. ઈન્કલાબ મંચે બાંગ્લાદેશ સરકારને 24 કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે.

ઈન્કલાબ મંચના સચિવ અબ્દુલ્લા અલ જાબેરે જણાવ્યું કે જો સરકાર આજે સાંજ સુધીમાં હાદીની હત્યામાં સામેલ તમામ લોકોને ધરપકડ નહીં કરે, તો શાહબાગ ચોક પર રવિવાર સાંજથી અનિશ્ચિતકાળ માટે ધરણાં શરૂ કરવામાં આવશે.

ગઈકાલે હાદીના અંતિમ સંસ્કાર બાદ બપોરે 3 વાગ્યે શાહબાગ ચોક પર યોજાયેલી રેલીમાં આ અલ્ટીમેટમ જારી કરવામાં આવ્યું. રેલીમાં ઈન્કલાબ મંચે લગભગ બે કલાક સુધી વિસ્તારને બ્લોક રાખ્યો.

જાબેરે હોમ એડવાઈઝર લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) જહાંગીર આલમ ચૌધરી અને મુખ્ય સલાહકારના વિશેષ સહાયક ખુદા બક્ષ ચૌધરી પાસેથી 24 કલાકની અંદર રાજીનામું આપવાની માંગ કરી.

જાબેરે સરકાર સમક્ષ બે મુખ્ય માંગણીઓ મૂકી છે, જેમાં પહેલી, હાદીની હત્યામાં સામેલ તમામ લોકોની ધરપકડ, અને બીજી અવામી લીગ સાથે સંકળાયેલા કથિત સિવિલ-મિલિટરી ઈન્ટેલિજન્સ એજન્ટોની ધરપકડ છે.

જાબેરે સરકારને પૂછ્યું, 'તમે ઉસ્માન હાદીના હત્યારાઓને પકડવા માટે શું કર્યું?' તેમણે કહ્યું કે આ હત્યા એક વ્યક્તિનું કામ નથી, પરંતુ તેની પાછળ આખું એક સિન્ડિકેટ છે.

જાબેરે કોઈ રાજકીય પક્ષ પર સીધો શક વ્યક્ત કર્યો ન હતો, પરંતુ કહ્યું કે કોઈ પણ પક્ષ શંકાથી પર નથી.

તેમણે વધુમાં કહ્યું કે હાદી માત્ર અવામી લીગ માટે જ નહીં, પરંતુ અન્ય ઘણા રાજકીય પક્ષો માટે પણ સમસ્યા હતો. તેમણે ચેતવણી આપી કે હત્યારાઓનો બચાવ કરનારાઓ અને તેમને જાહેરમાં સમર્થન આપનારાઓને પણ ન્યાયના દાયરામાં લાવવામાં આવે.

જાબેરે આગળ આરોપ લગાવ્યો કે આગામી ચૂંટણીઓને અવરોધવા અને શેખ હસીનાની અવામી લીગને ફરીથી સત્તામાં લાવવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે.

તેમણે હાદીને 'જનતાનો અવાજ' અને 'બાંગ્લાદેશની સ્વતંત્રતા અને સાર્વભૌમત્વનું પ્રતીક' ગણાવ્યા. સાથે જ, સમર્થકોને શાંત રહેવા અને તોડફોડ ન કરવા અપીલ કરી.

શનિવારે હાદીના જનાજામાં લાખો લોકો જોડાયા હતા. હાદીને બાંગ્લાદેશના રાષ્ટ્રીય કવિ કાઝી નઝરુલ ઈસ્લામની કબરની બાજુમાં દફનાવવામાં આવ્યા.

આ પહેલા બપોરે 2:30 વાગ્યે સંસદ ભવનના સાઉથ પ્લાઝામાં જનાજાની નમાઝ અદા કરવામાં આવી હતી. આ દરમિયાન હાદીના ભાઈ અબુ બક્ર સિદ્દીકીએ સવાલ ઉઠાવ્યો કે રાજધાનીમાં દિવસના અજવાળે હાદીને ગોળી માર્યા પછી તેના હત્યારાઓ કેવી રીતે ફરાર થઈ ગયા?

હાદીના અંતિમ સંસ્કાર પછી હજારો લોકોની ભીડે સંસદમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો છે. જોકે તેની પુષ્ટિ થઈ શકી નથી.

સંસદમાં નમાઝ પછી વચગાળાના નેતા મોહમ્મદ યુનુસે ભાષણ આપ્યું. તેમણે કહ્યું કે, "લાખો લોકો આજે અહીં આવ્યા છે. લોકો રસ્તા પર મોજાંની જેમ ઉમટી રહ્યા છે. લોકો હાદી વિશે જાણવા માંગે છે.'

તેમણે વધુમાં કહ્યું કે હાદી, અમે તમને વિદાય આપવા આવ્યા નથી. તમે અમારા દિલમાં વસેલા છો. અને હંમેશા માટે, જ્યાં સુધી બાંગ્લાદેશ અસ્તિત્વમાં રહેશે, તમે બધા બાંગ્લાદેશીઓના દિલમાં રહેશો.

હાદીના મૃત્યુના વિરોધમાં ઈન્કલાબ મંચ અને જમાતના કટ્ટરપંથીઓએ શુક્રવારે બેનાપોલથી ભારતની સરહદ સુધી કૂચ કરી હતી.

તેમનું કહેવું હતું કે પૂર્વ પીએમ શેખ હસીનાને બાંગ્લાદેશને સોંપવામાં આવે. ચટગાંવમાં ચંદ્રનાથ મંદિરની બહાર કટ્ટરપંથીઓએ ધાર્મિક નારા લગાવ્યા. આ તરફ ભારતીય સેના પણ સક્રિય થઈ ગઈ છે અને બાંગ્લાદેશના હાલત પર નજર રાખી રહી છે.

ઈસ્ટર્ન કમાન્ડના પ્રમુખ લે. જનરલ આરસી તિવારીએ ગુરુવારે સાંજે ભારત-બાંગ્લાદેશ સરહદની મુલાકાત લીધી છે.

ઉસ્માન હાદીની હત્યાના મુખ્ય આરોપી ફૈસલ કરીમ ભારતમાં ભાગી ગયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. બાંગ્લાદેશી મીડિયા અનુસાર, હત્યારાઓને ટ્રાન્સપોર્ટેશનમાં મદદ કરનાર આરોપી સિબિયન ડિયુ અને સંજય ચિસિમે કોર્ટમાં આ ખુલાસો કર્યો છે.

બાંગ્લાદેશી સુરક્ષા દળો અનુસાર, આરોપી ફૈસલ કરીમ હાદીની હત્યાના એક દિવસ પહેલા તેની ગર્લફ્રેન્ડ સાથે એક રિસોર્ટમાં ગયો હતો. ત્યાં તેણે ગર્લફ્રેન્ડને કહ્યું હતું કે - કાલે કંઈક એવું થશે જેનાથી બાંગ્લાદેશ હચમચી જશે. સાથે જ હાદીનો વીડિયો પણ બતાવ્યો હતો.

ઉસ્માન હાદીના સમર્થકો અને વિદ્યાર્થી સંગઠનોના નેતાઓ અને કાર્યકરોએ ઢાકાની અંદર અને બહારના ઘણા જિલ્લાઓમાં રસ્તાઓ પર ઉતરીને પ્રદર્શન કર્યું.

પ્રદર્શનકારીઓએ દેશના સૌથી મોટા અખબાર ડેઈલી સ્ટાર અને પ્રોથોમ આલોની ઓફિસમાં તોડફોડ અને આગચંપી કરી.

આ ઉપરાંત, શેખ હસીનાની અવામી લીગ સરકારના પૂર્વ શિક્ષણ મંત્રી મોહિબુલ હસન ચૌધરીના ઘરમાં તોડફોડ કરવામાં આવી અને તેને આગ લગાડી દેવામાં આવી.

ઉસ્માન હાદીને રાજધાની ઢાકામાં 12 ડિસેમ્બરે ગોળી મારવામાં આવી હતી, જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેઓ રિક્ષામાં જઈ રહ્યા હતા ત્યારે બાઈક સવાર હુમલાખોરે તેમને ગોળી મારી હતી.

હાદીને તરત જ ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, બાદમાં સારવાર માટે તેમને સિંગાપોર રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં 18 ડિસેમ્બરે તેમનું મૃત્યુ થયું હતું.

મીડિયા રિપોર્ટ મુજબ હુમલાના થોડા કલાકો પહેલા ઉસ્માન હાદીએ ગ્રેટર બાંગ્લાદેશનો એક નકશો શેર કર્યો હતો, જેમાં ભારતીય વિસ્તારો (7 સિસ્ટર્સ) સામેલ હતા.

હાદી ઈસ્લામિક સંગઠન 'ઈન્કલાબ મંચ'ના પ્રવક્તા હતા અને ચૂંટણીમાં ઢાકાથી અપક્ષ ઉમેદવાર હતા. ઈન્કલાબ મંચ ઓગસ્ટ 2024ના વિદ્યાર્થી આંદોલન પછી એક સંગઠન તરીકે ઉભરી આવ્યું. તેણે તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાની અવામી લીગની સરકારને પાડી દીધી હતી.

આ સંગઠન અવામી લીગને આતંકવાદી જાહેર કરીને સંપૂર્ણપણે ખતમ કરવા અને યુવાનોની સુરક્ષાની માંગને લઈને સક્રિય રહ્યું. આ સંગઠન રાષ્ટ્રીય સ્વતંત્રતા અને સાર્વભૌમત્વના રક્ષણ પર ભાર મૂકે છે. મે 2025માં અવામી લીગને ભંગ કરવા અને ચૂંટણીઓમાં અયોગ્ય ઠેરવવામાં આ સંગઠનની મહત્વપૂર્ણ ભૂમિકા રહી.

# એપસ્ટીન ફાઈલમાંથી ટ્રમ્પ-મેલાનિયાની તસવીર અચાનક ગાયબ : ન્યાય વિભાગ પર કવર-અપના આરોપ, ટ્રમ્પ-એપસ્ટીનના સંબંધોનો ચોંકાવનારો ઈતિહાસ....

**વોશિંગ્ટન, તા.21**

અમેરિકાના યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સંબંધિત ફાઈલોમાંથી 16 ફાઈલો શનિવારે મોડી રાત્રે વેબસાઈટ પરથી ગાયબ થઈ ગઈ છે. રોઈટર્સ અનુસાર, આ ફાઈલોમાં મહિલાઓની પેઈન્ટિંગ્સની તસવીરો અને એક ફોટો શામેલ હતો, જેમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, જેફ્રી એપસ્ટીન, મેલાનિયા ટ્રમ્પ અને ગિઝલેન મેક્સવેલ (એપસ્ટીનની ગર્લફ્રેન્ડ) સાથે જોવા મળી રહ્યા હતા. ન્યાય વિભાગે આ ફાઈલો હટાવવા અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરી નથી. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે ફાઈલો ઈરાદાપૂર્વક હટાવવામાં આવી હતી કે તકનીકી ખામીને કારણે ગાયબ થઈ હતી. અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટે જેફ્રી એપસ્ટીન સંબંધિત તપાસ હેઠળ શુક્રવારે રાત્રે અઢી વાગ્યે (ભારતીય સમય અનુસાર) ત્રણ લાખ દસ્તાવેજો જાહેર કર્યા છે. આમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, પોપ સિંગર માઈકલ જેક્સન જેવા દિગ્ગજોની તસવીરો સામે આવી, જોકે, રેકોર્ડ્સમાં ડોનાલ્ડ ટ્રમ્પનું નામ લગભગ નહિવત્ જોવા મળ્યું. જ્યારે ફેબ્રુઆરીમાં જાહેર કરાયેલા એપસ્ટીનના ખાનગી જેટના ફ્લાઈટ લોગ્સમાં ટ્રમ્પનું નામ સામે આવી ચૂક્યું છે.



નવા દસ્તાવેજોમાં ખાસ કરીને એપસ્ટીનના ન્યૂયોર્ક અને યુએસ વર્જિન આઈલેન્ડ્સ સ્થિત ઘરોની તસવીરો હતી, સાથે જ કેટલીક જાણીતી હસ્તીઓ અને રાજકારણીઓના ફોટા પણ.

જોકે, સૌથી મહત્વપૂર્ણ દસ્તાવેજો જેવા કે ઘણા પીડિતોના FBI ઈન્ટરવ્યુ અને ન્યાય વિભાગના નિર્ણયની કોપી જ્યાં એપસ્ટીનને સેક્સ ટ્રાફિકિંગના આરોપોને બદલે માત્ર નાના રાજ્ય સ્તરના ગુનામાં સજા અપાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો, તે જાહેર કરવામાં આવ્યા નથી.

તેમની ગેરહાજરીએ ફરીથી પ્રશ્નો ઉભા કર્યા કે 2000ના દાયકામાં ફરિયાદીઓએ કેસને કેવી રીતે સંભાળ્યો અને એપસ્ટીનને હળવી સજા શા માટે મળી. બ્રિટનના ભૂતપૂર્વ પ્રિન્સ એન્ડ્રુ જેવા અન્ય મોટા નામોનો પણ આ દસ્તાવેજોમાં બહુ ઓછો ઉલ્લેખ હતો. હાઉસ ઓવરસાઈટ કમિટીના ડેમોક્રેટ સભ્યોએ ટ્રમ્પ સાથે સંબંધિત તસવીર ગાયબ થવા પર સવાલો ઉઠાવ્યા અને પૂછ્યું કે "બીજું શું છુપાવવામાં આવી રહ્યું છે?" તેમણે અમેરિકી જનતા માટે સંપૂર્ણ પારદર્શિતાની માંગ કરતા ન્યાય વિભાગ પર કવર-અપના આરોપો લગાવ્યા. એપસ્ટીનના પીડિતો અને કાયદા ઘડનારા લોકો લાંબા સમયથી સંપૂર્ણ પારદર્શિતાની માંગ કરી રહ્યા હતા.

# ધીસ ઇઝ ન્યૂઝીલેન્ડ, નોટ ઈન્ડિયા...!:ઓકલેન્ડમાં શીખ સમુદાયના નગર કીર્તનનો વિરોધ, સ્થાનિક લોકોના જૂથે હાકા ડાન્સ કરીને રસ્તો રોક્યો....

**ઓકલેન્ડ, તા.21**

ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં સ્થાનિક લોકોએ શીખ સમુદાય દ્વારા કાઢવામાં આવી રહેલા નગર કીર્તનનો વિરોધ કર્યો. તેમણે નગર કીર્તનનો રસ્તો રોકી દીધો. ત્યારબાદ આગળ ઊભા રહીને હાકા પ્રદર્શન કર્યું.

આ દરમિયાન પ્રદર્શનકારીઓએ 'ધીસ ઈઝ ન્યૂઝીલેન્ડ, નોટ ઈન્ડિયા' એટલે કે આ ન્યૂઝીલેન્ડ છે, ભારત નહીં અને 'ન્યૂઝીલેન્ડને ન્યૂઝીલેન્ડ જ રહેવા દો, આ અમારી જમીન છે, આ જ અમારું સ્ટેન્ડ છે'ના બેનરો લહેરાવ્યા.

આ પ્રદર્શન શનિવારે થયું. તે સમયે શીખ સમુદાયનું નગર કીર્તન ગુરુદ્વારે પરત ફરી રહ્યું હતું. જોકે, ન્યૂઝીલેન્ડ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને હસ્તક્ષેપ કર્યો અને પ્રદર્શનકારીઓને હટાવ્યા.

નગર કીર્તન ગુરુદ્વારા પરત ફરી રહ્યું હતું શનિવારે ન્યૂઝીલેન્ડના સાઉથ ઓકલેન્ડના ઉપનગર મનુરિવા ખાતે શીખ સમુદાય દ્વારા નગર કીર્તન કાઢવામાં આવી રહ્યું હતું. શીખ નેતા સની સિંહે જણાવ્યું કે આ નગર કીર્તન ગુરુદ્વારા નાનકસર ઠાઠ ઈશર દરબાર, મનુરિવાથી શરૂ થયું હતું. વિસ્તારમાં ફર્યા પછી નગર કીર્તન ગુરુદ્વારામાં પરત ફરી રહ્યું હતું.



ગુરુદ્વારા નજીક પહોંચતા જ પ્રદર્શનકારીઓ આવ્યા સની સિંહના જણાવ્યા અનુસાર, જ્યારે નગર કીર્તન ગુરુદ્વારા નજીક પહોંચ્યું, ત્યારે લગભગ 30થી 35 લોકોનું સ્થાનિક જૂથ ત્યાં આવી ગયું. આ લોકો 'અપોસ્ટલ બિશપ' બ્રાયન તામાકી સાથે સંકળાયેલા હતા. તામાકી પેન્ટેકોસ્ટલ સંગઠન, ડેસ્ટિની ચર્ચના પ્રમુખ છે. આ લોકોએ આગળ ઊભા રહીને નગર કીર્તનનો રસ્તો રોકી દીધો. તેમણે ત્યાં સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું. ત્યારબાદ તેમણે હાકા પ્રદર્શન કર્યું. તેમના હાથમાં બેનરો પણ પકડેલા હતા.

અસમંજસમાં પડેલો શીખ સમુદાય, સંયમ રાખ્યો આ દરમિયાન ન્યૂઝીલેન્ડના પ્રદર્શનકારીઓ અને તેમની નારેબાજીથી શીખ સમુદાયના લોકો અસમંજસમાં પડી ગયા કારણ કે વિરોધનું કોઈ એવું કારણ નહોતું. જોકે શીખ સમુદાયે પૂરો સંયમ રાખ્યો અને સ્થાનિક પ્રદર્શનકારીઓને એકબીજા સાથે અથડાવવાનો કોઈ મોકો આપ્યો નહીં. ત્યારબાદ ત્યાં પોલીસ પહોંચી. પોલીસે બંને પક્ષોને એકબીજા સાથે ન અથડાવવા માટે કહ્યું. થોડીવાર પછી પ્રદર્શનકારીઓનું જૂથ એક બાજુ થઈ ગયું અને નગર કીર્તન ગુરુદ્વારામાં ચાલ્યું ગયું.

સાર્વજનિક રસ્તાઓ પર ખુલ્લેઆમ તલવારો અને ખંજર લઈને ફરતા પુરુષો તામાકી દ્વારા તેના ફેસબુક પર તેનો વીડિયો અને પોસ્ટ જારી કરવામાં આવ્યો. વીડિયો ફૂટેજમાં બતાવવામાં આવ્યું છે કે પ્રદર્શનકારીઓએ 'એક સાચો ઈશ્વર', 'ઈસુ-ઈસુ'ના નારા લગાવ્યા, જ્યારે શીખ સરઘસમાં સામેલ લોકો કોઈ પ્રતિક્રિયા આપ્યા વિના જોતા રહ્યા. તામાકીએ લખ્યું, 'મનુરિવામાં શીખ ધાર્મિક સરઘસને કારણે ઘણા કલાકોથી ટ્રાફિક બંધ છે. રસ્તાઓ બંધ. સ્થાનિક લોકોનું જીવન અસ્તવ્યસ્ત. વ્યવસાયો પ્રભાવિત. પરિવારો ફસાયા. અને સૌથી ચોંકાવનારી વાત? સાર્વજનિક રસ્તાઓ પર ખુલ્લેઆમ તલવારો અને ખંજર લઈને ફરતા પુરુષો.

હાકા નૃત્ય નફરત નથી, આ એક લક્ષ્મણ રેખા છે તામાકીએ આગળ લખ્યું- ન્યૂઝીલેન્ડના લોકો એક વાજબી સવાલ પૂછી રહ્યા છે. આપણી શેરીઓમાં ધારદાર હથિયારો લઈને ફરવું ક્યારથી સ્વીકાર્ય બન્યું છે? આ ન્યૂઝીલેન્ડમાં સામાન્ય વાત નથી. આ ન્યૂઝીલેન્ડની જીવનશૈલી નથી. આ બધા છતાં દક્ષિણ ઓકલેન્ડમાં સાચા દેશભક્તો અડગ રહ્યા. કોઈ હિંસા નહીં. કોઈ રમખાણ નહીં. બસ મારા યુવાનો સામસામે ઊભા રહીને હાકા નૃત્ય કરી રહ્યા હતા, જેથી એક સ્પષ્ટ સંદેશ આપી શકાય- ન્યૂઝીલેન્ડને ન્યૂઝીલેન્ડ જ રહેવા દો. આગળ લખ્યું- હાકા નૃત્ય નફરત નથી. આ એક લક્ષ્મણ રેખા છે. આ એક પડકાર છે. ન્યૂઝીલેન્ડ એક ખ્રિસ્તી રાષ્ટ્ર છે.

# અરુણાચલમાં ચીન-પાક. જાસૂસી નેટવર્ક સક્રિય : એન્ક્રિપ્ટેડ ચેનલથી પાકિસ્તાન મોકલતા માહિતી, બોર્ડર પર એજન્સીઓ એલર્ટ, ચીનની હિલચાલ પર ચાંપતી નજર

**ઈટાનગર, તા.21**

અરુણાચલ પ્રદેશમાં જાસૂસી નેટવર્કના ખુલાસા અને સરહદ સંબંધિત પ્રવૃત્તીઓએ સુરક્ષા એજન્સીઓની ચિંતા વધારી દીધી છે. પોલીસે છેલ્લા 10 દિવસમાં પાકિસ્તાન સાથે સંકળાયેલા જાસૂસી નેટવર્કના 4 શંકાસ્પદોની ધરપકડ કરી છે.

આ દરમિયાન, સ્થાનિક લોકોએ લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (LAC) નજીક ચીની સેનાની હાજરી અને સંભવિત ઘૂસણખોરીની જાણકારી આપી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આરોપીઓ સેનાની પ્રવૃત્તીઓ અને અન્ય સંવેદનશીલ માહિતી પાકિસ્તાની હેન્ડલર્સ સુધી મોકલી રહ્યા હતા. પ્રારંભિક તપાસમાં આ નેટવર્કના ચીન સાથે સંકળાયેલા હોવાના સંકેતો પણ મળ્યા છે.




સુરક્ષા નિષ્ણાતો તેને 'હાઈબ્રિડ વોર'ની રણનીતિ સાથે જોડીને જોઈ રહ્યા છે, જેમાં જાસૂસી, ઘૂસણખોરી અને સૈન્ય દબાણનો એકસાથે ઉપયોગ કરવામાં આવે છે.

રાજ્યના ગૃહમંત્રી મામા નાતુંગે કહ્યું છે કે જાસૂસી પ્રવૃત્તીઓમાં સામેલ લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. સ્થાનિક લોકોનો દાવો છે કે સપ્ટેમ્બર 2024થી ચીની સેનાએ અંજાઓ જિલ્લાના કપાપુ વિસ્તારમાં લગભગ 60 કિમી અંદર સુધી કેમ્પ બનાવ્યા છે. તેમનું કહેવું છે કે સ્થિતિ 2022 જેવી છે. જોકે, સરકાર દ્વારા તેને 'ઓવરલેપિંગ પેટ્રોલિંગ' ગણાવવામાં આવી રહ્યું છે.

આ દરમિયાન તિબેટના લ્હુન્જે એરબેઝ પર ચીનની હિલચાલ પર પણ નજર રાખવામાં આવી રહી છે. અહીં મેકમોહન લાઈનથી લગભગ 40 કિમી દૂર 36 હાર્ડન્ડ એરક્રાફ્ટ શેલ્ટર્સ બનાવવામાં આવ્યા હોવાની અને સ્ટેલ્થ જેટ્સની તહેનાતીની માહિતી સામે આવી છે. તપાસ એજન્સીઓ અનુસાર, પકડાયેલા શંકાસ્પદ સ્થાનિક મુસ્લિમ સમુદાયોમાં ભળીને સ્લીપર સેલ વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. કેટલાક બાંગ્લાદેશી યુવકોની ભૂમિકા પણ શંકાસ્પદ માનવામાં આવી રહી છે.

વેસ્ટ સિયાંગના એસપીનું કહેવું છે કે આ મામલો આસામ અને અરુણાચલ સાથે સંકળાયેલા એક મોટા જાસૂસી મોડ્યુલનો ભાગ હોઈ શકે છે. એજન્સીઓ તેને એવી રણનીતિ સાથે જોડીને જોઈ રહી છે, જેમાં પાકિસ્તાન પ્રોક્સીની ભૂમિકા ભજવી શકે છે. 11 ડિસેમ્બરના રોજ ઈટાનગરથી જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાના નઝીર અહેમદ મલિક અને સબીર અહેમદ મીરની ધરપકડ કરવામાં આવી. બંને ધાબળા વેચનાર તરીકે ફરી રહ્યા હતા અને એન્ક્રિપ્ટેડ ટેલિગ્રામ ચેનલો દ્વારા પાકિસ્તાની હેન્ડલર્સના સંપર્કમાં હતા.

# ગાઝામાં મિલિશિયા ગ્રુપ સક્રિય કરી રહ્યું છે ઇઝરાયલ : રિપોર્ટ- હમાસના લડવૈયાઓની ખુલ્લેઆમ હત્યામાં સામેલ

**ગાઝા, તા.21**

ગાઝામાં યુદ્ધવિરામ છતાં આંતરિક સંઘર્ષ ચાલુ છે. CNNના રિપોર્ટ અનુસાર, ગાઝામાં 5 ઈઝરાયલ સમર્થિત મિલિશિયા ગ્રુપ સક્રિય થઈ ગયા છે. આ જૂથો ગાઝાના અલગ-અલગ વિસ્તારોમાં હમાસના સભ્યોને નિશાન બનાવીને હત્યાઓ કરી રહ્યા છે.

આ ગેંગ ઈઝરાયલના કબજા હેઠળના પૂર્વી ગાઝામાં કામ કરી રહી છે અને હમાસને સત્તા પરથી હટાવવાનો પ્રયાસ કરી રહી છે, જેથી તેઓ પોતાનું શાસન સ્થાપી શકે. ઈઝરાયલ તેમને ખુલ્લો ટેકો આપે છે. આ મહિનાની શરૂઆતમાં પોપ્યુલર ફોર્સિસના નેતા યાસર અબુ શબાબની હત્યા થઈ હતી. ઈઝરાયલે આ જૂથને સૌથી વધુ સમર્થન આપ્યું હતું. હમાસે તેમના મૃત્યુ પર ખુશી વ્યક્ત કરી, મીઠાઈઓ વહેંચી હતી. અબુ શબાબના મૃત્યુ પછી તેમની મિલિશિયા નબળી પડી. અત્યાર સુધીમાં ઘણા લડવૈયાઓએ આત્મસમર્પણ કર્યું છે. ઈઝરાયલે અગાઉ કહ્યું હતું કે અબુ શબાબનું જૂથ રફાહમાં પુનર્નિર્માણની સુરક્ષા કરશે. નેતન્યાહુએ જૂન 2025માં સ્વીકાર્યું હતું કે તેઓ આ જૂથોને સક્રિય કરી રહ્યા છે. નવેમ્બરની શરૂઆતમાં દક્ષિણ ગાઝામાં બપોરની નમાઝ બાદ મસ્જિદમાંથી બહાર નીકળતી વખતે ઈમામ શેખ મોહમ્મદ અબુ મુસ્તફાની મોટરસાઈકલ સવાર હુમલાખોરે ગોળી મારીને હત્યા કરી હતી. એક ઈસ્લામવાદી ઉગ્રવાદી જૂથે દાવો કર્યો હતો કે આ હત્યા એક મિલિશિયા જૂથ દ્વારા કરવામાં આવી હતી. હમાસ સાથે સંકળાયેલા અન્ય એક જૂથે પાછળથી જણાવ્યું હતું કે માર્યો ગયેલો ઈમામ જેહાદી હતો, જેણે ગાઝા યુદ્ધ દરમિયાન ઈઝરાયલી બંધકોને છુપાવવામાં મદદ કરી હતી. આ હત્યાને હુસામ અલ-અસ્તલના નેતૃત્વ હેઠળની ઈઝરાયલ સમર્થિત મિલિશિયા સાથે જોડવામાં આવી હતી.

CNN સાથે ફોન પરની વાતચીતમાં, મિલિશિયા હેડ અલ-અસ્તલે ઈમામની હત્યામાં પોતાના જૂથની ભૂમિકાનો ઈનકાર કર્યો હતો. તેણે કહ્યું કે તે ઈમામ હમાસનો સભ્ય હતો, તેની મૃત્યુથી ખુશી થઈ. અસ્તલનું સંગઠન પોતાને કાઉન્ટર-ટેરરિઝમ સ્ટ્રાઈક ફોર્સ કહે છે અને ખાન યુનિસના ઈઝરાયલી કબજા હેઠળના ભાગમાં એક ગામ પર નિયંત્રણનો દાવો કરે છે.

**તંત્રી લેખ**

## ભારત-બાંગ્લાદેશના બગડતા સંબંધો વિશે સંસદીય સમિતિનો રીપોર્ટ

ભારતમાં વિદેશી બાબતો માટે ગઠન થયેલી સંસદીય સમિતિએ ૯૯ પાનાનો એક રીપોર્ટ તૈયાર કર્યો છે. આ રીપોર્ટમાં ભારત - બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોના પડકાર વિશે લખવામાં આવ્યું છે. ખાસ કરીને ૨૦૨૪ના ઓગસ્ટ મહિનામાં બાંગ્લાદેશમાં જે સત્તા પરીવર્તન થયું અને તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાએ દેશ છોડીને ભારતમાં શરણ લેવું પડ્યું ત્યાર પછીના પડકારો વિશેની વાત આવરી લેવામાં આવી છે. હમણા બાંગ્લાદેશમાં મોહમદ યુનુસના નેતૃત્વ હેઠળ કામચલાઉ સરકાર છે. રીપોર્ટ તૈયાર કરવા માટે ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શિવશંકર મેનન, રીટાયર્ડ લેફ્ટનેન્ટ જનરલ સૈયદ અતા હસનેન, વિદેશ મંત્રાલયના ભૂતપૂર્વ સચીવ રીવા ગાંગુલીની મદદ પણ લેવામાં આવી હતી. રીપોર્ટમાં પહેલીવાતનો સાર એ છે કે, ૧૯૭૧ના યુધ્ધ પછી પહેલીવાર ભારત - બાંગ્લાદેશના સંબંધો સંદર્ભે સંકટ ઉભુ થયું છે. બાંગ્લાદેશમાં જે રીતે કટ્ટરવાદી સંગઠનો સક્રિય છે અને ચીન તેમજ પાકિસ્તાન એમને મદદ કરી રહ્યા છે એને કારણે ભારત સામે મોટી ચેલેન્જ ઉભી થઈ છે.

દેશના મોટા શહેરોમાં ઠંડીની મોસમમાં પ્રદુષણ વકરી ગયું છે. સૌથી વધુ સમસ્યા દિલ્હીમાં છે. પ્રદુષણની સમસ્યા સામે લડવા માટે ચીનની એમ્બેસીએ કેટલાક સૂચનો આપ્યા છે. ચીનની એમ્બેસીના પ્રવક્તાએ કહ્યું છે કે, વધુ વસ્તીવાળા વિકાસશીલ દેશો માટે ધુમ્મસનો સામનો કરવો ખુબ જ મુશ્કેલ છે. આ સંદર્ભે ચીન પોતાનો અનુભવ ભારત સાથે શેર કરવા માટે તૈયાર છે. થોડા વર્ષો પહેલા ચીનની રાજધાની બીજિંગ વિશ્વની સૌથી વધુ પ્રદુષિત રાજધાની ગણાતી હતી. એને દુનિયાનું 'સ્મોગ કેપીટલ' કહેવામાં આવતું હતું. જોકે ત્યાર પછી ચીને પ્રદુષણ દુર કરવા જે પગલા લીધા એને કારણે ત્યાંની હવા ચોખ્ખી થઈ ગઈ છે. પ્રદુષણની સમસ્યાનો ઉકેલ દરેક પ્રદેશમાં એક જ પદ્ધતિથી થઈ શકે નહીં. બીજિંગે પ્રદુષણ ઓછું કરવા ચાઇના - ૬ માપનું ધોરણ નક્કી કર્યું હતું. જે જૂના વાહનો પ્રદુષણ ફેલાવતા હતા એને ધીરે ધીરે દુર કર્યા હતા. વાહનોની સંખ્યામાં ધીરે ધીરે ઘટાડો કર્યો હતો. પબ્લિક ટ્રાન્સપોર્ટમાં વધારો કર્યો હતો. આ ઉપરાંત પણ બીજા કેટલાક પગલા લીધા હતા.

દિલ્હી એરપોર્ટના ટર્મીનલ ૧ પર પ્રવાસ કરી રહેલા એક યાત્રીએ એર ઈન્ડિયા એક્સપ્રેસના પાયલોટ પર ગંભીર આરોપ મૂક્યો છે. અંકીત દિવાન નામના પ્રવાસીનો આરોપ છે કે, એમની સાથે પાયલટ કેપ્ટન વિરેન્દ્રએ અપમાનજનક વર્તન કરવાની સાથે શારીરિક હુમલો પણ કર્યો હતો. આ હુમલાને કારણે અંકીત દિવાન લોહીલુહાણ થઈ ગયા હતા. આ હુમલાનો વિડિયો પણ સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. પીડિત યાત્રીના કહેવા પ્રમાણે આ ઘટનાને કારણે એમનું વેકેશન બરબાદ થઈ ગયું છે અને એમનો પરિવાર આઘાતમાં છે. ૭ વર્ષની પુત્રી સામે એમને માર મારવામાં આવ્યો હતો. એમની પુત્રી હેબતાઈ ગઈ છે. આ ઘટના જાહેર થયા પછી એર ઈન્ડિયા એક્સપ્રેસે નિવેદન બહાર પાડીને માફી માંગી છે અને પાયલોટને ડ્યુટી પરથી હટાવી દીધો છે. થોડા દિવસો પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી મધ્યપૂર્વના દેશોની મુલાકાતે ગયા હતા. તેઓ જ્યારે ઓમાન પહોંચ્યા હતા ત્યારે એમના કાનમાં એક હાઈટેક ગેજેટ લગાડેલું જોવા મળ્યું હતું.

# માણસોમાં માણસાઈ મરી પરવારી : જાસુસી માટે પક્ષીઓનો ઉપયોગ

### ચીનનું જીપીએસ ટ્રેકર લગાવેલું સીગલ પક્ષી તાજેતરમાં ભારતના કર્ણાટકના મહત્ત્વના નેવલ બેઝ પાસે મળ્યું, ચીન સામે પરોક્ષ જાસુસીના અરોપો

આ ડિવાઈસ બેઈજિંગ ખાતે આવેલી ચાઈનિઝ એકેડેમી ઓફ સાયન્સિસ હેઠળ કામ કરતા રીસર્ચ સેન્ટર ફોર ઈકો-એન્વાર્યન્મેન્ટલ સાયન્સિસ સાથે જોડાયેલું હતું. ટ્રેકરમાંથી સીગલના મુવમેન્ટ્સ, તેની ભોજનની પદ્ધતિ, તેનો માઈગ્રેશનનો રૂટ વગેરે માહિતી મળ્યા છે. હાલમાં આ ડેટાના આધારે વધુ તપાસ કરાશે : આ કોઈ પહેલો કિસ્સો નથી કે ભારતમાં પશુ-પક્ષીઓ દ્વારા જાસુસી કરવામાં આવી હોય. ચીન અને પાકિસ્તાન દ્વારા ભૂતકાળમાં ઘણી વખત કબુતરો અને બાજ દ્વારા ભારતમાં જાસુસીનો પ્રયાસ કરવામાં આવ્યો છે : વિશ્વમાં પણ પશુ-પક્ષીઓ થકી જાસુસીની ઘણા કિસ્સા છે. 2019માં પણ નોર્વેમાં બેલુગા વ્હેલ દ્વારા જાસુસી કરવાનો કિસ્સો સામે આવ્યો હતો. આ વ્હેલને માણસોની ભાષા સમજવા માટે ખાસ ટ્રેનિંગ અપાઈ હતી. બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન સોવિયેત સંઘ દ્વારા બાજ, ખિસકોલી, ગીધ અને વ્હેલ દ્વારા જાસુસી કરાવી હોવાના પણ ઘણા કિસ્સા જાણીતા છે

કર્ણાટકના ઉત્તર કન્નડા જિલ્લામાં આવેલા કરવર કિનારે તાજેતરમાં એક સીગલ જોવામાં આવ્યું છે. આ સીગલ ઉપર ચાઈનિઝ જીપીએસ ટ્રેકિંગ ડિવાઈસ લગાવવામાં આવેલું હતું. આશ્ચર્યની વાત એ છે કે, આ સીગલ જ્યાંથી ઝડપાયું ત્યાંથી ભારતના આઈએનએસ કદમ્બનું નેવલ બેઝ ખૂબ જ નજીક છે. તેના કારણે જ ભારતની સુરક્ષા એજન્સીઓના કાન સરવા થયા છે. તેઓ માની રહ્યા છે કે, ચીન દ્વારા જાસુસી માટે આ સીગલનો ઉપયોગ કરાયો છે. આ કેસમાં સ્થાનિક પોલીસ, ફોરેસ્ટ વિભાગ અને ભારતીય નૌસેના દ્વારા સંયુક્ત રીતે તપાસ હાથ ધરવામાં આવી છે. આઈ કોઈ પહેલો કિસ્સો નથી કે ભારતમાં પશુ-પક્ષીઓ દ્વારા જાસુસી કરવામાં આવી હોય. ચીન અને પાકિસ્તાન દ્વારા ભૂતકાળમાં ઘણી વખત કબુતરો અને બાજ દ્વારા ભારતમાં જાસુસીનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કર્ણાટકના કેસની વાત કરીએ તો સ્થાનિક રહેવાસીઓ દ્વારા ગત અઠવાડિયે એક ઈજાગ્રસ્ત સીગલને થિમ્મક્કા ગાર્ડન વિસ્તારની આસપાસ જોવામાં આવ્યું હતું. આ સીગલ ઉપર કોઈ ડિવાઈસ લગાવવામાં આવ્યું હોય તેવી પણ માહિતી સ્થાનિકો દ્વારા આપવામાં આવી હતી. તેના આધારે જ ઉત્તર કન્નડા જિલ્લાના કરવર ખાતે દરિયા કિનારાના વિસ્તારોમાં આ સીગલની શોધ આદરવામાં આવી હતી. આ સીગલ મળ્યું ત્યારે તેના ઉપર એક શંકાસ્પદ ડિવાઈસ લગાવેલું હતું. આ ડિવાઈસ અંગે શંકા જતા તાત્કાલિક સ્થાનિક લોકો અને પોલિસ દ્વારા ફોરેસ્ટ વિભાગના મરિન ડિપાર્ટમેન્ટને જાણ કરવામાં આવી હતી. કોસ્ટલ મરિન પોલીસ સેલ દ્વારા આ સીગલને કરવર ખાતે રવીન્દ્રનાથ ટાગોર બીચ ખાતેથી પકડવામાં આવ્યું હતું. ત્યારબાદ તેને ફોરેસ્ટ વિભાગને તપાસ અને સારવાર માટે મોકલવામાં આવ્યું હતું.

ફોરેસ્ટ વિભાગ દ્વારા સ્થળ ઉપર જ સીગલની, તેની ઉપર લગાવેલા ડિવાઈસની તથા આસપાસના વિસ્તારની પણ તપાસ કરવામાં આવી હતી. સીગલ ઉપર લગાવેલા ટ્રેકર ડિવાઈસમાં એક નાનકડી સોલાર પેનલ લગાવેલી હતી. તેના દ્વારા આ ટ્રેકર ઓપરેટ થતું હતું. આ ડિવાઈસ સાથે એક ઈમેલ આઈડી સાથેની નાનકડી નોટ અટેચ કરવામાં આવી હતી. તેમાં લખ્યું હતું કે, જેમને પણ આ પક્ષી મળે તેમણે આ નોટમાં જણાવેલા ઈમેલ આઈડી ઉપર સંપર્ક કરવો. ફોરેસ્ટ વિભાગ દ્વારા અને જાણકારો દ્વારા આ ડિવાઈસની ચકાસણી કરવામાં આવી હતી. આ ડિવાઈસ બેઈજિંગ ખાતે આવેલી ચાઈનિઝ એકેડેમી ઓફ સાયન્સિસ હેઠળ કામ



કરતા રીસર્ચ સેન્ટર ફોર ઈકો-એન્વાર્યન્મેન્ટલ સાયન્સિસ સાથે જોડાયેલું હતું.

જાણકારોના મતે ચોક્કસ અધિકારીઓ દ્વારા આ ડિવાઈસની વધારે તપાસ કરવામાં આવી હતી. તે ઉપરાંત નોટમાં જણાવેલા ઈમેલ આઈડી ઉપર મેસેજ મોકલીને બાકીની વિગતોની ખરાઈ કરવામાં આવી રહી છે. આ સીગલ ક્યાંથી આવ્યું, તેની ટાઈમલાઈન અને તેને ટ્રેક કરવાના કારણો વગેરે વિગતો માગવામાં આવી છે. જાણકારો માને છે કે, આ પક્ષીનો ઉપયોગ વૈજ્ઞાનિક અભ્યાસ માટે જ કરવામાં આવ્યો હશે તેમ છતાં આઈએનએસ કદમ્બના બેઝ પાસે આ પક્ષી મળ્યું છે તેથી જાસુસીની વાતને નકારી શકાય નહીં. તેમાંય ચીને ભુતકાળમાં આવા ઘણા પ્રયાસ કર્યા છે તેથી જાસુસીના એન્ગલની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસે જણાવ્યું કે, ટ્રેકરમાંથી સીગલના મુવમેન્ટ્સ, તેની ભોજનની પદ્ધતિ, તેનો માઈગ્રેશનનો રૂટ વગેરે માહિતી મળ્યા છે. હાલમાં આ વિગતો વાંધાજનક જણાતી નથી તેમ છતાં ડેટાના આધારે વધુ તપાસ કરાશે. આ ડિવાઈસમાંથી જે ડેટા મળ્યો છે તે જણઆવે છે કે, આ પક્ષી ૧૦,૦૦૦ કિમી ઉડીને આવ્યું છે. તે આર્કટિક રિજન પસાર કરીને કર્ણાટકના કિનારા સુધી પહોંચ્યું છે. હવે આ ડિવાઈસ ટેકનિકલ એક્સપર્ટને મોકલી દેવાયું છે. બીજી તરફ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ પાસેથી ખુલાસા પણ માગવામાં આવ્યા છે. તેનું મુખ્ય કારણ એ છે કે, આઈએનએસ કદમ્બ ભારત માટે ખૂબ જ મહત્ત્વનું નેવલ બેઝ છે. અહીંયા ભારતના મહત્ત્વના યુદ્ધ જહાજો, સબમરીન અને એરક્રાફ્ટ કેરિયર જહાજો તથા નેવીના એરક્રાફ્ટ રાખવાની અને તેની દેખરેખ કરવાનું મહત્ત્વનું બેઝ છે. પૂર્વ કિનારાનું અત્યંત મહત્ત્વનું કેન્દ્ર ગણાય છે. તેના કારણે જ જાણકારો માની રહ્યા છે કે, રીસર્ચના બહાને પક્ષીઓ દ્વારા જાસુસી કરાવવામાં આવી રહી છે.

ખાસ વાત એ છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન કરવારની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની રહી હતી. જાણકારોના મતે ઓપરેશન સિંદૂર દરમિયાન કરવાર ખાતે આઈએનએસ કદંબ ખાતેથી ભારતીય નૌસેનાએ ઓપરેશનલ અને લોજિસ્ટિક બેઝ તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ફ્રન્ટલાઈન યુદ્ધ જહાજો, એરક્રાફ્ટ કેરિયર વિક્રાંત, સબમરીનોની તહેનાતી અને તેમાં માલસામાનની આપૂર્તિના કામ અહીંયાથી જ થયા હતા. તે ઉપરાંત દરિયામાં સર્વેલન્સ માટે વિમાનો, હેલિકોપ્ટર માટે સપોર્ટ અહીંયાથી જ આપવામાં આવ્યો હતો. પશ્ચિમી દરિયાઈ વિસ્તારોમાં સી-ડિનાયલ અને સર્વેલન્સ ઓપરેશન અહીંયાથી જ કરવામાં આવ્યા હતા. ઓપરેશન દરમિયાન રેપિડ એક્શન અને ફોર્સ પ્રોજેક્શનમાં આઈએનએસ કદંબા ખૂબ જ નિર્ણાયક પુરવાર થયું છે. જાણકારોના મતે ઓપરેશન સિંદૂરમાં કરવાર બેઝ જે રીતે મદદગાર સાબિત થયું તે જોતા અરબ સાગરમાં ભારતીય નૌસાનાના દબદબાની વાત ચારેકોર ચર્ચાઈ રહી હતી. તેના કારણે જ ચીની જીપીએસ ધરાવતું સીગલ આ કિનારે મળવું થોડું વધારે ચિંતાજનક થઈ જાય છે. આ બેઝના રણનૈતિક મહત્ત્વને ધ્યાનમાં રાખીનેને સતર્કતા દાખવવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, પ્રાણીઓ દ્વારા કે પક્ષીઓ દ્વારા જાસુસી કરવી કે કરાવવી કંઈ નવી વાત નથી. કરવર પાસે ટ્રેકિંગ ડિવાઈસ લગાવેલું સીગલ પક્ષી મળી આવવું પણ પહેલી ઘટના નથી. ૨૦૨૪માં કરવર પાસે જ બૈથકોલ પોર્ટ ખાતે એક વોર ઈગલ પકડાયું હતું. તેના ઉપર પણ આ પ્રકારનું ટ્રેકિંગ ડિવાઈસ લગાવવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા આ ઈગલને પિંજરે પુરવામાં આવ્યું હતું. ત્યારબાદ ચીને ખુલાસો આપ્યો હતો કે આ ઈગલનો ઉપયોગ સાયન્ટિફિક રિસર્ચ માટે કરવામાં આવતો હતો. તેની પહેલાં ફેબ્રુઆરી ૨૦૨૪માં જ મુંબઈ પોલીસે ચીની જાસુસ કબુતરને મુક્ત કર્યું હતું. તેને પકડીને ૮ મહિના સુધી પિંજરે પૂરી રખાયું હતું.

ઘટના એવી છે કે, મુંબઈના પરા વિસ્તાર ચેમ્બુરખતે એક પીર પાઉ જેટ્ટી ઉપર આ કબુતર મળી આવ્યું હતું. તેના બંને પગમાં રિંગ પહેરાવેલી હતી. તેની ઉપર જે સંદેશ મળ્યો હતો તે ચાઈનિઝ ભાષામાં હતો. પોલીસને આ કબુતર ઉપર જાસુસીની શંકા જતા તેને મુંબઈની બાઈ સાકરબાઈ દિનશો પેટિટ હોસ્પિટલ ખાતે કેદ કરવામાં આવ્યું હતું. તેમાં એવું પણ કહેવાય છે કે, તપાસમાં એવી વિગત આવી હતી કે, આ કબુતરનો ઉપયોગ ઓપર રેસમાં કરવમાં આવતો હતો. ત્યારે તે રેસ દરમિયાન ભુલુ પડીને તાઈવાનથી ભારત આવી ચડ્યું હતું. પેટા દ્વારા આ કેસમાં દબાણ કરવામાં આવતા કબુતરને આઠ મહિને છોડવામાં આવ્યું હતું. તેવી જ રીતે કાશ્મીર પોલીસ દ્વારા ૨૦૨૦માં એક પાકિસ્તાની કબુતર પકડવામાં આવ્યું હતું. તેને પણ જાસુસીના આરોપમાં પકડાયું હતું. થોડા મહિના બાદ તેને છોડી દેવાયું હતું.

તેની પહેલાં ૨૦૧૪માં એક કબુતર પકડાયું હતું જેના ઉપર એક ચિઠ્ઠી બાંધેલી હતી જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ધમકી આપવામાં આવી હતી. મિલટરી માટે આવા જાસુસી પશુઓ કે પક્ષીઓ મળવા નવાઈની વાત નથી. એપ્રિલ ૨૦૧૯માં હવાલ્દિમિર એક વ્હાઈટ વ્હેલ નોર્વેના બરફીલા પાણીમાં મળી આવી હતી. તેના ઉપર લખેલું હતું કે, ઈક્વિપમેન્ટ ઓફ સેન્ટ પીટસબર્ગ અને તેની ઉપર એક કેમેરો પણ લગાવવામાં આવેલો હતો. આ અત્યંત જાણીતી બેલુગા વ્હેલ હતી. જે ગત વર્ષે જ મૃત્યુ પામી હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા છે કે, રશિયા દ્વારા આવી વ્હેલનો જાસુસ તરીકે દાયકાઓથી ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

જાનવરો દ્વારા જાસુસી કરવામાં આવે છે તે નવું નથી. સદીઓથી તેનો ઉપયોગ કરવામાં આવે છે. નોર્વેમાં બેલુગા વ્હેલને રશિયન જાસુસ માનવામાં આવી હતી.

૨૦૧૯માં પણ નોર્વેમાં બેલુગા વ્હેલ દ્વારા જાસુસી કરવાનો કિસ્સો સામે આવ્યો હતો. આ વ્હેલને માણસોની ભાષા સમજવા માટે ખાસ ટ્રેનિંગ અપાઈ હતી. રશિયા દ્વારા તેનો ઉપયોગ જાસુસી માટે કરાય છે. બેલુગા વ્હેલ અને દરિયાઈ ઘોડાનો ઉપયોગ દરિયામાં નીચેથી જાસુસી કરવા માટે કરે છે. ત્યારબાદ ઈરાને તેને ખરીદી લીધી હતી. અમેરિકાએ એકુસ્ટિકિટી ઓપરેશન ચલાવ્યું હતું.

## બાંગ્લાદેશના હાથમાં ભારતવિરોધી સ્ક્રીપ્ટ પકડાવી દેનારા નિષ્ફળ જશે

ભારતને પાકિસ્તાન તરફથી પાડોશીનું સુખ મળ્યું નથી ને મળવાનું નથી તે હકીકત છે. ભારતનો વધુ એક પાડોશી દેશ બાંગ્લાદેશ ભારતનો દુશ્મન બની ચૂક્યો છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ લશ્કરી સ્તરે ભારતનો સામનો કરી શકે એમ નથી, તેમજ અન્ય ક્ષેત્રોમાં પણ ભારતની બરાબરી કરી શકવાની તેમની ત્રેવડ નથી, છતાં તેઓ ભારતવિરોધી વલણ સ્પષ્ટપણે દેખાડે છે. આ બંને દેશોમાં ભારતવિરાધી માળા જપતા કટ્ટરપંથીઓનું વર્ચસ્વ વધી ગયું છે.

વૈશ્વિક રાજકારણમાં ભારતનું સ્થાન મજબૂત થતું જાય છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લાદેલા ભારે ટેરિફ સામે બાંયો ચઢાવી ચૂક્યું છે. રશિયાના પ્રમુખ પુટીનની ભારત મુલાકાત પછી બાંગ્લાદેશમાં ભારત વિરોધ જાહેરમાં જોવા મળી રહ્યો છે. બાંગ્લાદેશના કેરટેકર એવા મોહમ્મદ યુનુસના શાસનમાં કટ્ટરપંથીઓ વધુ જોરાવર બન્યા છે. પોતાની કટ્ટરતા તેઓ ભારતનો વિરોધ કરવામાં દર્શાવી રહ્યા છે.

બાંગ્લાદેશમાં થઈ રહેલો ભારતવિરોધ જોઈને આ ગુજરાતી કહેવત આવી જાય છે - દયા ડાકણને ખાય. જ્યારે બાંગ્લાદેશની સ્થાપના થઈ ત્યારે ભારતે બાંગ્લાદેશીઓ પ્રત્યે બહુ ઉદારતા દેખાડી હતી. બાંગ્લાદેશીઓના ધાડેધાડાં ભારતમાં પ્રવેશતા હતા. તેમને નિરાશ્રિત તરીકે ઓળખવામાં આવતા હતા. તેમને રહેવા માટે ભારતે સરહદ પર મોટા ટેન્ટ ઊભા કરાયા હતા અને તેમને મફત જમવાનું પીરસાતું હતું. અમદાવાદની એક સ્વૈચ્છિક સંસ્થા પણ નિરાશ્રિતોની સેવા કરવા સરહદે ટેન્ટ લાગવીને બેઠી હતી.

આજે એ જ બાંગ્લાદેશમાં ભારતના ટુકડા કરવાની વાતો થઈ રહી છે. ભારતની કમનસીબી એ છે કે ભારતના વિરોધીઓને આપણા જ કેટલાક રાજકરાણીઓનો ટેકો મળી રહ્યો છે. આવા લોકોને પાકિસ્તાન કે બાંગ્લાદેશમાં કોઈ રસ નથી, પરંતુ તેઓ સ્થાનિક સ્તરે પોતાની વોટબેન્ક ઊભી કરીને ખુદ મજબૂત બનવા મથે છે. આવા તકવાદી રાજકારણીઓ કે સત્તાલક્ષી રાજકારણ રમતા લોકો ભારત માટે જોખમી છે.

વૈશ્વિક તખ્તા પર વિકસીત દેશો સાથે પણ ભારતના હૂંફાળા સંબંધો છે, પરંતુ પાડોશી દેશો પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે કોઈ વાટકી વ્યવહારના પણ સંબધો નથી. અત્યાર સુધી અમેરિકાના ખીલે કૂદાકૂદ કરતું બાંગ્લાદેશ હવે પાકિસ્તાનની સોડમાં પેઠું છે. પાકિસ્તાન પોતે દેવામાં ડૂબેલું છે અને રાજકીય વિવાદોમાં ઘેરાયેલું છે, છતાં તે ભારત વિરોધી ગેમ રમવા બાંગ્લાદેશનો હાથા તરીકે ઉપયોગ કરી રહ્યું છે.

બાંગ્લાદેશે ભારતવિરોધી ઝેર ઓકવાના બદલે ભારતમાં રહેતા તેમના ભાઈભાંડુઓ સમાન નાગરિકોને પરત બોલાવી લેવા જોઈએ. લાખો બાંગ્લાદેશીઓ ભારતમાં દયાના ધોરણે રહે છે. જોકે નવા કાયદા અનુસાર હજારો બાંગ્લાદેશી ઘૂસણખોરોની હકાલપટ્ટી નિશ્ચિત બની છે.

પાકિસ્તાન કરતાં પણ બાંગ્લાદેશ વધુ ગરીબ છે. અનેકવાર રોટી રમખાણનો ભોગ બનેલું બાંગ્લાદેશ કેરટેકર મોહમ્મદ યુનુસના શાસનમાં વધુ ભૂરાંટુ બનીને ભારતનો વિરોધ કરી રહ્યું છે. વૈશ્વિક રાજકારણનો ખેલ બહુ વિચિત્ર છે. ભારત વિશ્વમાં સૌથી વધુ ઝડપે વિકસતું અર્થતંત્ર સાબિત થઈ રહ્યું છે ત્યારે બીજા વિકસિત દેશોને પેટમાં દુખે તે સ્વભાવિક છે.

ભારત વિશ્વમાં ચોથા નંબરનું અર્થતંત્ર બની ચૂક્યું છે ત્યારે તેને ડામાડોળ કરવા ભારતની અંદરના સરકાર વિરોધી તત્ત્વો અને પાકિસ્તાન તેમજ બાંગ્લાદેશ જેવાઓને હાથા બનાવીને અમેરિકા તથા ચીન જેવા કેટલાક દેશો ગેમ રમી શકે છે.

અનેક વૈશ્વિક પ્લેટફોર્મ પર ભારત અને બાંગ્લાદેશ સાથે બેસે છે, જેમકે કોમનવેલ્થ, સાર્ક, BIMSTEC, IORA વગેરે. બંને દેશો વચ્ચે સાસ્કૃતિક સંબંધો વિકસ્યા છે. અચાનક બાંગ્લાદેશે કેમ યુ ટર્ન લીધો તે પણ ચર્ચા માગી લે છે. ભારતે વિકસિત દેશોની હરોળમાં બેસવું હશે તો પાડોશી દેશો સાથે હૂંફાળા સંબંધો રાખવા પડશે.

# એકબીજાને ગળે વળગીને ઇચળ-અળશિયાંના મોતે મરવું છે કે પછી

### 'દુનિયાના લગભગ અડધોઅડધ વિજ્ઞાનીઓ અને ઇજનેરો આજે માણસોનું નિકંદન કાઢી નાખવાના નવા નવા નુસ્ખા શોધવામાં ગરકાવ છે. પોતે શું બનાવી રહ્યા છે અને તેનાં કેવાં પરિણામો આવશે, તેની એમને કશી પડી નથી'

હજુ એકાદ-બે દિવસ પહેલાંની જ વાત. જપાનના ચીફ કેબિનેટ સેક્રેટરીએ જાહેર કર્યું કે ના, જપાન ન્યુક્લિયર શસ્ત્રો વસાવશે તે વાત ખોટી. જપાને દાયકાઓ પહેલાં ન્યુક્લિયર શસ્ત્રોથી દૂર રહેવાનો નિર્ણય લીધો હતો, ને આ નિર્ણય પર દેશ આજે પણ દઢ છે. આવી ઘોષણા કેમ કરવી પડી? કેમ કે જપાનના એક અનામી સુરક્ષા અધિકારીએ સૂચન કરેલું કે જે રીતે જપાન સામે ખતરા ઊભા થઈ રહ્યા છે - ખાસ કરીને ચીન અને નોર્થ કોરિયા તરફથી - તે જોતાં જપાન પાસે આત્મસુરક્ષા માટે ન્યુક્લિયર વેપન્સ હોવાં જોઈએ. આ ઘટનાક્રમને કારણે જપાનમાં ફરી ચર્ચાએ જોર પકડ્યું છે કે આપણે દાયકાઓથી જે ત્રણ નોન-ન્યુક્લિયર સિદ્ધાંતોને પકડીને બેઠા છીએ તે વિશે પુનર્વિચાર કરવાની જરૂર છે કે નહીં?

શું છે આ 'ત્રણ નોન-ન્યુક્લિયર' સિદ્ધાંતો? જોઈએ. બીજા વિશ્વયુદ્ધના અંત તરફ, ૬ અને ૯ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ, અમેરિકાએ જપાનનાં બે શહેરો અનુક્રમે હિરોશીમા અને નાગાસાકી પર અણુબોમ્બ ઝીંકી દીધા હતા. દોઢથી અઢી લાખ જપાનીઓ કમોતે મર્યા. બાર વર્ષ બાદ, ૧૯૬૭માં જપાનના તત્કાલીન પ્રાઈમ મિનિસ્ટર ઈસાકો સાટોએ મહત્ત્વની ઘોષણા કરી, જે 'થ્રી નોન-ન્યુક્લિયર પ્રિન્સિપલ્સ' તરીકે જાણીતી થઈ. આ સિદ્ધાંતો એટલે- (૧) ન્યુક્લિયર શસ્ત્રો ધરાવવા નહીં, એટલે કે બીજા દેશો પાસેથી ખરીદવા નહીં, (૨) ન્યુક્લિયર શસ્ત્રો બનાવવા નહીં, (૩) ન્યુક્લિયર શસ્ત્રોને જપાનનાં પરવાનગી આપવી નહીં. ૧૯૭૧માં આ ત્રણ સિદ્ધાંતોએ જપાનની ઓફિશિયલ પોલિસીનું સ્વરૂપ ધારણ કર્યું.

૧૯૪૫માં હિરોશીમા અને નાગાસાકીનો વિનાશ જોઈને દુનિયા ધ્રૂજી ઉઠી હતી. એક એટમ બોમ્બ કેટલી હદે વિનાશ વેરી શકે છે તે દુનિયાએ પહેલી વાર જોયું. મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ



આઈન્સ્ટાઈને કહેલું, 'જો મને આવી ખબર હોત તો, તો મેં કદી આમાં (અણુ-વિભાજનમાં) સાથ આપ્યો ન હોત. આમાં મારી નૈતિક જવાબદારી છે. યેસ, આઈ પ્રેસ્ડ ધ બટન.' હેનેસ આલ્ફવેન નામના નોબલ પોરિતોષિક વિજેતા ભૌતિક વિજ્ઞાનીએ સરસ વાત કરી હતી. એમણે કહેલું, 'શબ્દનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ, પ્રામાણિક ઉપયોગ થવો જોઈએ, નહીં તો તે ભારે અનર્થકારી અને ગેરમાર્ગે દોરનારો સાબિત થાય. 'અણુશસ્ત્રો' - એમ કહેવું એ શબ્દનો આવો અનર્થકારી અને ખોટો ઉપયોગ છે. તેનાથી એવી છાપ પડે છે કે જાણે આ શસ્ત્રો અગાઉનાં શસ્ત્રોની જેવાં જરા જુદા પ્રકારનાં ને વધુ શક્તિશાળી શસ્ત્રો છે. લોકોના મનમાં આની સાથે કદાચ ઝળાંહળાં થતા બખ્તર સાથે લડતા શૂરવીર લડવૈયાનું ચિત્ર ઊભું થતું હશે. પરંતુ એક બોમ્બ નાખીને સ્ત્રીઓ ને બાળકો સહિત લાખો નિર્દોષ નાગરિકોનું નિકંદન કાઢી નાખવું અથવા તો એમને રિબાવી-રિબાવીને મારવા, માનવ-સંસ્કૃતિનો વિનાશ કરવો, અનેકાનક વિઘાતક અસરો જન્માવતું ઝેર સૃષ્ટિમાં ફેલાવી દેવું - આમાં લગીરે શૂરવીરતા કે પરાક્રમ નથી. એટલે આને 'શસ્ત્રો' નહીં પણ ચહહૈરૈનર્ચાજિ (એનિહિલેટર્સ) - નિકંદન કાઢી નાખનારાં 'સત્યાનાશકો' કહેવાં જોઈએ.'

વિજ્ઞાન સ્વયં તટસ્થ છે. વિજ્ઞાનની તાકાતનો ઉપયોગ વિકાસ માટે કરવો કે વિનાશ માટે કરવો તે માણસે નક્કી કરવાનું છે. ખરેખર તો હિરોશીમા-નાગાસિકાના વિધ્વંસ પછી અણુશસ્ત્રો બનાવવાની પ્રવૃત્તિ પર ચોકડી મૂકાઈ જવી જોઈતી હતી. દુર્ભાગ્યે એવું બન્યું નહીં. અણુશસ્ત્રો બનતાં જ રહ્યાં. ભૌતિકશાસ્ત્રનું નોબલ પ્રાઈઝ જીતનારા માર્ટિન રાઈલ નામના વિજ્ઞાનીએ કહેવું પડ્યું કે, 'દુનિયાના લગભગ અડધોઅડધ વિજ્ઞાનીઓ ને ઈજનેરો આજે માણસોનું નિકંદન કાઢી નાખવાના નવા નવા નુસ્ખા શોધવામાં ગરકાવ છે. પોતે શું બનાવી રહ્યા છે અને તેનાં કેવાં પરિણામો આવશે, તેની એમને કશી પડી નથી. બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું પછી મેં એમ નક્કી કરેલું કે હવે પછી હું કદાપિ મારા વૈજ્ઞાનિક જ્ઞાનનો લશ્કરી હેતુઓ માટે ઉપયોગ કરીશ નહીં. મેં એમ માનેલું કે ખગોળશાસ્ત્ર એવું વિજ્ઞાન છે, જેને લશ્કરી હેતુ સાથે કશો સંબંધ નહીં હોય... પરંતુ આજે હું જોઉં છું કે રેડિયો એસ્ટ્રોનોમી વિષયક અમારી શોધોનો પણ લશ્કરી હેતુસર વિકૃત ઉપયોગ જ થઈ રહ્યો છે. પરિણામે મારી વૈજ્ઞાનિક કારકિર્દીના અંત સમયે આજે હું એમ અનુભવ્યા વિના રહી શકતો નથી કે ૧૯૪૬માં હું એક ખેડૂત બની ગયો હોત તો બહેતર હતું...'

જપાનની તારાજી જોયા પછી ગાંધીજીનો અહિંસાના સિદ્ધાંત પર ભરોસો વધારે મજબૂત થયો હતો. તેમણે કહેલું, 'જે અદભુત શોધો આજકાલ હિંસાના ક્ષેત્રમાં થઈ રહી છે, તે જોઈને આપણે આભા થઈ જઈએ છીએ. પરંતુ હું ભારપૂર્વક કહું છું કે, તેના કરતાંય વધારે અકલ્પ્ય અને અશક્ય લાગતી શોધો અહિંસાના ક્ષેત્રમાં થશે. કોઈ પણ માણસને અહિંસાનો અનુભવ થઈ શકે છે. એટલે કે, અહિંસાનું આચરણ વિજ્ઞાનશુદ્ધ છે. અહિંસાનો અપવાદ વિનાનો કાયદો શોધનારા ઋષિમુનિઓ પોતે મહાન યોદ્ધા હતા. જ્યારે તેમણે આયુધબળની તુચ્છતાને જોઈ લીધી, જ્યારે તેમણે મનુષ્ય-સ્વભાવનો સાક્ષાત્કાર કર્યો, ત્યારે તેઓ આ હિંસામય જગતમાં અહિંસાના નિયમને જોઈ શક્યા. આ ઋષિમુનિઓ ન્યુટન કરતાં મહાન વિજ્ઞાનીઓ હતા તથા વેલિંગ્ટન કરતાં મહાન યોદ્ધાઓ હતા.'

હિરોશીમા અને નાગાસાકીનો વિધ્વંસ પછી પણ નઠારી માણસજાતે અનેકગણા વધારે ઘાતક ન્યુક્લિયર શસ્ત્રો બનાવ્યાં જ. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા-રશિયા વચ્ચે કોલ્ડ વોર ફાટી નીકળ્યું હતું. બન્ને દેશોએ એકએકથી ચડિયાતાં ન્યુક્લિયર વેપન્સ બનાવ્યાં. ૧૯૮૭માં દુનિયામાં કેટલાં ન્યુક્લિયર વોરહેડ્સ હતા, જાણો છો? ૭૦,૦૦૦ કરતાંય વધારે. આટલાં ન્યુક્લિયર શસ્ત્રોથી સમગ્ર પૃથ્વીનો એક નહીં અનેક વાર સફાયો થઈ જાય. જોકે ૧૯૮૦ના દાયકાના અંતમાં કોલ્ડ વોર પર પૂર્ણવિરામ મૂકાયા પછી ન્યુક્લિયર શસ્ત્રોની સંખ્યા ઘટવા લાગી. આજની તારીખે આ નવ દેશો પાસે ન્યુક્લિયર શસ્ત્રો હોવાનું મનાય છે: અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, ભારત, પાકિસ્તાન, ઈઝરાયલ અને નોર્થ કોરિયા. ૨૦૨૫ના ઓફિશિયલ આંકડા પ્રમાણે, આ નવ દેશો કુલ ૧૨,૨૦૦થી ૧૨,૪૦૦ ન્યુક્લિયર શસ્ત્રો ધરાવે છે. ભારત પાસે ૧૮૦, પાકિસ્તાન પાસે ૧૭૦ અને રશિયા-અમેરિકા પાસે સૌથી વધારે અનુક્રમે ૪૩૦૦ અને ૩૭૦૦ અણુશસ્ત્રો છે.

વિશ્વમાં સૌથી છેલ્લે નોર્થ કોરિયાએ ૨૦૧૭માં અણુવિસ્ફોટ અથવા કહો કે અણુપરીક્ષણ કર્યું હતું. તેની પહેલાં ભારત અને પાકિસ્તાને ૧૯૯૮માં ન્યુક્લિયર એક્સપ્લોઝિવ ટેસ્ટ્સ કરેલા. રશિયા-અમેરિકાએ અનુક્રમે ૧૯૯૦ અને ૧૯૯૨ પછી, અને ચીને ૧૯૯૬ પછી આ મામલામાં શાંતિ રાખી છે. હાલ ન્યુક્લિયર ટેસ્ટ બેન ટ્રિટી (સીટીબીટી, ૧૯૯૬) હેઠળ બંધાયેલા આ નવેનવ દેશો આ સંધિનું પાલન પણ કરી રહ્યા છે. કમસે કમ ઓફિશિયલી તો ખરા જ.

અણુશસ્ત્રોનું પરીક્ષણ સદંતર બંધ કરવા માટે બાવન નોબલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિકોએ સંયુક્તપણે નિવેદન આપ્યું હતું. અરે, ૧૯૯૮માં ભારત-પાકિસ્તાનમાં અણુ-પરીક્ષણો થયાં તે પછી ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશના કુલ ૬૩ નિવૃત્ત લશ્કરી અધિકારીઓએ એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું. તેમાં લખ્યું હતું કે, 'આ નિવેદન પર સહી કરનારા અમે બધાં કંઈ પંડિતો કે સિદ્ધાંતવાદીઓ કે આદર્શવાદીઓ નથી. અમે અમારી જિંદગીનાં ઘણાં બધાં વરસો શસ્ત્રાસ્ત્રોનો જ જેમાં મુખ્ય ઉપયોગ કરવાનો છે, એવી કારકિર્દીમાં ગાળ્યાં છે... અમારો દઢ મત છે કે અણુ શસ્ત્રાસ્ત્રો દક્ષિણ એશિયાના આખા વિસ્તારમાંથી તેમજ સમસ્ત પૃથ્વીમાંથી નેસ્તનાબૂદ થઈ જવાં જોઈએ. અમને પાકી ખાતરી છે કે ઝઘડાઓ ઉકેલવાનો શ્રેષ્ઠ ઉપાય શાંતિમય વાતચીત અને સમાધાન જ છે, યુદ્ધ નથી - અને તેમાંય અણુ શસ્ત્રાસ્ત્રોની ધમકી કે ઉપયોગ તો નથી જ નથી.'

સમયની સાથે ભલભલા ઘા રુઝાઈ જતા હોય છે. જપાનની નવી પેઢીના નાગરિકો અને કેટલાક રાજકારણીઓ માટે માટે હિરોશીમા-નાગાસાકીની કરૂણાંતિકા હવે ફક્ત ઈતિહાસનો હિસ્સો છે. તેઓ માને છે કે જપાન પાસે ન્યુક્લિયર શસ્ત્રો હોવાં જોઈએ - પ્રહાર કરવા માટે નહીં, પણ સ્ટ્રેટેજિક ટૂલ તરીકે. ૨૦૧૯માં જપાનમાં દેશવ્યાપી સર્વે થયો હતો. ૬૬થી ૭૫ ટકા જપાનીઓનો મત હતો કે જપાને ટ્રિટી ઓન ધ પ્રોહિબિશન ઓફ ન્યુક્લિયર વેપન્સ (એટલે કે આખી દુનિયામાં અણુશસ્ત્રો પર પ્રતિબંધ મૂકતી સંધિ) પર સહી કરવી જોઈએ.

જ્યાં સુધી માણસ ભીતરથી બદલાતો નથી ત્યાં સુધી કશું જ બદલાતું નથી, બદલાશે પણ નહીં. નઠારો માણસ વિનાશ વેરતો રહેવાનો છે. સ્વામી આનંદે એટલે જ પોતાની લાક્ષાણિક શૈલીમાં કશેક લખેલું કે, 'અણુ-પ્રયોગમાં તો નથી હારજીત કે નથી નાઠાબારી. તેમાં તો તમે સવાયા હો કે સામેવાળો, બેઉએ એકી સાથે એકબીજાને ગળે વળગીને ઈયળ-અળશિયાંના મોતે મરી જ રહેવાનું છે.'

# સુરેન્દ્રનગરના અંકિતાબેન બન્યા કુશળ ડ્રોન પાયલોટ : 'નમો ડ્રોન દીદી' યોજનાથી ખેતીમાં લાવી રહ્યા છે ક્રાંતિ

**સુરેન્દ્રનગર, તા.21**

સુરેન્દ્રનગર જિલ્લાના વાઘેલા ગામના અંકિતાબેન ધર્મેશભાઈ માલવણિયા 'નમો ડ્રોન દીદી' યોજના હેઠળ કુશળ ડ્રોન પાયલોટ બન્યા છે. તેઓ ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને ખેતીમાં ક્રાંતિ લાવી રહ્યા છે અને અન્ય ખેડૂતોને મદદ કરી રહ્યા છે. અંકિતાબેને જણાવ્યું કે, 'ડ્રોન ટેકનોલોજીથી ખેતીનું કામ સરળ બન્યું છે અને મને સન્માનજનક રોજગારી મળી છે. હું ખેતીમાં ક્રાંતિ લાવવાની સાથે પરિવારને આર્થિક રીતે સદ્ધર બનાવી રહી છું.'



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ અમલી બનેલી 'નમો ડ્રોન દીદી' યોજના ગુજરાતની ગ્રામીણ મહિલાઓ માટે આર્થિક સદ્ધરતા અને આત્મનિર્ભરતાનું સબળ માધ્યમ બની છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને આધુનિક કૃષિ ટેકનોલોજી સાથે જોડીને તેમને રોજગારીના નવા અવસરો પૂરા પાડવાનો છે, જેનાથી તેઓ ઘરકામની મર્યાદાઓ ઓળંગીને આધુનિક ટેકનોલોજીના સહારે 'લખપતિ દીદી' બનવા તરફ આગળ વધી શકે.



અંકિતાબેનની આ સફળ સફર ત્યારે શરૂ થઈ જ્યારે તેમણે ગામના સખી મંડળ દ્વારા 'નમો ડ્રોન દીદી' યોજના વિશે જાણકારી મેળવી. ઈન્ટરવ્યુ બાદ તેમની પસંદગી તાલુકા કક્ષાએ કરવામાં આવી. ત્યારબાદ, તેમને અમદાવાદની ઈન્ડસ યુનિવર્સિટી ખાતે 15 દિવસની સઘન તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં તેમને ડ્રોન ટેકનોલોજી, તેના સંચાલન, જાળવણી અને સુરક્ષાના નિયમો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. તાલીમ બાદ પરીક્ષામાં સફળતાપૂર્વક ઉત્તીર્ણ થઈને તેઓ કુશળ ડ્રોન દીદી બન્યા.

તાલીમ પૂર્ણ થયાના થોડા જ દિવસોમાં અંકિતાબેનને સરકાર તરફથી આધુનિક ડ્રોન મળ્યું, જે તેમની આર્થિક સમૃદ્ધિનું માધ્યમ બન્યું છે. તેઓ ખેડૂતોના ખેતરમાં જઈને કુશળતાપૂર્વક જંતુનાશક દવાઓનો છંટકાવ કરે છે. ખાસ કરીને રવી પાક દરમિયાન તુવેર જેવા ઊંચા પાકોમાં મેન્યુઅલ પદ્ધતિથી દવાનો છંટકાવ કરવો કષ્ટદાયક હોય છે, ત્યારે આ ડ્રોન ખેડૂતો માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. ડ્રોન ટેકનોલોજીના કારણે ખેડૂતો હવે સરળતાથી અને ઓછા સમયમાં દવાઓનો છંટકાવ કરી શકે છે, જેનાથી સમય અને શ્રમ બંનેની બચત થાય છે.

## પશ્ચિમ કચ્છ SOGએ વિસ્ફોટક પદાર્થ સાથે બે ઝડપ્યા : અબડાસાના કોઠારામાંથી 10 ગોળા અને હથિયારો જપ્ત કરાયા

**કચ્છ, તા.21**

પશ્ચિમ કચ્છ-ભુજ SOGએ અબડાસાના કોઠારા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વિસ્ફોટક પદાર્થ સાથે બે આરોપીઓની ધરપકડ કરી છે. આ કાર્યવાહી શનિવારે કરવામાં આવી હતી. આરોપીઓ પાસેથી 10 વિસ્ફોટક ગોળા, એક છરી અને બે મોટરસાયકલ જપ્ત કરવામાં આવ્યા છે.SOG સ્ટાફ અબડાસા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. તે દરમિયાન એએસઆઈ માણેકભાઈ ગઢવીને ખાનગી બાતમી મળી હતી. આ બાતમીના આધારે, કોઠારા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ડાહા ગામ પાસેના કાચા રસ્તા પર વોચ ગોઠવવામાં આવી હતી. પોલીસે કાંતિલાલ શાંતિલાલ પટણી (ઉંમર 45, રહે. મોટી રાયણ, તા. માંડવી) અને શાંતિલાલ રામજી દાતણીયા (ઉંમર 44, મૂળ રહે. મેરાઉ, હાલ રહે. ડોણ પાટિયા, તા. માંડવી) ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ઘઉંના લોટમાંથી



બનાવેલા 10 વિસ્ફોટક ગોળા (કિંમત 1,000), એક છરી (કિંમત 50) અને બે મોટરસાયકલ (કિંમત 30,000) સહિત કુલ 31,050 નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આરોપીઓ વિરુદ્ધ કોઠારા પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટક પદાર્થ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સામખીયારી-રાધનપુર હાઈવે પર ટેન્કરમાં આગ : ગાગોદર પોલીસે સ્થાનિકોની મદદથી કાબુ મેળવી દુર્ઘટના ટાળી



**કચ્છ, તા.21**

કચ્છના સામખીયારી-રાધનપુર નેશનલ હાઈવે પર રવિવારે સવારે એક ટેન્કરમાં રાપરના ગાગોદર નજીક આગ લાગી હતી. આ ઘટના આડેસર તરફ જઈ રહેલા ટેન્કરમાં બની હતી, જેના કારણે હાઈવે પર ભયનો માહોલ સર્જાયો હતો. ગાગોદર પોલીસે સરપંચ અને સ્થાનિકોની મદદથી સમયસર આગ પર કાબુ મેળવી મોટી દુર્ઘટના ટાળી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાપર તાલુકામાંથી પસાર થતા આ હાઈવે પર વહેલી સવારે કંડલાથી રાજસ્થાન જઈ રહેલા એક ટેન્કરના એન્જિન ભાગમાં અચાનક આગ લાગી હતી. ટેન્કર ચાલકે તાત્કાલિક વાહન રોડ સાઈડમાં ઊભું રાખી દીધું હતું. ઘટનાની જાણ થતા જ ગાગોદર પોલીસ સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. મેવાસા ગામના સરપંચ અને સ્થાનિક લોકોએ પણ સમયસૂચકતા વાપરી પોલીસને મદદ કરી હતી.

પોલીસ સ્ટાફે ખાનગી એકમના વોટર બાઉઝરની મદદથી આગ પર પાણીનો મારો ચલાવ્યો હતો. ગાગોદર પોલીસે સ્થાનિક લોકોના સહયોગથી ગણતરીની મિનિટોમાં આગને કાબુમાં લેવામાં આવી હતી, જેનાથી મોટી નુકસાની ટળી હતી. આ ત્વરિત કાર્યવાહીના કારણે એક મોટી દુર્ઘટના ટળી હતી. સલામતીના કારણોસર, થોડા સમય માટે વાહન વ્યવહાર પણ અટકાવવામાં આવ્યો હતો.

## હરિયાણાની કુખ્યાત ગેંગના શૂટરને ATSએ કચ્છમાંથી દબોચ્યો : રોહિત ગોદારા અને નવીન બોક્સર ગેંગનો સાગરિત હત્યા કેસમાં ફરાર હતો

**અમદાવાદ, તા.21**

ગુજરાત ATSએ હરિયાણાના રોહિત ગોદારા અને નવીન બોક્સર ગેંગનો શૂટર કચ્છના રાપરમાંથી ઝડપી પાડ્યો છે. આરોપીએ હરિયાણાના કોર્ટ પરિસરમાં ગેંગવોરમાં હત્યા કરી હતી.આરોપીને આશ્રય આપનારની પણ ATSએ ધરપકડ કરી છે.



ગુજરાત ATSએ બાતમીના આધારે કચ્છના રાપરમાંથી હરિયાણાના નવીન બોક્સર ગેંગના શૂટર વિકાસ ઉર્ફે ગોલુ શ્યોરણની ધરપકડ કરી છે.વિકાસ નાગેશ્વર પાર્ક આર. ઓ પ્લાન્ટ કંપનીમાં પોતાના ઓળખીતા દિન્કેશ ગર્ગના ત્યાં રોકાયો હતો.ATS એ દિનેશ ગર્ગની પણ ધરપકડ કરી છે. ATSની પૂછપરછમાં સામે આવ્યું છે કે વિકાસે 4 સપ્ટેમ્બરે હરિયાણાના ભીવાની શહેરના કોર્ટ પરિસરમાં અજય તથા રોહિત સાથે મળીને લવજીત નામના વ્યક્તિની હત્યા કરી હતી.

હત્યા માટે પિસ્તોલ રોહિત ગોદારા દ્વારા મોકલવામાં આવી હતી.આ હત્યાનો બનાવ બે ગેંગ વચ્ચે ચાલી રહેલી ગેંગોરની અદાવતમાં બન્યો હતો.આ અંગે ભીવાની પોલીસ લાઈન પોલીસ સ્ટેશનમાં ગુનો પણ નોંધવામાં આવ્યો હતો. રોહિત ગોદારા પણ નવીન બોક્સર ગેંગ નો સભ્ય છે. હત્યા બાદ વિકાસ નાસ્તો ફરતો હતો અને નવેમ્બર મહિનામાં રોહિત ગોદારાની સૂચનાથી દિન્કેશે રાપરમાં વિકાસને આશ્રય આપ્યો હતો. હાલ બંને આરોપીઓનો કબજો હરિયાણા પોલીસને સોંપવા માટે તજવીજ હાથ ધરી છે.

## રાપર નગરપાલિકાએ રૂ. 46.54 કરોડના વિકાસ કાર્યો શરૂ કર્યા : શહેરના સર્વાંગી વિકાસ માટે ભંડોળ ફાળવાયું, ભીંતચિત્રોથી નગર શોભી ઉઠ્યું

**કચ્છ, તા.21**

રાપર નગરપાલિકા દ્વારા શહેરના વિકાસ માટે રૂ. 46.54 કરોડના વિવિધ કાર્યો હાથ ધરવામાં આવશે. આ ભંડોળ રાજ્ય સરકાર દ્વારા સાંસદ, ધારાસભ્ય અને શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાપર શહેરનો સર્વાંગી વિકાસ કરવાનો છે. નગરપાલિકાના પ્રમુખ ચાંદભાઈ ભીંડે અને ચીફ ઓફિસર તરુણદાન ગઢવીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલ 42,000 થી વધુ વસ્તી ધરાવતા આ શહેરના વિકાસ માટે આ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.



આ કાર્યો તાત્કાલિક શરૂ કરીને ઝડપથી પૂર્ણ કરવાની યોજના છે. વિકાસ કાર્યોમાં રાપર સીમ તળમાં પીવાના પાણીની વ્યવસ્થા, બ્લોક રોડનું નિર્માણ, પાણીની પાઈપલાઈન, રોડ લાઈટ અને પાણીના ટાંકા સહિતની કામગીરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, શહેરની વસ્તીને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે આરો ફિલ્ટર પ્લાન્ટ પણ સ્થાપિત કરવામાં આવશે. નવી ગટર લાઈન નાખવાની યોજના અને સુવઈથી રાપર સુધી પાઈપલાઈન નાખવાની કામગીરી પણ હાથ ધરાશે. શહેરના સૌંદર્યકરણ માટે આંઢવાળા તળાવ અને નગાસર તળાવનો વોકવે પથ અને સુશોભન સાથે વિકાસ કરવામાં આવશે. જાહેર પથ પર અને સરકારી દિવાલો પર કચ્છીયતને ઉજાગર કરતી પેઈન્ટિંગ્સ બનાવવામાં આવશે. પાવર હાઉસથી સુખડધાર સુધી ગૌરવ પથ અને જાહેર સ્થળો તથા માર્ગો પર બેસવા માટે બેન્ચો મૂકવામાં આવશે. કચરા વ્યવસ્થાપન માટે કોન્ટ્રેક્ટ બેઝ પર કામગીરી કરાશે, જેમાં સૂકો અને લીલો કચરો અલગ કરીને પ્લાસ્ટિક તથા અન્ય સામગ્રીનું વેચાણ કરવામાં આવશે. આ ભંડોળ રાજ્ય સરકાર દ્વારા સાંસદ, ધારાસભ્ય અને શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાપર શહેરનો સર્વાંગી વિકાસ કરવાનો છે. નગરપાલિકાના પ્રમુખ ચાંદભાઈ ભીંડે અને ચીફ ઓફિસર તરુણદાન ગઢવીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું.

**વિશ્વમાં જ્યારે પણ જાહેર સાહસોનું ખાનગીકરણ થયું છે ત્યારે નફાખોરીના કારણે લોકોના જીવ જોખમમાં મુકાયા જ છે, ભરતે વિચાર કરવો જોઈએ**

# અણુઊર્જામાં ખાનગીકરણ : શાંતિ બિલના સપના દેશમાં અશાંતિ ન ફેલાવે!

સરકાર માને છે કે, સૌથી પહેલાં તો પ્રાઈવેટ કંપનીઓના આવવાથી ન્યૂક્લિયર એનર્જી સેક્ટરમાં મોટાપાયે રોજગારીનું સર્જન થશે. બીજી બાબત એવી છે કે, કાર્બન ઉત્સર્જન કરનારા ઊર્જાના બીજા સ્રોત ઉપરથી ભારતની નિર્ભરતા ઓછી થશે : ભારત પાસે હાલમાં 24 ન્યૂક્લિયર રિએક્ટર છે. દેશમાં હાલમાં આ તમામ પાવર પ્લાન્ટ દ્વારા 8.8 ગીગાવોટ ન્યૂક્લિયર એનર્જી ઉત્પન્ન કરવામાં આવે છે. સરકાર દ્વારા 2032 સુધીમાં 22 ગીગાવોટ અને 2047 સુધીમાં 100 ગીગાવોટ સુધીનું પ્રોડક્શન કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે : રશિયાના ચેર્નોબિલની ઘટના કે પછી જાપાનના ફુકુશિમા પ્લાન્ટની દુર્ઘટના જેવા કિસ્સામાં જો ખાનગી કંપનીઓ યોગ્ય પગલાં ન લઈ શકે તો મોટા જાનહાની થવાની અને રાષ્ટ્રીય સુરક્ષા જોખમાવાની સ્થિતિ આવી શકે છે

રાજ્યસભામાં તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા એક બિલ પસાર કરવામાં આવ્યુ જેની ચર્ચા ચારેકોર ચાલી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં ન્યૂક્લિયર એનર્જીના સેક્ટરમાં પ્રાઈવેટ પ્લેયર્સની એન્ટ્રી કરવાનો માર્ગ મોકળો કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, લોકસભામાં સસ્ટેઈનેબલ હાર્નેસિંગ એન્ડ એડવાન્સમેન્ટ ઓફ ન્યૂક્લિયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા(શાંતિ) બિલ ૨૦૨૫ પસાર કરવામાં આવ્યું હતું. લોકસભામાં જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા ન્યૂક્લિયર ડેમેજના કિસ્સામાં સિવિલ લાયેબિલિટી અને વૈધાનિક દરજ્જા માટે વ્યવહારિક કામગીરી કરવામાં આવે તે જરૂરી છે.

સૌથી પહેલાં તો સમજવાની વાત એ છે કે, એટોમિક એનર્જી એક્ટ ૧૯૬૨ અને સિવિલ લાયેબિલિટી પોર ન્યૂક્લિયર ડેમેજ એક્ટ ૨૦૧૦ જેવા ન્યૂક્લિયર એનર્જીના જૂના કાયદાઓને બદલવા માટે નવો કાયદો બનાવાયો છે. તેના દ્વારા પ્રાઈવેટ કંપનીઓ ન્યૂક્લિયર સેક્ટરમાં પ્રવેશ કરશે અને જોઈન્ટ વેન્ચરમાં પણ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ પણ બનાવી શકશે. અત્યાર સુધી એટોમિક એનર્જી એક્ટ ૧૯૬૨ હેઠળ ન્યૂક્લિયર પાવરના તમામ હક અને અધિકારો ભારત સરકાર પાસે છે. યુરેનિયમ એનરિચમેન્ટ, સ્પેન્ટ ફ્યૂઅલ મેનેજમેન્ટ, રીપ્રોસેસિંગ અને હેવી વોટર પ્રોડક્શન જેવી તમામ કામગીરીઓ નવા કાયદાના અમલીકરણ છતાં ભારત સરકાર અને તેના હેઠળની સરકારી કંપનીઓ કે એજન્સીઓ પાસે જ રહેશે. નવા બિલ દ્વારા જે એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડની સ્થાપના કરવામાં આવી છે તે પણ મહત્ત્વની છે. આ બોર્ડ દ્વારા સેફ્ટી સ્ટાન્ડર્ડની ખરાઈ કરાશે, સમયાંતરે ઈન્સ્પેક્શન કરવામાં આવશે અને રેડિયેશનની લિમિટ નક્કી કરવામાં આવશે તથા ખાનગી કંપનીઓ યોગ્ય માપદંડો અને નિયમો હેઠળ કામ કરે છે કે નહીં તે જોવાનું કામ પણ કરાશે.

મહત્ત્વની વાત એ છે કે, જે કંપનીઓ લોકહિતથી વિરુદ્ધ કામ કરતી હશે, સુરક્ષાના નિયમો અને માપદંડોનું પાલન નહીં કરતી હોય તે તમામ સામે આ જ બોર્ડ દ્વારા દંડાત્મક પગલાં લેવામાં આવશે. બોર્ડ આવી કંપનીઓના લાઈસન્સ કેન્સલ કરી શકશે અને તેમને આકરો દંડ પણ ફટકારી શકશે. બોર્ડ દ્વારા કંપનીઓને નાની ભુલથી માંડીને કોઈ મોટી ભુલ કે સુરક્ષા ચુક થઈ હશે તો પાંચ લાખથી શરૂ કરીને એક કરોડ રૂપિયા સુધીનો દંડ કરવાની સત્તા આપવામાં આવી છે. આ ઉપરાંત સરકાર દ્વારા ન્યૂક્લિયર ડેમેજ ક્લેઈમ્સ કમિશનની પણ સ્થાપના કરવાનું સુચન કરાયું છે. આ કમિશન દ્વારા અકસ્માત કે અન્ય વિપરિત સ્થિતિમાં વળતર ચુકવવા મુદ્દે નિર્ણય લેવામાં આવશે.

ખાસ વાત એવી છે કે, સરકારનું માનવું છે કે, ન્યૂક્લિયર એનર્જી સેક્ટરમાં પ્રાઈવેટ પ્લેયર્સની એન્ટ્રી કરવાથી સમગ્ર સ્થિતિ બદલાઈ જશે. સરકાર માને છે કે, સૌથી પહેલાં તો પ્રાઈવેટ કંપનીઓના આવવાથી ન્યૂક્લિયર એનર્જી સેક્ટરમાં મોટાપાયે રોજગારીનું સર્જન થશે. બીજી બાબત એવી છે કે, એનર્જી સેક્ટરમાં ભારતને જે ક્લિન એનર્જી ની ખોટ સાલી રહી છે તે મોટાપાયે પ્રાઈવેટ પ્લેયર્સ દ્વારા ભરપાઈ થશે તેમ લાગી રહ્યું છે. કાર્બન ઉત્સર્જન કરનારા ઊર્જાના બીજા સ્રોત ઉપરથી ભારતની નિર્ભરતા ઓછી થશે. ભારત ન્યૂક્લિયર એનર્જી અને એનર્જી સેક્ટરમાં વધારે આત્મનિર્ભર બનશે.



સિવિલ લાયેબિલિટી ફોર ન્યૂક્લિયર ડેમેજ એક્ટ ૨૦૧૦ હેઠળ ન્યૂક્લિયર પ્લાન્ટ ઓપરેટર કેટલાક કિસ્સામાં સપ્લાયરની સામે કાયદેસરના પગલાં લઈ શકશે. જો સપ્લાયર સાથે લેખિતમાં કરાર કરવામાં આવ્યો હશે તો ચોક્કસ પગલાં લઈ શકાશે. અયોગ્ય મટિરિયલનો સપ્લાય કરવામાં આવ્યો હશે અને એક્સિડેન્ટ થશે તો પગલાં લઈ શકાશે. જાણીજોઈને કોઈ ભુલ કરવામાં આવી હશે અને તેના દ્વારા કોઈ અકસ્માત સર્જાશે તો પણ ગંભીર પગલાં લેવામાં આવશે. સરકાર દ્વારા ન્યૂક્લિયર ડેમેજ એક્ટ ૨૦૧૦ના કાયદામાં ઘણા ફેરફાર કરવામાં આવ્યા છે જેના કારણે ન્યૂક્લિયર સેક્ટરમાં ખાનગી કંપનીઓ દ્વારા મોટાપાયે રોકાણ કરવામાં આવે.

જાણકારો માને છે કે, ઓપરેટર અને સપ્લાયર વચ્ચે નિયમોના આધારે કોન્ટ્રાક્ટ કરવામાં આવ્યા હશે તો જ જવાબદારી નક્કી કરીને પગલાં લેઈ શકાશે. મહત્ત્વની વાત એ છે કે, આંતરરાષ્ટ્રીય ગુણવત્તા માપદંડોને આધિન રહીને ૩૦૦ મિલિયન સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ હેઠળ મહત્તમ જવાબદારી નક્કી કરવામાં આવશે. એસડીઆરની વેલ્યુ ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ દ્વારા નક્કી કરવામાં આવેલી છે.

એસડીઆરના બાસ્કેટમાં અમેરિકી ડોલર, યુરો, પાઉન્ડ અને જાપાની યેનનો સમાવેશ થાય છે. એક્સ્ચેન્જ રેટ પ્રમાણે ૩૦૦૦થી ૩૫૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ થાય છે.

ખાસ વાત એ છે કે, જો લાયેબિલિટી વધી જશે તો શાંતિ બિલની વાત કરીએ તો ઓપરેટર્સે ઈન્સ્યોરન્સ અથવા તો લાયેબિલિટી ફંડ અંદાજે ૧૧ મિલિયન ડોલર (૯૯ કરોડ રૂપિયા) થી ૩૩૦ મિલિયન ડોલર (૨૯૭૯ કરોડ રૂપિયા) જેટલું ફંડ રાખવું પડશે. આ ફંડ તેના રિએક્ટરના કદના આધારે નક્કી કરવામાં આવશે.

મહત્ત્વનું એ છે કે, તાતા પાવર, અદાણી પાવર અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવા મોટા પ્રાઈવેટ પ્લેયર સહિત ઘણી કંપનીઓ દ્વારા આ સેક્ટરમાં રસ દાખવવામાં આવ્યો છે. આ ઉપરાંત વેસ્ટિંગહાઉસ, જીઈ-હિટાચી અને ફ્રાન્સની ઈડીએફ તથા રશિયાની રોસેટમ દ્વારા ભારતીય કંપનીઓ સાથે ન્યૂક્લિયર સેક્ટરમાં જોડાણ અને રોકાણ કરવાની તૈયારી બતાવવામાં આવી છે.

સમજવા જેવી વાત એ છે કે, ન્યૂક્લિયર સેક્ટરમાં ખાનગી કંપનીઓની એન્ટ્રી માટે જે ચર્ચા ચાલી છે તે ખૂબ જ મોટું પરિવર્તન લાવી શકે છે. પાવર સેક્ટરમાં જે સરકાર દ્વારા લક્ષ્ય રાખવામાં આવ્યા છે અને તેમાંય સ્વચ્છ ઊર્જાની જે ડિમાન્ડ અને સપ્લાય વધારવાની તૈયારીઓ ચાલી રહી છે તેમાં આ પગલાંથી મોટાપાયે રોકાણ આવી શકે તેમ છે. તેનાથી આ સેક્ટરમાં કામગીરીમાં ઝડપ આવશે.

ન્યૂક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનપીસીઆઈએલ) દ્વારા તેની તમામ જવાબદારી નક્કી કરવામાં આવી છે.

દેશમાં હાલમાં આ તમામ પાવર પ્લાન્ટ દ્વારા ૮.૮ ગીગાવોટ ન્યૂક્લિયર એનર્જી ઉત્પન્ન કરવામાં આવે છે. સરકાર દ્વારા ૨૦૩૨ સુધીમાં ૨૨ ગીગાવોટ અને ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવોટ સુધીનું પ્રોડક્શન કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

સમજવા જેવી બાબત એ છે કે, ૨૦૧૦માં તત્કાલિન કેન્દ્ર સરકાર દ્વારા પરમાણુ સેક્ટરમાં કોઈપણ ખામી આવે કે એક્સિડન્ટ થાય ત્યારે જવાબદારી સપ્લાયરની બને તેવી વાત કરવામાં આવી હતી. તે સમયે ભાજપ દ્વારા તેનો સખત વિરોધ કરાયો છતાં કોંગ્રેસ સરકારે આ મુદ્દે બિલમાં રાખ્યો હતો. તેના હેઠળ ભારતીય અદાલતોમાં પણ વિદેશી કંપનીઓ વિરુદ્ધ ખટલો ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી.

તે સમયે ફ્રાન્સ અને અમેરિકાની કંપનીઓ દ્વારા વિરોધ નોંધાવીને આ કામગીરીમાંથી હાથ પાછા ખેંચી લેવાયા હતા. હાલની સ્થિતિમાં ન્યૂક્લિયર સેન્ટર ઓપરેટર ઉપર મેગાવોટની ક્ષમતા પ્રમાણે દંડની રકમ નક્કી કરવાનો નિયમ છે. તેના હિસાબે ૧૫૦ મેગાવોટ ઉપર ૧૦૦ કરોડ અને ૧૫૦૦ મેગાવોટ ઉપર ૧૫૦૦ કરોડ તથા ૩૬૦૦ માગવોટ ઉપર ૩૬૦૦ કરોડની રકમનો દંડ નક્કી કરવામાં આવ્યો હતો. વિદેશી કંપનીઓ દ્વારા આ કાયદામાં મોટાપાયે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો અને તેમાં સુધારો કરવાની માગ કરવામાં આવી હતી.

દુનિયાભરમાં નજર કરીએ તો અમેરિકા, યુરોપ, જાપાન જેવા દેશોમાં ઘણા સમય પહેલાંથી ખાનગી કંપનીઓને ન્યૂક્લિયર સેક્ટરમાં અવસર આપવામાં આવ્યો હતો. આ કંપનીઓ દ્વારા સ્મોલ મોડ્યુલર રિએક્ટર જેવા વિકલ્પોમાં રોકાણ અને કામ કરવામાં આવ્યું હતું. મોટો ફાયદો એ છે કે, ખાનગી કંપનીઓના આવવાથી આ સેક્ટરમાં મોટાપાયે મૂડી રોકાણ થાય છે. રોકાણ વધારે આવે તેનાથી સ્મોલ મોડ્યુલર રિએક્ટર સહિત ઘણા સેક્ટરમાં નવી ટેક્નોલોજી ઉપર કામ કરી શકાય તેમ છે. તેનો બીજો મોટો ફાયદો એ છે કે, યોજનાઓના સર્જનની સમય મર્યાદા ઘટી શકે છે જેનાથી ઊર્જા ઉત્પાદન ઝડપી શરૂ થઈ શકે છે. જાણકારો માને છે કે, ન્યૂક્લિયર એનર્જીમાં વધારો થશે તો કાર્બન સ્રોત દ્વારા થતી ઊર્જાનું ભારણ ઘટશે. તેના કારણે જૈવ ઈંધણ ઉપરની નિર્ભરતા ઘટશે અને પ્રદુષણમાં પણ મોટાપાયે ઘટાડો થશે. તેના પગલે જલવાયુ પ્રદુષણના લક્ષ્યાંકોને પણ સારી રીતે પ્રાપ્ત કરી શકાશે. ખાસ કરીને ઠંડીના સમયમાં અને ઋતુઓના ફેરફાર સમયે સ્વચ્છ ઊર્જાનો ઉપયોગ થતો હોય તો પ્રદુષણ કાબુમાં રહે છે. ફાયદા તો ઠીક છે પણ યોજનાના નુકસાન અંગે ખાસ વિચાર કરવો જોઈએ. જાણકારો માને છે કે, આ સેક્ટરમાં ખાનગી કંપનીઓ ઘુસે પછી જો તેઓ નફાખોરીના વલણને અપનાવી લેશે તો સુરક્ષાના માપદંડો સાથે મોટાપાયે ચેડાં થઈ શકે તેમ છે.

# ટી20 વર્લ્ડકપ 2026માંથી શુભમન ગિલને કેમ પડતો મુકાયો, જાણો ટીમ ઈન્ડિયાના સિલેક્શનની ઈન્સાઈડ સ્ટોરી....

**નવી દિલ્હી, તા.21**



ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (BCCI)ની સિનિયર સિલેક્શન કમિટીએ આજે શનિવારે(20 ડિસેમ્બર) ફેબ્રુઆરીમાં શરૂ થનારી T20 વર્લ્ડ કપ 2026ને લઈને ભારતીય ટીમની જાહેરાત કરી છે. અજિત અગરકરના નેતૃત્વ હેઠળની પેનલે આખરે મુખ્ય કોચ ગૌતમ ગંભીરના ફેવરિટ ગણાતા સુંદર અને રિંકુ બંનેએ બાજી મારીને ટીમમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધું છે. બીજી તરફ ઝારખંડ માટે અલગ-અલગ ઘરેલુ પ્રતિયોગિતામાં સારા એવા રન કરવાનું ઈશાન કિશનને ફળ મળ્યું છે. એક સમયે BCCIએ કૉન્ટ્રૅક્ટમાંથી પણ કાઢી મૂકેલા ઈશાનને 750 દિવસ બાદ ટીમ ઈન્ડિયાએ સામેલ કરવાનો નિર્ણય લીધો છે. તાજેતરમાં ઈશાને ઝારખંડને સૈયદ મુશ્તાક અલી ટ્રોફીનો ખિતાબ અપાવ્યો હતો. હરિયાણા સામેની ફાઈનલમાં તેણે ધમાકેદાર સદી ફટકારી હતી. આ બધા વચ્ચે ક્રિકેટ ચાહકોને એક પ્રશ્ન સતત સતાવી રહ્યો છે કે આખરે શુભમન ગિલને કેમ બેસાડી દેવામાં આવ્યો?

જ્યારે BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ 2026 T20 વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી ત્યારે શુભમન ગિલ પત્તું કપાઈ ગયું હતું. આ દરમિયાન એક ચોંકાવનારી માહિતી સામે આવી છે કે શુભમન ગિલને T20 ટીમમાંથી બહાર કરાયાની કોઈએ જાણ કરી ન હતી. એક ખાનગી રિપોર્ટમાં BCCI સૂત્રના હવાલે જણાવાયું છે કે મુખ્ય પસંદગીકાર અજિત અગરકર, મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન સૂર્યકુમાર યાદવે પણ શુભમન ગિલ સાથે ટીમમાંથી બહાર થવા અંગે વાત કરી ન હતી. બીજી તરફ કેપ્ટન સૂર્યકુમાર યાદવ પણ ખરાબ ફોર્મમાં હતો, પરંતુ તેમની કેપ્ટનશીપ ઓછામાં ઓછી વર્લ્ડ કપ સુધી તો અકબંધ રહેશે.

રિપોર્ટ મુજબ દક્ષિણ આફ્રિકા સામેની T20 શ્રેણી દરમિયાન શુભમન ગિલને પગમાં ઈજા થઈ ત્યારથી એવા અહેવાલો વહેતા થયા હતા કે ગૌતમ ગંભીર અને સૂર્યકુમાર યાદવ સહિત ટીમ મેનેજમેન્ટે ગિલના વિકલ્પો શોધવાનું શરૂ કરી દીધું છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ગિલ અમદાવાદમાં રમાયેલી પાંચમી T20 મેચમાં રમવા માંગતો હતો, પરંતુ સૂત્રોએ જણાવ્યું હતું કે ટીમ મેનેજમેન્ટે તેને તે પહેલા જ ટીમમાંથી બહાર કરવાની યોજના બનાવી લીધી હતી. આનો અર્થ એ થયો કે ગિલને કોઈપણ પૂર્વ સૂચના વિના ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો.

શુભમન ગિલની ઈજા અંગે ફ્રેક્ચરની અટકળો ચાલી રહી હતી પરંતુ તબીબી ટીમન સ્પષ્ટ કર્યું હતું કે ગિલની ઈજા ગંભીર નથી. પરિણામે, તે દક્ષિણ આફ્રિકા સામે પાંચમી T20I રમી શકે છે. પ્રેસ કોન્ફરન્સમાં એ પણ જોવા મળ્યું કે મુખ્ય ટીમ પસંદગીકાર અજિત અગરકરે ગિલને કેમ પડતો મુકાયો તે અંગે કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો ન હતો. તો બીજી તરફ સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, ટીમ મેનેજમેન્ટ પહેલાથી જ ગિલ માટે વૈકલ્પિક વિકલ્પો પર વિચાર કરી રહ્યું હતું, જે પગની ઈજાને કારણે લખનઉમાં ચોથી ટી20iમાંથી બહાર થઈ ગયો હતો. ત્યારબાદ, ઈજા ગંભીર ન હોવા છતાં, તેને અમદાવાદમાં અંતિમ T20I રમતમાં ઉતરાયો ન હતો. જો BCCI સૂત્રોનું માનીએ તો ટીમ મેનેજમેન્ટે પહેલાથી જ ઉપ કેપ્ટનને પડતો મૂકવાનો નિર્ણય લઈ લીધો હતો. આ ઉપરાંત શુભમન ગિલ સતત ખરાબ ફોર્મમાં ચાલી રહ્યો હતો. તેને વધારે ચાન્સ આપવા છતાં પણ છેલ્લી 15 મેચોમાં ફક્ત 291 રન બનાવ્યા હતા. જેમાં ગિલની સરેરાશ ફક્ત 24.25 અને સ્ટ્રાઈક રેટ 137.26 હતી. ગિલે એક પણ અડધી સદી ફટકારી ન હતી. સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), અક્ષર પટેલ (વાઈસ-કેપ્ટન), અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, વોશિંગ્ટન સુંદર, સંજુ સેમસન (વિકેટકીપર), કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી, જસપ્રિત બુમરાહ, અર્શદીપ સિંહ, રિંકુ સિંહ, હર્ષિત રાણા અને ઈશાન કિશન.

# ઓસ્ટ્રેલિયાએ 3-0થી એશિઝ પર કબજો કર્યો, ઈંગ્લેન્ડે શરણાગતિ સ્વીકારી, 82 રને પરાજય...

**નવી દિલ્હી, તા.21**



ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે 2025-26 એશિઝ સીરિઝની ત્રીજી મેચ એડિલેડ ઓવલ ખાતે રમાઈ હતી. ઓસ્ટ્રેલિયાએ આ મેચ 82 રનથી શાનદાર જીત મેળવી હતી. ઈંગ્લેન્ડને 435 રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, પરંતુ મેચના અંતિમ દિવસના બીજા સત્રમાં, ઈંગ્લેન્ડની ટીમ 352 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ પ્રભાવશાળી વિજય સાથે, ઓસ્ટ્રેલિયાએ એશિઝ સીરિઝ જાળવી રાખી. ઓસ્ટ્રેલિયાએ પર્થ અને બ્રિસ્બેન ટેસ્ટ 8-8 વિકેટથી જીતી હતી. સીરિઝની આગામી મેચ 26મી ડિસેમ્બરથી મેલબોર્નમાં રમાશે. એડિલેડ ટેસ્ટના પાંચમા દિવસે ઓસ્ટ્રેલિયાને જીતવા માટે ચાર વિકેટની જરૂર હતી. જેમી સ્મિથ (60), વિલ જેક્સ (47) અને બ્રાયડન કાર્સે (અણનમ 39) એ સખત લડત આપી, પરંતુ તે વિજય મેળવવા માટે પૂરતું ન હતું. નવા બોલ સાથે ઝડપી બોલર મિશેલ સ્ટાર્કે સ્મિથ, જેક્સ અને જોફ્રા આર્ચર (1) ને આઉટ કરીને પોતાની ટીમને વિજયની નજીક લાવી દીધી. ત્યારબાદ સ્કોટ બોલેન્ડે જોશ ટોંગ (3) ને આઉટ કરીને ઓસ્ટ્રેલિયાની જીત પર મહોર લગાવી.

એડિલેડ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને 371 રન બનાવ્યા. વિકેટકીપર-બેટર એલેક્સ કેરીએ શાનદાર 106 રનનું યોગદાન આપ્યું. ત્યારબાદ ઈંગ્લેન્ડે કેપ્ટન બેન સ્ટોક્સના 83 રનના સમર્થનથી પોતાની પ્રથમ ઈનિંગમાં 286 રન બનાવ્યા. તેમની પહેલી ઈનિંગના આધારે ઓસ્ટ્રેલિયા પાસે 85 રનની નોંધપાત્ર લીડ હતી. ટ્રેવિસ હેડની સદી (171)ની મદદથી ઓસ્ટ્રેલિયાએ પોતાની બીજી ઈનિંગમાં 349 રન બનાવ્યા, જેના કારણે ઈંગ્લેન્ડ માટે એક મજબૂત લક્ષ્યાંક નક્કી થયો.

ઓસ્ટ્રેલિયાની ટીમ 2017-18થી એશિઝનું આયોજન કરી રહ્યું છે. ઈંગ્લેન્ડે છેલ્લે 2015માં એશિઝ જીતી હતી. છેલ્લી વખત જ્યારે ઈંગ્લેન્ડની ટીમ ઓસ્ટ્રેલિયાની મુલાકાતે આવી હતી, ત્યારે તેને 0-4થી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. 2010-11થી ઈંગ્લેન્ડની ટીમ ઓસ્ટ્રેલિયાની ધરતી પર એશિઝ સીરિઝ જીતી શકી નથી. આ વખતે પણ આ વલણ ચાલુ રહ્યું.

# U19 એશિયા કપ ફાઈનલમાં ભારતીય ટીમનો ફ્લોપ શો, 191 રનથી પાકિસ્તાનની જીત....

**નવી દિલ્હી, તા.21**

ભારત અને પાકિસ્તાન વચ્ચે ACC અંડર 19 એશિયા કપની ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં ભારતીય ટીમનો કારમો પરાજય થયો છે. ફાઈનલ મેચમાં આવીને ભારતીય ટીમ ટ્રોફી જીતી શકી નહીં. પાકિસ્તાને વિશાળ સ્કોર બનાવ્યા બાદ ભારતીય ટીમના ખેલાડીઓ બેટિંગમાં ફ્લોપ સાબિત થયા. પાકિસ્તાને પહેલા બેટિંગ કરી ભારતીય ટીમને 348 રનનો ટાર્ગેટ આપ્યો. ભારતના ડી દિપેશે સૌથી વધુ ત્રણ વિકેટ ખેરવી.

મેચમાં ટોસ જીતીને ભારતે પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પાકિસ્તાને 50 ઓવરમાં 347 રન ફટકાર્યા. જેમાં સૌથી વધુ સમીર મિનહાસે 172 રન ફટકાર્યા. જ્યારે અહેમદ હુસૈને 56 રનની ઈનિંગ રમી. ઉસ્માન ખાને 35 રન બનાવ્યા. ભારતની બોલિંગમાં સૌથી વધુ ડી દિપેશે ત્રણ વિકેટ ખેરવી. જ્યારે ખિલન પટેલ અને હેનિલ પટેલે બે બે બેટર્સને પવેલિયનભેગા કર્યા. જોકે પાકિસ્તાનના સમીરને આઉટ કરવામાં ભારતીય બોલર્સ નબળા સાબિત થયા જેના કારણે પાકિસ્તાન 347 રનોનો પહાડ ઊભો કરી નાંખ્યો. ફાઈનલ મેચમાં ભારતના બેટર્સે દર્શકોને ખૂબ નિરાશ કર્યા. ભારતની ઈનિંગની શરૂઆત થતાં જ એક બાદ એક વિકેટ પડતી ગઈ. કેપ્ટન આયુષ તો માત્ર 2 રનમાં જ આઉટ થઈ ગયો. એરોન જોર્જ 16, વિહાન 7, વેદાંત 9 રનમાં આઉટ થઈ ગયા. વૈભવ સૂર્યવંશીએ 3 છગ્ગા ફટકાર્યા પણ બાદમાં તે પણ 26 જ રનમાં આઉટ થઈ ગયો. શરૂઆતની 10 ઓવરમાં જ ભારતની અડધી ટીમ પવેલિયનભેગી થઈ ગઈ હતી. છેલ્લે છેલ્લે ભારતના દીપેશ દેવેન્દ્રને માંડ માંડ રન બનાવ્યા અને ટીમની લાજ રાખી. ભારતીય ટીમ : આયુષ મ્હાત્રે, વૈભવ સૂર્યવંશી, એરોન જોર્જ, વિહાન મલ્હોત્રા, વેદાંત ત્રિવેદી, અભિજ્ઞાન કુંડુ, કનિષ્ક ચૌહાણ, ખિલન પટેલ, હેનિલ પટેલ, ડી દિપેશ, કે કે સિંહ

# ટી20 વર્લ્ડકપ પહેલા ગિલ સાથે થયો 'દગો'? અગરકર અને હેડ કોચ પર ફરી 'ગંભીર' આરોપ



**નવી દિલ્હી, તા.21**

BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ 2026 ટી20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત કરી, ત્યારે શુભમન ગિલનું નામ યાદીમાં સામેલ નહોતું. એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે ભારતના ટેસ્ટ અને ODI કેપ્ટન શુભમન ગિલ આવતા વર્ષે યોજાનાર T20 વર્લ્ડ કપમાં રમશે નહીં. આ દરમિયાન, એક આશ્ચર્યજનક અપડેટ સામે આવ્યું છે કે શુભમન ગિલને T20 ટીમમાંથી બાકાત રાખવાની જાણ કરવામાં આવી ન હતી.

એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ચીફ સિલેક્ટર અજિત અગરકર, હેડ કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન સૂર્યકુમાર યાદવે શુભમન ગિલને ટીમમાંથી દૂર કરવા અંગે વાત કરી નથી. આ દરમિયાન કેપ્ટન સૂર્યકુમાર યાદવ પણ ખરાબ ફોર્મમાં છે, પરંતુ તેમની કેપ્ટનશીપ ઓછામાં ઓછી વર્લ્ડ કપ સુધી ચાલુ રહેશે.

દક્ષિણ આફ્રિકા સામેની T20 સીરિઝ દરમિયાન શુભમન ગિલને પગમાં ઈજા થઈ ત્યારથી, એવા અહેવાલો સામે આવવા લાગ્યા કે ગૌતમ ગંભીર અને સૂર્યકુમાર યાદવ સહિત ટીમ મેનેજમેન્ટ ગિલના સ્થાને ખેલાડીની શોધ કરી રહ્યું છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ગિલ અમદાવાદમાં પાંચમી T20 મેચ રમવાનો ઈરાદો ધરાવે છે, પરંતુ સૂત્રોએ જણાવ્યું હતું કે ટીમ મેનેજમેન્ટે તેને ટીમમાંથી દૂર કરવાની યોજના બનાવી હતી. આનો અર્થ એ થયો કે ગિલને સૂચના આપ્યા વિના ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો.

શુભમન ગિલની ઈજા અંગે અટકળો ચાલી રહી હતી, જેમાં તેને ફ્રેક્ચર થયું છે. જોકે, મેડિકલ ટીમે નક્કી કર્યું કે ગિલની ઈજા ગંભીર નથી. પરિણામે, તે દક્ષિણ આફ્રિકા સામે પાંચમી T20I રમી શકે છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એવું પણ જોવા મળ્યું કે મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે ગિલની ડ્રોપ કરવા અંગે સ્પષ્ટ જવાબ આપ્યો ન હતો.



# 'હું જીવિત છું...', અકસ્માત બાદ નોરા ફતેહીએ વર્ણવી આપવીતી, કહ્યું- નશામાં ધૂત વ્યક્તિએ ટક્કર મારી

**મુંબઈ, તા.21**

બોલિવૂડની ફેમસ એક્ટ્રેસ અને ડાન્સર નોરા ફતેહી વિશે એક માઠા સમાચાર મળી રહ્યા છે. 20 ડિસેમ્બરના રોજ નોરા એક ભયાનક માર્ગ અકસ્માતનો ભોગ બની હતી. એક શખ્સે નશાની હાલતમાં પૂરઝડપે પોતાની કાર ચલાવી નોરાની કારને જોરદાર ટક્કર મારતા આ દુર્ઘટના સર્જાઈ હતી. અકસ્માત બાદ નોરાને તાત્કાલિક તેની ટીમ દ્વારા હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. સદનસીબે એક્ટ્રેસને કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ તેને માથાના ભાગે અને શરીરે ઈજાઓ પહોંચી છે. નોરાએ પોતે સોશિયલ મીડિયા પર આ ભયાનક અનુભવ શેર કરતા જણાવ્યું કે, 'ટક્કર એટલી જોરદાર હતી કે હું કારમાં ફંગોળાઈ ગઈ હતી અને મારું માથું બારીના કાચ સાથે અથડાયું હતું. મને સોજો અને સામાન્ય ઈજાઓ થઈ છે, પરંતુ હું જીવતી છું અને હવે ખતરાની બહાર છું.'

નોરાએ આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું કે, ',મને વિશ્વાસ નથી આવતો કે 2025માં પણ લોકો બપોરે 3 વાગ્યે દારૂ પીને ગાડી ચલાવે છે અને બીજાનો જીવ જોખમમાં મૂકે છે. પોલીસના જણાવ્યા અનુસાર, ટક્કર મારનાર શખ્સ નશાની હાલતમાં હતો અને તેની વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કરી દેવામાં આવ્યો છે. પોતાની હેલ્થ અપડેટ આપતા નોરાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેણે કહ્યું કે, 'હું દારૂ કે ડ્રગ્સ જેવી વસ્તુઓથી હંમેશા દૂર રહું છું અને તેને ક્યારેય પ્રોત્સાહન આપતી નથી. મહેરબાની કરીને ડ્રિંક એન્ડ ડ્રાઈવ ન કરો. આ અકસ્માત ઘણો ગંભીર બની શક્યો હોત, પરંતુ ભગવાનની દયાથી હું બચી ગઈ છું.' નોરા ફતેહીના આ સમાચાર સાંભળીને તેના ચાહકો આઘાતમાં છે. સોશિયલ મીડિયા પર ફેન્સ તેના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છે. હાલમાં એક્ટ્રેસ રિકવરી મોડ પર છે અને ખતરાની બહાર હોવાનું જણાવાયું છે.

# છેલ્લી ફિલ્મના શૂટિંગમાં ભાવુક થઈ ગયા હતા ધર્મેન્દ્ર, માંગી હતી માફી.....



**મુંબઈ, તા.21**

આજે પણ કરોડો લોકોના પ્રિય એવા બોલિવૂડના 'હી-મેન' ધર્મેન્દ્રનો એક અત્યંત ભાવુક વીડિયો તેમની પુત્રી ઈશા દેઓલે સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. આ વીડિયો તેમની ફિલ્મ 'ઈક્કીસ'ના શૂટિંગના અંતિમ દિવસનો છે, જેની ભાવનાત્મક ક્ષણો જોઈને ચાહકો પણ ગદગદિત થઈ ગયા છે.

વીડિયો ક્લિપમાં ધર્મેન્દ્ર ફિલ્મ 'ઈક્કીસ'ના સેટ પર હાજર તમામ ક્રૂ મેમ્બર્સ અને કલાકારો સાથે વાતચીત કરતા જોવા મળે છે. તેઓ અત્યંત શાંત અને ગંભીર અંદાજમાં કહે છે કે, 'આજે આ શૂટિંગનો છેલ્લો દિવસ છે અને આ પ્રસંગે હું ખુશ પણ છું અને દુઃખી પણ.'

ધર્મેન્દ્રએ સૌનો આભાર માનતા ભાવુક થઈને કહ્યું કે, 'જો મારાથી ક્યારેય કોઈને તકલીફ પહોંચી હોય અથવા અજાણતા કોઈ ભૂલ થઈ ગઈ હોય, તો મને માફ કરી દેજો.' તેમની આ નમ્રતા જોઈને સેટ પર હાજર દરેક વ્યક્તિ ભાવુક થઈ ગઈ હતી.

ઈશા દેઓલે આ વીડિયો શેર કરતા લખ્યું કે, 'મારા પિતા હંમેશા આવા જ રહ્યા છે, તેઓ બેસ્ટ છે.' ઈશા પહેલા સની દેઓલે પણ આ વીડિયો શેર કર્યો હતો અને લખ્યું હતું કે, 'એક સ્મિત જેણે અંધકારને રોશન કરી દીધો. પપ્પાએ આપણને તેમની છેલ્લી ફિલ્મ 'ઈક્કીસ'ની ભેટ આપી છે. ચાલો આ નવા વર્ષે સિનેમાઘરોમાં તેમને યાદ કરીએ.'

ધર્મેન્દ્રએ વીડિયોમાં ફિલ્મ 'ઈક્કીસ'નો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, 'આ ફિલ્મ ભારત અને પાકિસ્તાન બંને દેશોના લોકોએ જોવી જોઈએ. મારું માનવું છે કે આ ફિલ્મ બંને દેશો વચ્ચે પ્રેરણા અને એકતાનું પ્રતીક બનશે.'

આ ફિલ્મના મહત્ત્વના પાસાઓ પર નજર કરીએ તો, તેનું નિર્દેશન જાણીતા ડાયરેક્ટર શ્રીરામ રાઘવન દ્વારા કરવામાં આવ્યું છે. આ એક 'વોર-ડ્રામા' ફિલ્મ છે, જે પરમવીર ચક્ર વિજેતા શહીદ અરુણ ખેત્રપાલના શૌર્યગાથા અને જીવન પર આધારિત છે. આ ફિલ્મમાં દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રએ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી છે, જેમાં તેઓ અરુણ ખેત્રપાલના પિતાના પાત્રમાં જોવા મળશે.

# બોલિવૂડ છોડી દેવાની અફવાઓ પર 'હાઈએસ્ટ પેડ' એક્ટ્રેસે મૌન તોડ્યું

**મુંબઈ, તા.21**



90ના દાયકાની ફેમસ એક્ટ્રેસ ઉર્મિલા માતોંડકર છેલ્લા પાંચ વર્ષથી કોઈ ફિલ્મમાં નથી દેખાઈ, જેના કારણે સતત અફવાઓ ફેલાઈ રહી છે કે તેણે બોલિવૂડ છોડી દીધું છે. પરંતુ હવે આ મુદ્દે ઉર્મિલાએ મૌન તોડ્યું છે અને આ તમામ અફવાઓનો અંત લાવી દીધો છે. એક્ટ્રેસે કહ્યું કે, 'મેં ક્યારેય એક્ટિંગ નથી છોડી, પરંતુ હું એવી ભૂમિકાની રાહ જોઈ રહી હતી જે મારા ટેલેન્ટ સાથે ન્યાય કરી શકે.'

ઉર્મિલાએ જણાવ્યું કે, 'મને હવે ફરીથી સારી અને રોમાંચક ઓફરો મળી રહી છે. હું ટૂંક સમયમાં OTT પ્લેટફોર્મ પર પણ ડેબ્યૂ કરવા જઈ રહી છું. હવે ફરીથી સેટ પર પાછા ફરવાનો અને જોરદાર વાપસી કરવાનો સમય આવી ગયો છે.'

હવે ઉર્મિલાએ ખુલાસો કર્યો કે શું તેણે ખરેખર બોલિવૂડ છોડી દીધું હતું? 'બ્લેકમેલ' પછી ઉર્મિલા 2022માં DID સુપર મોમ્સ સીઝન 3માં જજ તરીકે દેખાઈ હતી, પરંતુ તે કોઈ ફુલ-ફ્લેઝ્ડ પ્રોજેક્ટ નહોતો. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, લોકોનું એવું કહેવું છે કે, તમે હવે કામ કરવા માંગતી નથી માગતા. ત્યારે ઉર્મિલાએ સ્પષ્ટ કહ્યું કે, હું હંમેશા મારા કામ માટે સિલેક્ટિવ રહી છું. જો લોકોને લાગે છે કે હું ફિલ્મો નથી કરી રહી, તો હું તેમને દોષ નથી આપી શકતી. પરંતુ સત્ય એ છે કે, મેં ક્યારેય એક્ટિંગ નથી છોડી.

ઉર્મિલાએ આગળ કહ્યું કે, હું OTT પ્લેટફોર્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છું કારણ કે અહીં નવા પ્રકારના પાત્રો અને જોનર એક્સપ્લોર કરવાની તક મળે છે. OTTએ એક્ટર્સ માટે એક નવી દુનિયા ખોલી દીધી છે. એવા ઈમોસન્સ અને કેરેક્ટર છે જેને પહેલાં એક્સપ્લોર કરવામાં ન આવ્યા. હું એક OTT શોનું શૂટિંગ પૂર્ણ કરી ચૂકી છું, જે આવતા વર્ષે રિલીઝ થવાની શક્યતા છે.

1991માં 'નરસિંહા'થી લીડ એક્ટ્રેસ તરીકે ડેબ્યૂ કરનારી ઉર્મિલાએ રંગીલા, જુદાઈ, સત્ય, કૌન, ભૂત અને પિંજર જેવી યાદગાર ફિલ્મો કરી છે. પોતાના કરિયરને યાદ કરતાં તેણે કહ્યું કે, મારી સૌથી મોટી સિદ્ધિ એ રહી છે કે હું ક્યારેય એક જ પ્રકારની ભૂમિકામાં ન ફસાઈ. મેં હંમેશા મારી જાતને તોડી અને એક નવી છબી બનાવી.

ઉર્મિલાએ સ્વીકાર્યું કે 90ના દાયકાની તુલનામાં ઈન્ડસ્ટ્રીમાં પે સ્ટ્રક્ચરમાં સુધારો થયો છે, પરંતુ તેણે એમ પણ કહ્યું કે, મને ક્યારેય મારી ફી ને લઈને કોઈ ફરિયાદ નથી રહી. હું તે સમયની 'હાઈએસ્ટ પેડ' એક્ટ્રેસમાંથી એક હતી. કેટલીક ફિલ્મોમાં મને મારા મેલ કો-સ્ટાર કરતાં વધુ ફી મળી છે. મારું માનવું છે કે પે ડિસ્પેરિટી જેવા મુદ્દાઓને માત્ર એક જ દ્રષ્ટિકોણથી ન જોવા જોઈએ, કારણ કે છેલ્લા 30 વર્ષમાં આખી ઈન્ડસ્ટ્રી જ બદલાઈ ચૂકી છે.

# જાણીતા ટીવી એક્ટરને EMI ભરવાના ફાંફા, કોઈએ કામ ના આપ્યું, 5 વર્ષ ઘરે બેસી રહ્યો!

**મુંબઈ, તા.21**



ટીવીનો જાણીતો ચહેરો રહી ચૂકેલો વિવાન ભટેના હાલમાં ચર્ચામાં છે. વાસ્તવમાં તાજેતરમાં તેણે એક ઈન્ટરવ્યુમાં પોતાના સ્ટ્રગલિંગ દિવસોને યાદ કરતા જણાવ્યું કે, હું લગભગ પાંચ વર્ષ સુધી ઘરે બેસી રહ્યો. જેમ-તેમ કરીને બીજી જોબ કરીને પૈસા કમાયા અને પછી પોતાના EMI ભર્યા.

વિવાને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, 'મને એક સીરીયલ ઓફર થઈ હતી, જેમાં મને એક મોટા ભાઈનો રોલ આપવામાં આવી રહ્યો હતો. પરંતુ સાચું કહું તો મારે તે રોલ નહોતો કરવો પરંતુ મેં વિચાર્યું કે ચાલો હું કરી લઉં છું. હું તેની ઓફીસે ગયો, ત્યાં રિસેપ્શન પર તેનો એક ફાઈનાન્સનો માણસ બેઠો હતો. તેનો ફોન ચાલી રહ્યો હતો.'

એક્ટરે આગળ કહ્યું કે, 'હું તેની સામે ગયો અને કહ્યું કે, હેલો સર હું વિવાન છું અને કોન્ટ્રાક્ટ માટે આવ્યો છું. તો તેણે જોયા વિના જ તે કોન્ટ્રાક્ટ ફેંકી દીધો અને તે કોન્ટ્રાક્ટ સીધો મારી સામે પડ્યો. ત્યારે મને એહસાસ થઈ ગયો કે, મારી કોઈ વૅલ્યુ નથી. આજે હું નહિ રહું તો કાલે કોઈ બીજું આવી જશે અમારી આટલી જ વૅલ્યુ છે.'

એક્ટરે કહ્યું કે, 'મેં વિચાર્યું કે મારો ગ્રોથ ક્યાં છે. મારા દિમાગનું શોર્ટ સર્કિટ થઈ ગયું અને મેં મારી પત્નીને કહ્યું ક, મારે ટીવી છોડવી છે અને તે પોઈન્ટ પર મેં છોડી દીધી. હું તે સમયે ટીવી પર ડબલ ફિગર્સ કમાઈ રહ્યો હતો. 5 વર્ષ સુધી મારી પાસે કોઈ કામ નહોતું. આ દરમિયાન મારે એક જોબ કરવી પડી જેનાથી હું મારી EMI ભરી શકું.'

# 'અર્થ'નું અર્થઘટન : વૃદ્ધિ અને વૈવિધ્યકરણ ભાગ 6- જરૂરી અને બીનજરૂરી ખર્ચ વચ્ચેની પાતળી ભેદરેખા સમજો....

મુંબઈ, તા.21

છેલ્લાં લેખમાં, માસિક ખર્ચા માટે વિસ્તૃત માહિતી મેળવી અને ખર્ચા અને ખોટા ખર્ચાને કેવી રીતે સંચાલિત કરી શકાય એ વિશે વાત કરી. જો દરેક વ્યક્તિ જો ખર્ચા અને ખોટા ખર્ચાની પાતળી રેખા સમજી જાય તો તેનાં માટે જીવનની ઘણી બધી તકલીફો દૂર થઈ જાય.

આ રીતે, જો દર મહિને ગણતરી કરવામાં આવે તો તમને ચોક્કસપણે ખબર પડે કે મારા રૂપિયા ક્યાં વપરાય છે..!? આ રીતે, ખર્ચા અને ખોટા ખર્ચા પર અંકુશ મૂકી શકાય.

આ પદ્ધતિ, ખૂબ જ સરળ અને effective છે. દરેક વ્યક્તિ એ આને પ્રેક્ટિસ માં મૂકે તો ચોક્કસ પણે નાણાંકીય લાભ થાય. આજે standard of Living (જીવન ધોરણ અથવા જીવન સ્તર) વિશે વાત કરીએ.




જીવનધોરણ એટલે કે વ્યક્તિ અથવા સમુદાય માટે ઉપલબ્ધ સંપત્તિ, ભૌતિક ચીજવસ્તુઓ અને જરૂરિયાતો (જેમ કે ખોરાક, રહેઠાણ, આરોગ્ય, શિક્ષણ) નું સ્તર, માથાદીઠ આવક, આયુષ્ય દ્વારા માપવામાં આવે છે, જે સુખાકારી અને આર્થિક વિકાસ દર્શાવે છે.

સામગ્રીનો સામાન: રહેઠાણ, ખોરાક, સ્વચ્છ પાણી, કપડાં અને વ્યક્તિ ને જરૂરી સામાન ની ઉપલબ્ધતા અને ગુણવત્તા.

સેવાઓ અને માળખાગત સુવિધાઓ: આરોગ્યસંભાળ, શિક્ષણ, સ્વચ્છતા, જાહેર સેવાઓ અને પરિવહનની સુલભતા.

પર્યાવરણ: ભૌતિક વાતાવરણ, જેમાં પ્રદૂષણનું સ્તર નું સ્તર ખૂબ જ મોટો ભાગ ભજવે છે જે સુખાકારીને અસર કરે છે.

સુખાકારી: ઉચ્ચ જીવનધોરણનો અર્થ સામાન્ય રીતે લાંબુ, સ્વસ્થ અને શ્રેષ્ઠ જીવન હોય છે.

આર્થિક વિકાસ: તે રાષ્ટ્રની પ્રગતિનું મુખ્ય પરિબળ છે, જે આર્થિક વિકાસ અને ઉત્પાદકતાને સારી રીતે સંચાલિત કરે છે.

નીતિ અને આયોજન: સરકારો તેનો ઉપયોગ વિકાસનું મૂલ્યાંકન કરવા અને નાગરિકોના જીવનને સુધારવા માટે નીતિઓ બનાવવા માટે કરે છે. હવે, આ બધી વાત તો generalize કહી શકાય પણ વ્યક્તિગત જીવન સ્તર માટે મહત્વ નાં 6 પરિબળ કામ કરે છે જે નીચેના ડાયાગ્રામ માં દર્શાવે છે.

આપણા સમાજ માં અને દેશમાં સામાન્ય રીતે લોકો comfort life એટલે કે રોટી, કપડાં, મકાન, ગાડી વિગેરે જેવી જરૂરિયાતો ને પરિપૂર્ણ કરે એને સુખી જીવન સ્તર ને માને છે.

હવે, આ જીવન ધોરણ ને જાળવી રાખવા માટે ઘરના મુખ્ય વ્યક્તિ ને ઘણી બધી મૂશ્કેલીઓ સામનો કરવો જ પડતો હોય છે. જેવી કે.... ટેક્સ, મોંઘવારી, બાળકો નું ભણતર, નિવૃત્તિ, સ્વજન ની તબિયત અને એના ઉપર થતો ખર્ચ, માંદગી, મૃત્યુ વિગેરે. આને લીધે, જીવન ધોરણ ને સંતુલિત રાખવામાં ખૂબ જ મુશ્કેલી આવતી હોય છે અને એના લીધે વ્યક્તિ બીમાર અથવા તો મૃત્યુ પણ પામે છે. આવી પરિસ્થિતિમાં પરિવારનું જીવન ધોરણ ડગમગી જાય છે.

એ સમયે, આવકનો સ્ત્રોત પણ અટકી જતો હોય છે અને ભયંકર આર્થિક સંકળાશ ઉદભવે છે. આવી સ્થિતિમાં, તમારી બચત અને રોકાણ જો યોગ્ય જગ્યા એ કરેલું હશે તો વાંધો નહીં આવે.

પેન્શન પ્લાન, જીવન વીમા પોલિસીમાં ગેરંટી મંથલી ઈનકમ, ટર્મ પ્લાન, મ્યુચ્યુઅલ ફંડ માં થતું systematic withdrawal option... આ બધું કરેલું હશે તો આપના પરિવાર ને આર્થિક નુકશાન નો સામનો ઓછો અથવા નહીં કરવો પડે.

જો તમે કાર ચલાવતા હો અને અચાનક એવી પરિસ્થિતિ આવી પડે કે એ તમારે વેચવી પડે અને 2 વ્હીલર પર આવી જવું પડે તો તે જીવન ની સૌથી કઠિન ક્ષણ કેહવાય. અને એ વખતે વિચાર આવે કે જો મેં મારું આર્થિક આયોજન યોગ્ય જગ્યાએ અને યોગ્ય વ્યક્તિ ની સલાહ થી કર્યું હોય તો આવા દિવસો જોવાના ન આવત. માટે, જીવન માં ડોક્ટર, lawyer, મિત્રો, પડોશી, CA અને Financial Advisor જો સારા મળી જાય તો આપણે આપણી જાતને ભાગ્યશાળી સમજીએ જે યોગ્ય સમયે સાચી સલાહ આપે અને તમારી સાથે ઊભા રહે.

# વિશ્વની સરખામણીએ ભારતમાં ક્રિપ્ટો વેપારમાં HNIના હિસ્સામાં વધારો

## નિયમનકારી અનિશ્ચિતતાને કારણે પોર્ટફોલિયોમાં નજીવી ફાળવણી



મુંબઈ, તા.21

દેશની ક્રિપ્ટોકરન્સી બજારમાં સંસ્થાકીય રોકાણકારોના સહભાગમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. મુડરેક્સ, ઝેબપે, કોઈનસ્વિચ જેવા દેશના ક્રિપ્ટો એક્સચેન્જમાં વર્તમાન વર્ષમાં ઈન્વેસ્ટમેન્ટસમાં ૩૦થી ૫૦ ટકા જેટલો વધારો થયો છે.

આ એક્સચેન્જો પરના વેપાર વોલ્યુમમાં સંસ્થાકીય રોકાણકારોનો હિસ્સો નોંધપાત્ર ઊંચો જોવા મળે છે.

વૈશ્વિક સ્તરના એક્સચેન્જ બિનાન્સમાં સંસ્થાકીય રોકાણકારોનો હિસ્સો ૨૦૨૪ની સરખામણીએ ૨૦૨૫માં ૧૪ ટકા જેટલો વધ્યો છે. ક્રિપ્ટો માર્કેટના સંદર્ભમાં સંસ્થાકીય રોકાણકારોની વ્યાખ્યામાં હાઈ નેટવર્થ ઈન્ડિવિડ્યૂઅલ (એચએનઆઈ), અલ્ટ્રા એચએનઆઈ, કંપનીઓનો મુખ્યત્વે સમાવેશ થાય છે.

ભારતમાં ક્રિપ્ટો માર્કેટસમાં નિયમનકારી અનિશ્ચિતતાને કારણે સેબી નિયંત્રિત સંસ્થાકીય રોકાણકારો ક્રિપ્ટોકરન્સીઝમાં વેપાર કરવાથી દૂર રહે છે. ભારતમાં ક્રિપ્ટોનો સ્વીકાર હજુ પ્રારંભિક સ્તરે હોવાથી એચએનઆઈ રોકાણકારો તેમના એકંદર પોર્ટફોલિઓમાં ૨થી ૫ ટકા જ ક્રિપ્ટોસમાં ફાળવી રહ્યા હોવાનું એક રિપોર્ટમાં દાવો કરાયો હતો.

ભારતના એક્સચેન્જોમાં વધુ પડતો વેપાર બિટકોઈન, એથરમ, સોલાના તથા રિપલ જેવા ઊંચી લિક્વિડિટી ધરાવતા કોઈન્સમાં જોવા મળે છે.

# ફ્લેક્સી-કેપ ફંડ, એકમાત્ર ઇક્વિટી કેટેગરી જેની AUM રૂ. પાંચ લાખ કરોડને પાર....

## અસ્થિર બજાર અને ઇક્વિટી કેટેગરીમાં નકારાત્મક વળતર છતાં, રોકાણકારોનો વિશ્વાસ અને સ્થિર સિપ પ્રવાહની અસર

અમદાવાદ, તા.21

ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારો માટે, ૨૦૨૫ સરળ વર્ષ નહોતું. મોટાભાગના ઈક્વિટી ફંડ્સ હકારાત્મક વળતર આપવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. આ અનિશ્ચિતતા વચ્ચે, વળતર માટે નહીં, પરંતુ રોકાણકારોના વિશ્વાસ માટે એક શ્રેણી ફ્લેક્સી-કેપ ફંડ્સ અલગ દેખાઈ હતી,

નવેમ્બર ૨૦૨૫માં ફ્લેક્સી-કેપ ફંડ્સ ૫.૪૫ લાખ કરોડ રૂપિયાની એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) નોંધાઈ હતી, જેના કારણે તેઓ ૫ લાખ કરોડ રૂપિયાના આંકને પાર કરનાર એકમાત્ર ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ કેટેગરી બન્યા. આ સીમાચિહ્નને વધુ આકર્ષક બનાવે છે તે એ છે કે તે એક એવા વર્ષ દરમિયાન આવ્યું હતું જ્યારે મોટાભાગની ઈક્વિટી ફંડ કેટેગરીએ એક વર્ષ દરમિયાન નકારાત્મક વળતર આપ્યું હતું.




હકીકતમાં, ફ્લેક્સી-કેપ ફંડ્સ પોતે પણ બજારની નબળાઈથી મુક્ત નહોતા. મલ્ટિ-કેપ, મિડ-કેપ, સ્મોલ-કેપ, ઈન્જીજી, લાર્જ અને મિડકેપ ફંડ્સ અને થીમેટિક ફંડ્સની જેમ, ફ્લેક્સી-કેપ કેટેગરીએ એક વર્ષનું નકારાત્મક વળતર આપ્યું છે. છતાં, રોકાણકારોએ ફ્લેક્સી-કેપ સ્કીમ્સમાં નાણાં ઠાલવવાનું ચાલુ રાખ્યું હતું, જેના કારણે કેટેગરીના એયુએમમાં માત્ર એક વર્ષમાં લગભગ રૂ. ૧.૧ લાખ કરોડનો વધારો થયો, જે નવેમ્બર ૨૦૨૪ માં રૂ. ૪.૩૫ લાખ કરોડથી લગભગ ૨૫% નો વધારો હતો.

૨૦૨૫ માં ઈક્વિટી બજારનું વાતાવરણ સતત અસ્થિરતા દ્વારા ચિહ્નિત થયેલ હતું. અગાઉના વર્ષોમાં મજબૂત લાભ પછી, સ્મોલ-કેપ અને મિડ-કેપ શેરોમાં તીવ્ર સુધારાનો સામનો કરવો પડયો અને કમાણી વૃદ્ધિ ધીમી પડી હતી. અચાનક ક્ષેત્રીય પરિભ્રમણ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓએ અસ્થિરતામાં વધારો કર્યો હતો. આ નબળાઈ મ્યુચ્યુઅલ ફંડ વળતરમાં પ્રતિબિંબિત થાય છે.

ફ્લેક્સી-કેપ ફંડ્સનો એક મુખ્ય ફાયદો છેથ સ્વતંત્રતા, અન્ય ઈક્વિટી કેટેગરીઓથી વિપરીત જેમાં નિશ્ચિત એક્સપોઝર નિયમો હોય છે, ફ્લેક્સી-કેપ ફંડ્સ કડક મર્યાદા વિના લાર્જ-કેપ, મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં રોકાણ કરી શકે છે. આનાથી ફંડ મેનેજરો વર્ષ દરમિયાન બજારની સ્થિતિ બદલાતા ઝડપથી પોર્ટફોલિયોને સમાયોજિત કરી શક્યા હતા.

# ભારતીય રેલવેએ ભાડું વધાર્યું : દર કિમીએ 1-2 પૈસા વધુ ચૂકવવા પડશે

## અમદાવાદથી દિલ્હીનાં ભાડામાં 20 રૂપિયા વધુ આપવા પડશે, 26 ડિસેમ્બરથી લાગુ

નવી દિલ્હી, તા.21

ભારતીય રેલવેએ લાંબા અંતરની મુસાફરી માટે મુસાફર ભાડામાં વધારાની જાહેરાત કરી છે. આ નવું ભાડું 26 ડિસેમ્બર 2025 થી લાગુ પડશે. 215 કિલોમીટરથી વધુનો પ્રવાસ કરનારા મુસાફરોને હવે દર કિલોમીટર દીઠ 1 થી 2 પૈસા વધારાના ચૂકવવા પડશે.

રેલવેનો અંદાજ છે કે આ ફેરફારથી તેને વાર્ષિક 600 કરોડ રૂપિયાની વધારાની કમાણી થશે. જોકે, 215 કિલોમીટરથી ઓછી દૂરીની મુસાફરી કરનારાઓ અને માસિક સીઝન ટિકિટ ધારકોના ભાડામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

લોકલ ટ્રેનો અને માસિક સીઝન ટિકિટ (MST) ધરાવતી ટ્રેનો માટે ભાડામાં કોઈ ફેરફાર થશે નહીં.

215 કિમી સુધીના સામાન્ય ક્લાસના ભાડામાં કોઈ વધારો નહીં. 215 કિમીથી વધુની મુસાફરી માટે, સામાન્ય વર્ગમાં ભાડું પ્રતિ કિમી 1 પૈસા વધશે.

મેઈલ/એક્સપ્રેસ નોન-એસી ટ્રેનોમાં, ભાડું પ્રતિ કિમી 2 પૈસા વધશે. એસી ક્લાસનું ભાડું પણ પ્રતિ કિલોમીટર 2 પૈસા વધશે.

આનાથી આ વર્ષે રેલવેને આશરે 600 કરોડ વધારાના મળશે. ઉદાહરણ તરીકે: જો કોઈ




વ્યક્તિ નોન-એસી ટ્રેનમાં 500 કિમી મુસાફરી કરે છે, તો તેણે ફક્ત 10 વધારાના ચૂકવવા પડશે.

અમદાવાદથી દિલ્હીનું અંતર 986 કિલોમીટર છે, તેથી એસી મુસાફરી માટે 19 રૂપિયા વધારાના ખર્ચ થશે.

કઈ ક્લાસમાં કેટલું વધશે ભાડું? રેલવેના નવા ટિકિટ દર હેઠળ 215 કિલોમીટરથી વધુની યાત્રા પર સામાન્ય શ્રેણી (ઓર્ડિનરી ક્લાસ)માં 1 પૈસો પ્રતિ કિલોમીટરનો વધારો થશે. જ્યારે, મેલ/એક્સપ્રેસની નોન-એસી અને એસી ક્લાસમાં મુસાફરી કરવા પર 2 પૈસા પ્રતિ કિલોમીટર વધારાના ચૂકવવા પડશે.

ઉદાહરણ તરીકે, જો કોઈ મુસાફર 500 કિલોમીટરનું અંતર નોન-એસી એક્સપ્રેસ ટ્રેનથી કાપે છે, તો તેને પહેલા 215 કિલોમીટર પર કોઈ વધારાનું ભાડું ચૂકવવું પડશે નહીં. બાકીના 285 કિલોમીટર પર 2 પૈસા/કિમીના દરે ભાડું વધશે. એટલે કે, મુસાફરને પોતાની યાત્રા માટે લગભગ 5.70 રૂપિયા (285 x 0.02) વધારાના ચૂકવવા પડશે.

નાના રૂટ અને સિઝન ટિકિટ ધારકોને રાહત રેલવેએ નાના રૂટ પર મુસાફરી કરતા કરોડો મુસાફરોને રાહત આપી છે. 215 કિલોમીટરથી ઓછા અંતરની મુસાફરી પર ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. આનો અર્થ એ છે કે ટૂંકા અંતરની મુસાફરી પહેલાની જેમ સસ્તી રહેશે.

આ ઉપરાંત, દરરોજ મુસાફરી કરતા મુસાફરો માટે પણ રાહતના સમાચાર છે. રેલવેએ સબ-અર્બન (ઉપનગરીય) ટ્રેનો અને માસિક સિઝન ટિકિટ (MST) ના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. આનાથી મુંબઈ, દિલ્હી, કોલકાતા અને ચેન્નઈ જેવા શહેરોમાં લોકલ ટ્રેનોમાં મુસાફરી કરતા લાખો મુસાફરો પર કોઈ બોજ પડશે નહીં.

રેલવેને ભાડું વધારવાની જરૂર શા માટે પડી? રેલવે મંત્રાલયના સૂત્રો અનુસાર, આ ભાડામાં વધારો ઓપરેશનલ કોસ્ટ (સંચાલન ખર્ચ) માં થઈ રહેલા વધારા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા માટે જરૂરી છે. રેલવે સતત તેની સેવાઓને સુધારવા, નવી ટ્રેનો ચલાવવા અને સ્ટેશનોના આધુનિકીકરણ પર કામ કરી રહ્યું છે. આ ભાડા વધારાથી મળેલી 600 કરોડ રૂપિયાની વધારાની આવકનો ઉપયોગ આ જ કામોમાં કરવામાં આવશે. આ દેશનો બીજો સૌથી મોટો નોકરીદાતા છે અને તેના નેટવર્કને જાળવી રાખવામાં મોટો ખર્ચ થાય છે.

# મૂલ્યની દ્રષ્ટિએ પેટ્રોલિયમ પ્રોડ.કરતા ઈલેક્ટ્રોનિક્સની નિકાસ વધી જશે....

## નિકાસ ક્ષેત્રની 30 મુખ્ય ચીજવસ્તુઓમાં ઈલેક્ટ્રોનિક્સની નિકાસમાં ઝડપી વધારો

મુંબઈ, તા.21

વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી નવેમ્બરના પ્રથમ આઠ મહિનામાં દેશની ઈલેક્ટ્રોનિક્સ માલસામાનની નિકાસ વાર્ષિક ધોરણે ૩૮ ટકા વધી ૩૧ અબજ ડોલર રહી છે. ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં સ્માર્ટફોનનો હિસ્સો ૬૦ ટકા જેટલો રહ્યો હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે.

દેશમાંથી નિકાસની ટોચની ૩૦ મુખ્ય ચીજવસ્તુઓમાં ઈલેક્ટ્રોનિક્સની નિકાસ સૌથી ઝડપથી વધી રહી છે.

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં દેશની એકંદર નિકાસમાં ૭૯.૭૦ અબજ ડોલર સાથે એન્જિનિયરિંગ માલસામાનનો ક્રમ પહેલો રહ્યો છે જ્યારે ૩૭.૯૦ અબજ ડોલર સાથે બીજા ક્રમે પેટ્રોલિયમ પ્રોડકટસ તથા ૩૧ અબજ ડોલર સાથે ત્રીજા ક્રમે ઈલેક્ટ્રોનિક્સ માલસામાન રહ્યો છે.




નાણાં વર્ષ ૨૦૨૫ના પ્રથમ આઠ મહિનામાં પેટ્રોલિયમ પ્રોડકટસની નિકાસનો આંક ૪૪.૫૮ અબજ ડોલર રહ્યો હતો જ્યારે ઈલેક્ટ્રોનિક્સ માલસામાનનો આંક ૨૨.૫૦ અબજ ડોલર રહ્યો હતો. વર્તમાન નાણાં વર્ષના સમાન ગાળામાં પેટ્રોલિયમ પ્રોડકટસની નિકાસમાં ૧૪.૭૦ ટકા ઘટાડો થયો છે જ્યારે ઈલેક્ટ્રોનિક્સ માલસામાનની નિકાસનું મૂલ્ય ૪૦ ટકા વધ્યું છે.

આમ પેટ્રોલિયમ પ્રોડકટસ તથા ઈલેક્ટ્રોનિક્સની નિકાસ મૂલ્ય વચ્ચેના અંતરમાં નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે.

નાણાં વર્ષ ૨૦૨૮ સુધીમાં ઈલેક્ટ્રોનિક્સની નિકાસ પેટ્રોલિયમ પ્રોડકટસ કરતા આગળ નીકળી જવાની શકયતા જોવાઈ રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.

# AI ક્ષેત્રે તેજી વચ્ચે ડેટા સેન્ટર ડીલમાં વધારો,રોકાણ 61 અબજ ડોલરને પાર

## ડેટા સેન્ટર સેક્ટરમાં ૨૦૨૬માં મર્જર અને એક્વિઝિશન પ્રવૃત્તિઓને વેગ મળે તેવી શકયતા

અમદાવાદ, તા.21

આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના વધતા ઉપયોગ અને ઉર્જા-સઘન કાર્યભારની જરૂરિયાતને કારણે વિશ્વભરમાં ડેટા સેન્ટરોની માંગ વધી છે. ૨૦૨૫માં ડેટા સેન્ટર ડીલ્સ રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. એસ એન્ડ પી ગ્લોબલ અનુસાર આ વર્ષે ડેટા સેન્ટર સેક્ટરમાં રોકાણ ૬૧ અબજ ડોલરને પાર નીકળ્યું છે, જે ૨૦૨૪માં ૬૦.૮ અબજ ડોલર આસપાસ હતુ.

આ ઉછાળો એવા સમયે આવ્યો છે જ્યારે રોકાણકારો એઆઈ કંપનીઓના ઊંચા વેલ્યુએશન અને ડેટા સેન્ટરો માટે મોટા પાયે ભંડોળ એકત્ર કરવા અંગે ચિંતિત છે. નવેમ્બરમાં વિશ્વભરના શેરબજારોમાં વેચવાલી જોવા મળી હતી કારણ કે રોકાણકારોમાં એઆઈનો ફૂગ્ગો ફુટવાનો ડર હતો.

ડેટા સેન્ટરોમાં રેકોર્ડ ઈન્વેસ્ટમેન્ટ પાછળ ડેટ અર્થાત્ દેવા-આધારિત




ભંડોળે મુખ્ય ભૂમિકા ભજવી છે. મોટી ટેક કંપનીઓ હવે મોંઘા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જાતે ફંડ કરવાના બદલે ખાનગી ઈક્વિટી અને ડેટ બજારો તરફ વળ્યા છે.

આ વલણે ડેટા સેન્ટરોની અત્યાધુનિક ટેકનોલોજીના સાચા મૂલ્ય પર પ્રશ્ન ઉઠાવી રહેલા કેટલાક રોકાણકારોમાં ચિંતા ઉભી કરી છે. મિશિગનમાં ૧૦ અબજ ડોલરના ડેટા સેન્ટર પ્રોજેક્ટમાંથી બ્લુ આઉલ કેપિટલે ફંડિંગ નકાર્યાના અહેવાલથી ક્લાઉડ કંપની ઓરેકલમાં કડાકો નોંધાયો હતો.

એસ એન્ડ પી ગ્લોબલ અનુસાર ૨૦૨૫ના પ્રથમ ૧૧ મહિનામાં ૧૦૦થી વધુ ડેટા સેન્ટર સોદા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેનું કુલ મૂલ્ય ૨૦૨૪ કરતા વધુ હતું. તેમાંથી મોટાભાગના સોદા અમેરિકામાં જ થયા હતા, ત્યારબાદ એશિયા-પેસિફિક ક્ષેત્રનો ક્રમ આવે છે. આઈએનજી અનુસાર, યુએસમાં ડેટા સેન્ટર રોકાણ યુરોપ કરતા પાંચ ગણું વધારે હોઈ શકે છે. દરમિયાન, ગલ્ફ દેશો પણ આગામી વૈશ્વિક એઆઈ હબ તરીકે પોતાને સ્થાન આપવા માટે ઝડપથી રોકાણ કરી રહ્યા છે.

જોકે ૨૦૨૫માં દેવું જારી કરવાનો આંકડો ૧૮૨ અબજ ડોલરે પહોંચ્યો છે જે ગત વર્ષે ૯૨ અબજ ડોલરે હતો. મેટા, ગૂગલ અને એમેઝોન જેવા દિગ્ગજો પણ દેવા આધારિત ફંડિંગ તરફ વળ્યા છે. નિષ્ણાતોના મતે ડેટા સેન્ટર સેક્ટરમાં ૨૦૨૬માં મર્જર અને એક્વિઝિશન પ્રવૃત્તિઓને વેગ મળી શકે છે, જેનાથી મૂલ્યાંકન વધુ ઊંચું થઈ શકે છે. આ વલણે ડેટા સેન્ટરોની અત્યાધુનિક ટેકનોલોજીના સાચા મૂલ્ય પર પ્રશ્ન ઉઠાવી રહેલા કેટલાક રોકાણકારોમાં ચિંતા ઉભી કરી છે. મિશિગનમાં ૧૦ અબજ ડોલરના ડેટા સેન્ટર પ્રોજેક્ટમાંથી બ્લુ આઉલ કેપિટલે ફંડિંગ નકાર્યાના અહેવાલથી ક્લાઉડ કંપની ઓરેકલમાં કડાકો નોંધાયો હતો.

# સોનામાં રૂ.500ની તેજી: મુંબઈ ચાંદી ઉંચામાં રૂ.203250 : રૂપિયો ગબડયો

## વૈશ્વિક ચાંદી ૬૭ ડોલર પાર કરી ગઇ : પેલેડીયમ ૧૭૦૦ ડોલર

મુંબઈ, તા.21

મુંબઈ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલિયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે સોના-ચાંદીના ભાવમાં વિશ્વ બજાર પાછળ તેજી આગળ વધી હતી. મુંબઈ કરન્સી બજારમાં પણ આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ આંચકા પચાવી ફરી વધી આવ્યાના નિર્દેશો મળ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૪૩૨૫થી ૪૩૨૬ ડોલરવાળા વધી છેલ્લે સપ્તાહના અંતે ૪૩૩૮થી ૪૩૩૯ ડોલર રહ્યાના સમાચાર મળ્યા હતા.

સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંશના ૬૫.૮૪થી ૬૫.૮૫ ડોલર વાળા ઝડપી વધી ઉંચામાં ૬૭ ડોલરની રેકોર્ડ સપાટી વટાવી છેલ્લે ભાવ સપ્તાહના અંતે ૬૭.૧૫થી ૬૭.૧૬ ડોલર રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૧૦ ગ્રામના ૯૯૫ના રૂ.૧૩૧૨૫૧ વાળા રૂ.૧૩૧૫૦૦ બોલાઈ રહ્યા હતા. જ્યારે ૯૯૯ના ભાવ રૂ.૧૩૧૭૭૯ વાળા રૂ.૧૩૨૦૦૦ રહ્યા હતા.



મુંબઈ ચાંદીના ભાવ કિલોદીઠ જીએસટી વગર રૂ.૨૦૦૦૬૭ વાળા આજે વધી રૂ.૨૦૩૨૫૦ રહ્યા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ રૂ.૫૦૦ વધી ૯૯૫ના રૂ.૧૩૧૫૦૦ તથા ૯૯૯ના રૂ.૧૩૨૦૦૦ રહ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ બે લાખ રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ નીચામાં ૯૮.૪૨ રહ્યા પછી વધી ઉંચામાં ૯૮.૭૫ થઈ છેલ્લે સપ્તાહના અંતે ૯૮.૭૨ રહ્યાના નિર્દેશો હતા. મુંબઈ કરન્સી બજારમાં રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતા અટકી રૂ.૮૯.૨૭ વાળા વધી રૂ.૮૯.૫૯ થી ૮૯.૬૦ આસપાસ છેલ્લે સપ્તાહના અંતે બોલાઈ રહ્યા હતા.

# બિલ્ડિંગ-કોમ્પ્લેક્સની બહાર વાહન પાર્ક કર્યું તો લોક થઈ જશે

## સામાન પણ બહાર નહિ રાખી શકો, વાહન પાર્કિંગ જરૂરી, રોડ પર ગેરકાયદેસર પાર્કિંગને લઈને AMCનો કડક નિર્ણય

**અમદાવાદ, તા.21**

અમદાવાદ શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોડ પર ગેરકાયદેસર રીતે કરવામાં આવતા પાર્કિંગને લઈને કડક નિર્ણય લીધો છે. શહેરમાં તમામ મોલ, કોમ્પ્લેક્સ, દુકાનો અને રહેણાંક વિસ્તારોની મિલકતમાં પાર્કિંગની જગ્યામાં જ વાહનો પાર્ક કરવાના રહેશે. કોમ્પ્લેક્સની બહાર રોડ કે ફૂટપાથ ઉપર ક્યાંય પણ પાર્કિંગ કરવાનું રહેશે નહીં. જ્યાં કોમ્પ્લેક્સની માર્જિનની જગ્યા છે, ત્યાં કોઈપણ પ્રકારનું દબાણ કરવાનું રહેશે નહીં. જો કોઈપણ જગ્યાએ આવું વાહનનું કે અન્ય દબાણ જોવા મળશે તો મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની ટીમ ટ્રાફિક પોલીસ સાથે મળીને વાહન તેમજ સામાન જપ્ત કરવાની કાર્યવાહી કરશે.





મુખ્ય રોડ ઉપર જે મોટા કોમ્પ્લેક્સ અને બિલ્ડિંગ આવેલા છે, ત્યાં રોડ ઉપર વાહન પાર્ક ન થાય તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે. જો કોઈ પણ કોમ્પ્લેક્સની સામે વાહન રોડ ઉપર પાર્કિંગ થતા હોય તો તેના માટે સિક્યુરિટી ગાર્ડ અથવા પાર્કિંગ માટે વ્યવસ્થા કરવાની રહેશે. પાર્કિંગ કરાવવા માટે કોઈ વ્યક્તિ ત્યાં હાજર રાખવો પડશે. વેલે પાર્કિંગની પણ વ્યવસ્થા કરવાની રહેશે. જો પાર્કિંગ રોડ ઉપર થયું હશે તો કોમ્પ્લેક્સ અને જે તે બિલ્ડિંગના સંચાલક વિરુદ્ધ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સીલ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવી શકે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં મોલ, કોમ્પ્લેક્સ, દુકાનો અને રહેણાંક વિસ્તારોમાં વાહનોનું પાર્કિંગ વ્યવસ્થિત કરાવવામાં આવતું નથી. નાગરિકો દ્વારા વાહનો જાહેર ટી.પી.રસ્તા પર પાર્કિંગ કરી જાહેર જનતાને અવર-જવરમાં મુશ્કેલી ઉભી કરવામાં આવે છે અને ટ્રાફિકનું સરળ નિયમન થઈ શકતું નથી. જેને લીધે શહેરમાં વધતા ટ્રાફિકની તથા ગેરકાયદેસર થતા પાર્કિંગની સમસ્યા ઉભી થાય છે. તમામ વાણિજ્ય-રહેણાંક વિસ્તારમાં આવેલી બિલ્ડિંગો અને જગ્યામાં નીતિ-નિયમો અનુસાર વાહનોનું પાર્કિંગ વ્યવસ્થિત રીતે પ્લોટ-પ્રિમાઈસીસની અંદર કરાવવુ તેમજ પાર્કિંગ અંગેના જરૂરી સાઈનેજીસ, પાર્કિંગના પટ્ટા લગાવવા તથા પાર્કિંગનું સંચાલન થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

બિલ્ડિંગ પ્રિમાઈસિસ બહાર મ્યુનિસિપલ રસ્તા, ફૂટપાથ, જાહેર જગ્યામાં બિન-પરવાનગીએ વાહનોનું પાર્કિંગ કરવું અને કરાવવું નહીં. બિલ્ડિંગની સામે રસ્તા ઉપર વાહનચાલકો બિન-અધિકૃત પાર્કિંગ કરે નહી તે માટે જરૂરી વ્યવસ્થા કાયમી ધોરણે કરવાની રહેશે. બિલ્ડિંગની ફ્રન્ટ માર્જિનની જગ્યામાં માલ-સામાન મુકી માર્જિનમાં દબાણ કરવું અને કરાવવું નહી. ઘણા લોકો પોતાની દુકાનની સામેની જગ્યા નાના ખાણીપીણીના સ્ટોલ માટે ભાડે આપી દે છે આવી દુકાનો સામે જો કોઈ સ્ટોલ હશે તો તાત્કાલિક ધોરણે તેની દૂર કરવામાં આવશે અને કાર્યવાહી કરવામાં આવશે.

બિલ્ડિંગની રસ્તા તરફની પ્રિમાઈસીસમાં તથા અન્ય ખુલ્લી રાખવાની જગ્યામાં લેવલ ડિફરન્સ કરી વાહનોના પાર્કિંગની જગ્યામાં કરેલા ઓટલા, લેન્ડ સ્કેપિંગ, આડશો વગેરે અંતરાય તાકિદે દૂર કરવાની રહેશે. જગ્યા વાહનોના પાર્કિંગ માટે વપરાશમાં લેવા યોગ્ય કરી તેની અંદર પાર્કિંગ કરાવવુ પડશે. જ્યાં પણ કોમ્પ્લેક્સ કે બિલ્ડિંગમાં પાર્કિંગની જગ્યામાં કોઈપણ પ્રકારનું દબાણ કરવામાં આવેલું હોય તો નાગરિકોએ જાતે જ તેને દૂર કરવાનો રહેશે નહીં તો મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા આ મામલે કાર્યવાહી કરવામાં આવશે.

રોડ ઉપર કરાતા પાર્કિંગ અને દબાણને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. તો કોઈપણ વ્યક્તિ રોડ ઉપર વાહન પાર્ક કરી અને ગયું હશે તો તેમનું વાહન લોક કરી દેવામાં આવશે. તાત્કાલિક ધોરણે આ અમલ શરૂ થઈ ગયો છે. કોઈપણ બિલ્ડિંગ બહાર ગેરકાયદેસર રીતે પાર્કિંગ અથવા તો પાર્કિંગની જગ્યામાં દબાણ કરાયેલું હશે તો તેમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# હરિયાણાની કુખ્યાત ગેંગના શૂટરને ATSએ કચ્છમાંથી દબોચ્યો....

## રોહિત ગોદારા અને નવીન બોક્સર ગેંગનો સાગરિત હત્યા કેસમાં ફરાર હતો

**અમદાવાદ, તા.21**

ગુજરાત ATSએ હરિયાણાના રોહિત ગોદારા અને નવીન બોક્સર ગેંગનો શૂટર કચ્છના રાપરમાંથી ઝડપી પાડ્યો છે. આરોપીએ હરિયાણાના કોર્ટ પરિસરમાં ગેંગવોરમાં હત્યા કરી હતી. આરોપીને આશ્રય આપનારની પણ ATSએ ધરપકડ કરી છે. ગુજરાત ATSએ બાતમીના આધારે કચ્છના રાપરમાંથી હરિયાણાના નવીન બોક્સર ગેંગના શૂટર વિકાસ ઉર્ફે ગોલુ શ્યોરણની ધરપકડ કરી છે.વિકાસ નાગેશ્વર પાર્ક આર.ઓ પ્લાન્ટ કંપનીમાં પોતાના ઓળખીતા દિન્કેશ ગર્ગના ત્યાં રોકાયો હતો.ATS એ દિનેશ ગર્ગની પણ ધરપકડ કરી છે. ATSની પૂછપરછમાં સામે આવ્યું છે કે વિકાસે 4 સપ્ટેમ્બરે હરિયાણાના ભીવાની શહેરના કોર્ટ પરિસરમાં અજય તથા રોહિત સાથે મળીને લવજીત નામના વ્યક્તિની હત્યા કરી હતી.




હત્યા માટે પિસ્તોલ રોહિત ગોદારા દ્વારા મોકલવામાં આવી હતી.આ હત્યાનો બનાવ બે ગેંગ વચ્ચે ચાલી રહેલી ગેંગોરની અદાવતમાં બન્યો હતો.આ અંગે ભીવાની પોલીસ લાઈન પોલીસ સ્ટેશનમાં ગુનો પણ નોંધવામાં આવ્યો હતો. રોહિત ગોદારા પણ નવીન બોક્સર ગેંગ નો સભ્ય છે.હત્યા બાદ વિકાસ નાસ્તો ફરતો હતો અને નવેમ્બર મહિનામાં રોહિત ગોદારાની સૂચનાથી દિન્કેશે રાપરમાં વિકાસને આશ્રય આપ્યો હતો. હાલ બંને આરોપીઓનો કબજો હરિયાણા પોલીસને સોંપવા માટે તજવીજ હાથ ધરી છે.

# '10-વર્ષમાં કેજરીવાલે દિલ્હીમાં કંઈ કર્યું નથી,એ ગુજરાતમાં શું કરશે?':રાષ્ટ્રીય યુથ કોંગ્રેસના અધ્યક્ષ ઉદયભાનુ ચીબનું વડોદરામાં નિવેદન

**વડોદરા, તા.21**

ભારતીય રાષ્ટ્રીય યુથ કોંગ્રેસના અધ્યક્ષ ઉદયભાનુ ચીબ આજે વડોદરા શહેરના મહેમાન બન્યા હતા અને તેઓએ સર્કિટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેઓએ આમ આદમી પાર્ટી અને કેજરીવાલ વિશે જણાવ્યું હતું કે,10 વર્ષમાં આમ આદમી પાર્ટી અને કેજરીવાલે દિલ્હીમાં કંઈ કર્યું જ નથી આજે દિલ્હીમાં પોલ્યુશનની હાલત ખૂબ ખરાબ છે. જે દિલ્હી સાથે ગદ્દારી કરે છે, એ ગુજરાત સાથે શું કરશે?



ભારતીય રાષ્ટ્રીય યુથ કોંગ્રેસના અધ્યક્ષ ઉદયભાનુ ચીબએ જણાવ્યું હતું કે, દેશની આઝાદી સમયે લડાઈ લડી રહેલા લડવૈયાઓની આઝાદીની લડાઈના સમાચાર છાપતા ન્યૂઝ પેપર નેશનલ હેરાલ્ડની સામે નરેન્દ્ર મોદી અને ભાજપ લગાતાર પડી રહ્યો છે. વર્ષો પહેલા અંગ્રેજોએ આ પેપરને બેન પણ કર્યું હતું. RSS તો ભારત છોડો આંદોલનના વિરોધમાં હતું. એ સમયે RSS અંગ્રેજોને સાથ આપતું હતું. મોદી અને ભાજપ પણ RSSના પગલા પર ચાલીને નેશનલ હેરાલ્ડની સામે પડ્યા છે. 2014થી સીબીઆઇ અને ઈડી ભાજપના પ્રેશરમાં આવીને નેશનલ હેરાલ્ડની સામે પડ્યા છે. જોકે અત્યાર સુધી એક પણ એફઆઈઆર થઈ નથી અને સત્યનો હવે વિજય થયો છે. ભાજપ સરકાર બદલા અને દુશ્મનીની રાજનીતિ કરી રહી છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ સરકાર મનરેગા યોજનાને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. મનરેગા યોજના માટે સતત બજેટ ઓછું કરવામાં આવી રહ્યું છે અને લોકોને 50થી 55 દિવસ જ રોજગારી મળી રહે છે. જે યુપીએની સરકારમાં 100 દિવસથી વધુ મળતી હતી. મનરેગા એ કામ કરવાનો અધિકાર હતો, એ આજે એડમિનિસ્ટ્રેટિવ હેલ્પ બની ગયો છે.

તેઓએ ઉમેર્યું હતું કે, અત્યારે ગુજરાતમાં ડ્રગ્સનું ચલણ ખૂબ જ વધી ગયું છે. એ વિશે પ્રધાનમંત્રી વિચારતા નથી અને બિનજરૂરી મુદ્દાઓને ઉછાળીને લોકોને ભટકાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વડાપ્રધાનના ખાસ મિત્રના પોર્ટ પરથી હજારો કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાય છે. વારંવાર ડ્રગ્સ પકડાય છે. જે સીઆઈએસએફ વાળા ડ્રગ્સ પકડે છે તેમની ટ્રાન્સફર થઈ જાય છે. ગુજરાતના યુવાનો ડ્રગ્સમાં ફસાઈ રહ્યા છે.

તેઓએ આમ આદમી પાર્ટી વિશે જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી મોદી કરતા પણ વધારે સારી ઈવેન્ટ કરે છે, એમના પણ કરતા વધારે સારી સ્ટ્રેટેજી છે. પણ તે ચાલતી નથી, તે દિલ્હી વાળા એ બતાવી દીધું છે. મારું ગળું ખરાબ થઈ ગયું છે જેનું કારણ દિલ્હીનું પોલ્યુશન છે, એના માટે ભાજપ જેટલું જ જવાબદાર આમ આદમી પાર્ટી છે.

# સુરતમાં ABVPની કાર રેલીમાં નિયમોના ધજાગરા : જોખમી સ્ટન્ટ્સ અને બ્લેક ફિલ્મનો વીડિયો વાયરલ થતા ભયજનક ડ્રાઈવિંગનો ગુનો દાખલ, ફોર્ચ્યુનર સહિત બે કાર કબ્જે

**સુરત, તા.21**

સુરત શહેરના વેસુ-અલથાણ વિસ્તારમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ના કાર્યકરો દ્વારા કાયદો અને વ્યવસ્થાને નેવે મૂકીને કાર રેલી કાઢવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. શિસ્તની વાતો કરતી વિદ્યાર્થી પાંખના કાર્યકરો જાહેર રોડ પર જોખમી સ્ટન્ટ્સ કરતા નજરે પડતા ચકચાર મચી ગઈ છે. વીડિયો વાયરલ થતા ભયજનક ડ્રાઈવિંગનો ગુનો દાખલ કરી ફોર્ચ્યુનર સહિત બે કાર કબ્જે કરવામાં આવી છે.

સુરતની ડી.આર.બી. કોલેજ ખાતે ABVP દક્ષિણ ગુજરાત એકમની કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક પૂર્ણ થયા બાદ મોટી સંખ્યામાં કાર્યકરો કાર રેલી સ્વરૂપે રવાના થયા હતા. જોકે, આ ઉત્સાહમાં કાર્યકરોએ ટ્રાફિકના નિયમો અને પોતાની સુરક્ષાને પણ વિસરી ગયા હતા.



સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, કેટલાક વિદ્યાર્થી કાર્યકરો ચાલુ ગાડીએ દરવાજા બહાર લટકીને અને બોનેટ પર બેસીને જોખમી રીતે સ્ટન્ટ્સ કરી રહ્યા હતા. રેલીમાં સામેલ કેટલીક લક્ઝુરિયસ ગાડીઓ પર પ્રતિબંધિત 'બ્લેક ફિલ્મ' (કાળા કાચ) લગાવેલી જોવા મળી હતી. જાહેર માર્ગ પર અન્ય વાહનચાલકો માટે મુશ્કેલી ઊભી થાય તે રીતે બેફામ ગાડીઓ હંકારવામાં આવી હતી.

આ વીડિયો વાયરલ થતા જ સુરત પોલીસ હરકતમાં આવી છે. અલથાણ પોલીસે વીડિયોના ફૂટેજ અને ગાડીઓના નંબરના આધારે તપાસ શરૂ કરી છે. પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, આ કાર રેલી કાઢવા માટે પોલીસ તંત્ર પાસેથી કોઈ પણ પ્રકારની પૂર્વ મંજૂરી લેવામાં આવી ન હતી.

એબીવીપીની યોજાયેલી કારોબારીની બેઠક બાદ કાર્યકરોએ 15થી વધુ સંખ્યામાં કારનો કાફલો લઈને રસ્તા પર ઉતર્યા હતા. સીટીલાઈટ વિસ્તારમાં આવેલી કોલેજથી અણુવ્રત દ્વાર સુધી નીકળેલી આ રેલી દરમિયાન મોટા અવાજે હોર્ન, ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા કારણે પસાર થતાં અન્ય વાહન ચાલકો અટવાઈ ગયા હતા, દૈનિક કામકાજે નીકળેલા લોકો શાળા અને ઈમરન્સી વાહનોની સેવાને પણ અવરોધ થયો હતો. રેલીના આયોજન પુર્વે પોલીસની મંજુરી લેવામાં આવી ન હતી. છતાં રસ્તા પર શકિત પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ. જેમાં માર્ગ સલામતીના નિયમોનો ભંગ થયો હોવાનું જણાયુ હતુ.

ડી ડી ચૌહાણ (પીઆઇ) એ જણાવ્યું હતું કે, ગત તારીખ 19 ડિસેમ્બરના રોજ અલથાણ વિસ્તારમાં આવેલ DRB કોલેજ ખાતે ABVP જે સંગઠન છે તેમની કાર્યકારણીની બેઠક હતી. એ દરમિયાન જે તેમની વરણી થયેલ ઉમેદવારો હતા, એ લોકો આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ગાડી સાથે એમણે એક સરઘસ કાઢેલું. એ સરઘસની અંદર એક વીડિયો વાયરલ થયેલો. એ વાયરલ વીડિયોને જોતા તેની અંદર અમુક કાળા કાચવાળી ગાડીઓ તથા અમુક ગાડીઓમાંથી જે છે ભયજનક રીતે ડ્રાઈવિંગ કરતા હોય એવું વીડિયોની અંદર સ્પષ્ટ જણાઈ આવી હતી.

આજરોજ જે ગાડીઓ સરઘસમાં હતી એ પૈકીની બે ગાડીઓને પોલીસે જમા લઈ તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે. જે રીતે વીડિયોની અંદર જોઈ શકાય છે કે ચાલક ગાડી ચલાવતા હતા એ દરમિયાન ફ્રન્ટ સાઈડની જે વિન્ડો છે એની અંદરથી પણ અમુક દેખાતા ઈસમો બહાર નીકળેલા હોય, ચાલકે આ દરમિયાન ગાડી ચલાવવી જોઈતી નહોતી પરંતુ છતાં પણ એ ગાડી ચલાવતા રહે છે એટલે એમના વિરુદ્ધ ભયજનક ડ્રાઈવિંગનો ગુનો દાખલ કરેલ છે.

# અમદાવાદમાં TET-1ના બે પરીક્ષાર્થીને કારે અડફેટે લીધા : મેથ્સ અઘરું પૂછાતા ઉમેદવારો મૂંઝવણમાં, 30 મિનિટના વધારા બાદ પણ સમય ખૂટ્યો, ઝડપી ભરતીની માગ...

**રાજકોટ, તા.21**

ગુજરાત પરીક્ષા બોર્ડ દ્વારા આજે (21 ડિસેમ્બર) ધોરણ 1થી 5માં સરકારી પ્રાથમિક શિક્ષક બનવા માટેની ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (TET-1) ની પરીક્ષા યોજાઈ હતી. બપોરના 12થી 2 વાગ્યા સુધી ચાલેલી આ પરીક્ષામાં રાજ્યમાં 1.01 લાખ ઉમેદવાર નોંધાયા હતાં. સૌથી વધુ 38,269 ઉમેદવારે અમદાવાદ શહેર અને ગ્રામ્યના સેન્ટરમાં પરીક્ષા આપી હતી. તો વડોદરામાં 30,475, સુરતમાં 18,584 તો રાજકોટમાં 14190 ઉમેદવાર નોંધાયા હતાં. પરીક્ષા પહેલાં અમદાવાદમાં હિંમતનગરથી પરીક્ષા આપવા આવેલા બે પરીક્ષાર્થીને અકસ્માત નડ્યો હતો. અજીતમીલ ચાર રસ્તા પાસે રોડ ક્રોસ કરવા જતાં કારે ટક્કર મારતા બન્નેને સારવારમાં ખસેડવાની ફરજ પડી હતી.

આજની પરીક્ષામાં મેથ્સ અઘરું પૂછાતા ઉમેદવારો મૂંઝવણમાં મુકાયા હતા. બે વર્ષ બાદ લેવામાં આવેલી આ પરીક્ષામાં 30 મિનિટ જેટલો સમય વધારી 120 મિનિટ અપાઈ હતી, તેમ છતાં ઉમેદવારોને પેપર પૂર્ણ કરવામાં સમય ખૂટ્યો હતો. જોકે કોઈ પણ વિવાદ વગર શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે. 150 માર્કના પેપરમાં નેગેટિવ માર્કિંગ રાખવામાં આવ્યા નહોતાં. આ પરીક્ષામાં ઉચ્ચ ગુણથી પાસ થયેલા ઉમેદવારોને ધોરણ 1થી 5ના શિક્ષક તરીકે પસંદગી કરાશે.



10.30 વાગ્યાની આસપાસ અમદાવાદના અજીતમીલ ચાર રસ્તા પાસે હિંમતનગરથી ટેટ-1ની પરીક્ષા આપવા આવેલા બે પરીક્ષાર્થીને અકસ્માત નડ્યો હતો. રસ્તો ક્રોસ કરતા સમયે હ્યુંડાઈ અલ્કાઝર ગાડી GJ-27-EC-4072ના કારચાલકે અડફેટે લેતા બંન્ને પરીક્ષાર્થીને ઈજા પહોંચતા તાત્કાલિક શારદાબેન હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. આ સાથે જ પોલીસે કારચાલકને ઝડપી પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો.

રાજકોટના સંત કબીર રોડ ઉપર આવેલી મુરલીધર વિદ્યાલયમાં 200 ઉમેદવારોને 11:30 બાદ એન્ટ્રી આપવામાં આવી હતી, જેને લીધે વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પરીક્ષા કેન્દ્રોમાં એન્ટ્રીનો સમય 11:00 વાગ્યાનો રાખવામાં આવ્યો હતો, પરંતુ ઉમેદવારોને 11:30 વાગ્યા સુધી એન્ટ્રી આપવામાં આવી ન હતી. ઉમેદવારોને લાંબો સમય સુધી પરીક્ષા કેન્દ્રની બહાર બેસી રહેવું પડ્યું હતું. અમદાવાદ ગ્રામ્યમાં ગુજરાતી માધ્યમમાં 11,888 ઉમેદવારે પરીક્ષા આપી છે, જેમાં અલગ-અલગ 58 સેન્ટર પર પરીક્ષાનું આયોજન કરાયું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

